بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧/એપ્રિલ/૨૦૧૬**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૪, સળંગ અંક : ૧૪૮



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | દૌલતનો સહીહ ઉપયોગ કરો | 02 |
| 02 | ગુમરાહોને ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ નો સંદેશ | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 05 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 15 |
| 06 | ગલતફહમી તથા તેની સુધારણા | 17 |
| 07 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 19 |
| 08 | સર્વ શ્રેષ્ઠ અખ્લાકવાળા આપણા નબી صلی اللہ علیہ وسلم | 22 |
| 09 | હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના અકીદાઓ | 28 |
| 10 | શબે મેઅરાજના નવાફિલ | 36 |
| 11 | શું ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવી પણ બિન ઈસ્લામી ?! | 37 |
| 12 | હઝરત અલ્લામા ગુલામરસૂલ સઈદી ચલ બસે ! | 41 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


**મન્કબત : હઝરત મીરાં સૈયદઅલી દાતાર رحمۃ اللہ علیہ**
**પેશકશ : અલી મુહમ્મદ બાબી ''ગુલનાર'' (પોરબંદર)**

તુમ સુલૈમાન સી ઈક શાન લિયે બૈઠે હો
સાહિબે તખ્ત હો ઐવાન લિયે બૈઠે હો
આલમે ગૈબ સે તુમ અપની વિલાયત મેં વલી
દૌલતે દીન ઔર ઈમાન લિયે બૈઠે હો
હમને દારા-વ-સિકંદર સે ફઝૂતર દેખે
ઐસે તુમ સેંકળોં દરબાન લિયે બૈઠે હો
મલિકુલ મુલ્કને બખ્શા હૈ તુમ્હેં વો રૂત્બા
શમ્એ નૂર હૈ કુર્આન લિયે બૈઠે હો
મર્દે મૈદાં હો મુજાહિદ હો શહીદે અકબર
અપને અસ્લાફ કી પહચાન લિયે બૈઠે હો
બુતકદા કાંપ ઉઠા વો તેરી શૌકત મીરાં
પરચમે દીન કી ઝીશાન લિયે બૈઠે હો
હો મુબારક તુમ્હેં યે શાને કરીમી હૈ અલી
હાદીયે દીન કા ફર્માન લિયે બૈઠે હો
બાતિલે સહર હો ઔર દાફએ અમરાઝ હો તુમ
જિન વ આસેબ કે ઝિન્દાન લિયે બૈઠે હો
રોઝો શબ કશ્ફો કરામત કા હો જિસ સે ઝહૂર
ઐસે કુછ ઔર ભી સામાન લિયે બૈઠે હો
એક **'ગુલનાર'** ક્યા લાખોં હૈં સવાલી દર પર
આપ દાતાર હો મહેમાન લિયે બૈઠે હો

# દૌલતનો સહીહ ઉપયોગ કરો

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

અતિશય આશ્ચર્ય તથા હેરતની વાત છે કે જન્મજાત મુસલમાન આજ સુધી કુર્આને મુક઼દ્દસના નુઝૂલના મક઼સદો નથી સમજી શક્યો. જો કોઈ સામાન્ય મુસલમાનને કુર્આને મુક઼દ્દસના વિશે પૂછવામાં આવે કે આ કિતાબ શા માટે નાઝિલ થઈ? તો મોટાભાગે એ જ જવાબ મળશે કે સવાબ પામવા અથવા ઈસાલે સવાબના માટે આ કિતાબ નાઝિલ થઈ. જ્યારે કે કુર્આને મુક઼દ્દસ પોતાની અઝમત તથા મક઼સદ આ પ્રમાણે વર્ણવે છે :

''બેશક ! કુર્આન હિદાયતનો માર્ગ બતાવે છે જે સૌથી સીધો છે અને ખુશી સંભળાવે છે ઈમાનવાળાઓને જેઓ સારાં કામ કરે, કે એમના માટે મહાન સવાબ છે.'' *(અસ્રા–૯, કન્ઝુલ ઈમાન)*

રાહે હિદાયતથી ભટકેલા હોય કે પરેશાનીઓમાં ઘેરાયેલા માનવો, દરેકના માટે કુર્આને મુક઼દ્દસ સૌથી વિશેષ સીધી રાહ દેખાડનારી કિતાબ છે. પણ અફસોસ! આપણી પાસે કુર્આને મુક઼દ્દસ જેવી મહાન કિતાબ હોવા છતાં મુસલમાન રાહે નજાતની તલાશમાં ન જાણે કયા કયા દરવાજાઓ પર ટકોરા મારતો જોવા મળે છે. આજે હું કુર્આને પાકની કેવળ બે મુક઼દ્દસ આયતો વડે સમાજમાં ફેલાય રહેલા એક ગલત ખયાલની સુધારણાની કોશિશ કરીશ.

શું માલદારોને અલ્લાહ તઆલાએ અધિકાર આપ્યો છે કે પોતાના માલને જે રીતે ચાહે ખર્ચ કરે ? આજના માલ દૌલતવાળા વર્ગને દૌલતના પ્રદર્શન અને ફુઝૂલ ખર્ચીથી રોકવામાં આવે તો તેઓ ઉઘાડે છોગે કહેતા જોવા મળે છે : ''શું અમે અમારી કમાયેલી દૌલત પણ અમારી મરજીથી ખર્ચી નથી શક્તા ?'' આવું કહેનારા તથા વિચારનારાઓએ કુર્આન મજીદની રોશનીમાં જાણવું જોઈએ કે આ પ્રકારની વિચારધારા ક્યા લોકોની છે. કુર્આન વર્ણવી રહ્યું છે કે જ્યારે હઝરત શોએબ عليه السلام એ પોતાની ક઼ૌમને માલ તથા દૌલતના સહીહ ઉપયોગનો હુકમ આપ્યો અને ખર્ચ કરવાની ગલત જગાઓને નિર્દેશ કર્યો તો તેમણે જવાબ આપ્યો : ''બોલ્યા, હે શોએબ ! શું તમારી નમાઝ તમને એવો હુકમ આપે છે કે અમે અમારા બાપદાદાના ખુદાઓને છોડી દઈએ અથવા અમારા માલમાં જે ચાહીએ તે ન કરીએ. હા જી ! તમે ઘણા બુદ્ધિમાન નેકચલન છો.'' *(હૂદ–૮૭)*

કાફિરોએ જે વાત હઝરત શોએબ عليه السلام ને કહી કહી, આજે મુસલમાન પણ એ જ કહેતો જોવા મળે છે. ઈલ્લા માશાઅલ્લાહ !

એ વાત યાદ રાખશો કે દૌલત આવે છે તો ફુઝૂલખર્ચી અને અલ્લાહનાં નાપસંદીદા કામોમાં ખર્ચ કરવાનો જઝબો પણ પેદા થઈ જાય છે, જેથી ખબરદાર! માલ જરૂર કમાવ, બલ્કે એના માટે બજારો તરફ જાવ, પરંતુ માલ મળવા પર ઘમંડ ન કરો, અને ન એને હરામ તથા નાજાઈઝ કામોમાં ખર્ચ કરો, બલ્કે ક઼ાનૂને ઈલાહીને લક્ષમાં રાખો, નહીં તો વસ્તીઓ તબાહ થઈ જશે, અને નાક઼દરી તથા નાશુક્રીના કારણે નેઅમતોના ચાલ્યા જવાનો ખૌફ પણ છવાયેલો રહેશે. દૌલતના મળવા પર ન તો ઘમંડ કરવો જોઈએ, ન તો તકબ્બુરમાં સપડાવું જોઈએ, એટલા માટે કે એ અલ્લાહ સુબ્હાનહૂ તઆલાને બેહદ નાપસંદ છે અને તબાહીનો સબબ પણ છે. કુર્આને પાકમાં રબ તઆલાનું ફર્માન છે : ''અને કેટલાંય શહેરો અમે હલાક કરી નાખ્યાં જેઓ પોતાના એશ પર ઘમંડમાં આવી ગયાં હતાં. તો આ છે એમનાં મકાનો કે એમના બાદ એમનામાં રહેઠાણ ન થયું પણ ઓછુ, અને અમે જ વારસ છે.'' *(ક઼સસ–૫૮)*

દૌલત પર નાઝ કરવો અને પોતાની મરજી મુજબ ખર્ચ કરવો એ તબાહીનો સબબ છે. અલ્લાહ عزوجل આપણને સૌને રહ્મતે આલમ ﷺ ના સદક઼ામાં પોતાની આપેલી નેઅમતોની ક઼દર કરવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, એપ્રિલ–૨૦૧૬)*

સર્વ ફિર્કા તથા વિધર્મીઓ સાથે એકતાના
ચાહકો તથા જૂઠા સૂફીઓ એવા સર્વ....

# ગુમરાહોને ખ્વાજા ગરીબનવાઝ (رحمۃ اللہ علیہ)નો સંદેશ

**ખુદાવંદા યહ તેરે સાદા લોહ બંદે કિધર જાએેં ?!**
**કે સુલ્તાની ભી અય્યારી હય દુર્વેશી ભી અય્યારી ?!**
*(સાદા લોહ = ભોળાભાળા, અય્યારી = પ્રપંચી)*

**તંત્રી લેખ.....**

આજકાલ 'ગુજરાત ટુ ડે' દૈનિકમાં તેમજ અન્ય અખ્બારોમાં મુસ્લિમ કૌમના બની બેઠેલા કેટલાક લીડરો તથા અમુક બિકાઉ મોલ્વીઓએ "મુસ્લિમ એકતા"ના નામે સમગ્ર કલ્મા ગો હઝરાતને એ સબક આપવાનો જાણે ઠેકો લઈ લીધો છે કે, "વાડાબંધી દૂર કરો ! ફિર્કાબંદી દૂર કરો ! કલમાની બુનિયાદ પર સૌ એક થઈ જાવ ! આપસમાં ભાઈ ભાઈ બની જાવ !" વગેરે... જાહેરી રીતે જોતાં તો આ ખયાલ ઘણો જ સારો તથા લોભામણો છે, પણ એની ભીતર ખૂબ જ ભયાનક અને દુનિયા તથા આખેરતના માટે અનહદ નુકસાનકર્તા છે. સર્વ મુસલમાનો એક થવા જ જોઈએ, પણ એક થનારા "મુસલમાન" પણ તો હોવા જોઈએ ! કેવળ કલ્મો પઢી લેવાથી "મુસલમાન" નથી રહેવાતું, પણ કલમો પઢતાંની સાથે જ જે પાબંદીઓ મુસલમાન પર લાગુ થાય છે તેનો પાબંદ પણ તો તે હોવો જોઈએ. કુર્આન હદીષમાં અલ્લાહ عزوجل વિશે, રસૂલે પાક ﷺ વિશે તથા સહાબાએ કિરામ તેમજ અવલિયાએ કિરામ رحمۃ اللہ تعالی علیہم اجمعین વિશે શું માન્યતા રાખવી જોઈએ તેનો નિર્દેશ કરેલો છે. તેના પર દિલથી ચુસ્તપણે કલમો પઢનાર ચાલે ત્યારે તો મુસલમાન રહેશે, અને એનાથી ઉલ્ટો ગયો તો ફક્ત કલ્મો પઢવું તેને કાંઈ જ કામ આવશે નહીં.

## ★ શું આવા અકીદાવાળાઓ સાથે એકતા કુર્આન હદીષમાં જાઈઝ છે ? ★

પ્રિય વાંચકો ! એક વાત ધ્યાનપૂર્વક દિલના કાનો વડે સાંભળી લો કે ઈન્સાનમાં ઈમાન હોવાની કસૌટી કોઈ હોય તો તે "મહબ્બતે રસૂલ" અને "તા'ઝીમે રસૂલ" (ﷺ) જ છે. "અલ્લાહ એક છે" એવું કહેનારા સર્વ કલમો પઢનારા છે, બલ્કે યહૂદી ઈસાઈમાં અસલ મઝહબમાં અલ્લાહને એક માનનાર મળશે. વિખવાદ અહીંથી થયો કે મુહમ્મદ મુસ્તફા ﷺને નબી માનવા અને તેમની તા'ઝીમ કરવી, તેમનાથી મહોબ્બત કરવી, એ તેઓ નથી કરતા. "અહલે સુન્નત વ જમાઅત" મુબારકબાદને પાત્ર છે. હે સુન્નીઓ ! તમે મુબારકબાદને પાત્ર છો કે તમારા સિવાય કોઈ ફિર્કા કે કોઈ મઝહબમાં નબી ﷺની તા'ઝીમ તથા મહોબ્બત નથી. અને ખુદ હુઝૂર ﷺનું ફર્માન છે કે, "જ્યાં સુધી તમો તમારા મા બાપ, ઔલાદ, ભાઈ બહેન તેમજ સર્વ લોકો કરતાં, બલ્કે પોતાની જાન કરતાં પણ હુઝૂર ﷺને અધિક ન ચાહો તો તમો મુસલમાન નથી."

સારાંશ કે મો'મિન તે છે જે જાનથી પણ અધિક પોતાના નબીને ચાહનાર હોય છે. હવે વિચારો કે શું કુર્આન હદીષથી વિરુદ્ધ જઈને આવા અકીદાવાળા લોકો નબી ﷺને ચાહનાર ગણાશે ? અને તેમના શબ્દોમાં શું નબી પાક ﷺની તા'ઝીમ છે કે તૌહીન ?! અને શું નબી પાક ﷺની તૌહીન કરનારો ઈસ્લામી વર્તુળમાં બાકી રહેશે ?

**દેવબંદીઓના અક઼ીદા :-**

- ❑ હુઝૂર (ﷺ)નો ઈલ્મ બાળકો, પાગલો તથા ચોપગાં જાનવરો જેવો છે. *(હિફ્ઝુલ ઈમાન, અઝ : અશરફ અલી થાનવી)*
- ❑ હુઝૂર (ﷺ)ને દીવાલ પાછળની ખબર નથી. *(બરાહીને કાતિઅહ, અઝ : ખલીલ અહમદ અંબેઠવી)*
- ❑ અને એ અક઼ીદો રાખવો કે આપ એટલે હુઝૂર (ﷺ)ને ગયબનું ઈલ્મ હતું એ "સ્પષ્ટ શિર્ક" છે. *(ફતાવા રશીદિયા, ભાગ : ૨, પેજ : ૪૧, ગંગોહી)*
- ❑ **તેમજ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે :** ક઼બરો અને થાનકોની ઝિયારત માટે દૂર દૂરથી પ્રવાસ ખેડીને જવું ખુલ્લુ શિર્ક છે.
- ❑ જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી.
- ❑ નબી વલીને ઈલ્મે ગયબ હોવો, ઈખ્તિયાર હોવો, તે મદદ કરી શકે.....વગેરે માનવું શિર્ક છે. અલ્લાહના આપવાથી પણ એ ખૂબીઓ તેમનામાં હોવાનું માનવું પણ "શિર્ક" છે.
- ❑ નબીની તા'ઝીમ કેવળ માનવ જેટલી જ કરવામાં આવે બલ્કે એમાં પણ કમી કરવી.
- ❑ નબીને ગામના ચૌધરી સમાન સમજવા, તથા હુઝૂર આપણા "મોટાભાઈ" છે.
- ❑ નબી વલીથી મદદ માગનાર "અબૂ જહલ" જેવો "મુશ્રિક છે.
- ❑ નબી વલી વિશે એવું માનવું કે, "જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે. અને મારા દિલના વિચારો, અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે. આ બધી વાતોથી "શિર્ક" સાબિત થાય છે.
- ❑ મહાનથી મહાન ઈન્સાન (નબી કે વલી) અલ્લાહ તઆલાની ઉચ્ચ શાન સામે "ચમારથી પણ વધુ ઝલીલ" છે.
- ❑ દરેક મખ્લૂક઼ ચાહે તે નાનો હોય કે મોટો (નબી કે વલી) અલ્લાહની શાન સામે "ઢેડ ચમારથી પણ વધુ નીચ" છે.
- ❑ નબી પોતાના માટે પણ નફા નુકસાનના માલિક નથી તો બીજાને શું મદદ કરી શકે ?!
- ❑ નબી (ﷺ)ને પોતાના અંજામની પણ ખબર નથી ! ક઼બરમાં આખેરતમાં શું થશે તે પોતાના માટે નથી જાણતા તો અન્યનો હાલ શું જાણે ?
- ❑ રસૂલના ચાહવાથી કાંઈ જ નથી થતું ! ❑ રસૂલને ગયબની શું ખબર ! *(તક઼વિયતુલ ઈમાન)*
- ❑ જે માનવી રસૂલુલ્લાહ (ﷺ) માટે ઈલ્મે ગયબ હોવાનું સાબિત કરે તેની પાછળ નમાઝ નાદુરુસ્ત છે, કેમ કે એવું સાબિત કરવું કુફ્ર છે. *(ફતાવા રશીદિયા–ગંગોહી)*
- ❑ આપણા નબી ખાતમુન્નબિય્યીન (ﷺ) પછી પણ નબી પેદા થઈ શકે છે. *(તહઝીરુન્નાસ, ક઼ાસિમ નાનોત્વી)*
- ❑ અલ્લાહ જૂઠુ બોલી શકે. ❑ હુઝૂર (ﷺ) કરતાં શૈતાનનો ઈલ્મ વધારે. *(બરાહીને કાતિઆ, ખલીલ અંબેઠવી)*

**વહાબી અહલે હદીષ કહેવાતા ફિર્ક઼ાના અક઼ીદા :** આ બદ્અક઼ીદાઓના અક઼ીદા પણ દેવબંદી જેવા જ છે, જે ઉપર વર્ણન થયા. તદ્ ઉપરાંત તેમનો અક઼ીદો છે કે :–

- ❑ તેમના અનુયાયી સિવાય સર્વ મુસલમાનો કાફિર મુશ્રિક છે, જેમ કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ

નજદીએ કહ્યું કે, "મારા તમામ ઉસ્તાદ અને ઉસ્તાદોના ઉસ્તાદ, ત્યાં સુધી કે ૬૦૦ વરસ સુધી બધી ઉમ્મત કાફિર તથા મુશ્રિક રહી !"

❑ હુઝૂર ﷺના રોઝા મુબારક તરફ ઈશારો કરીને કહ્યું કે આ સનમે અકબર (મહાન મૂર્તિ) છે !

❑ તેના એક અનુયાયીએ કહ્યું કે મારી આ લાઠી મુહમ્મદ (ﷺ)થી બેહતર છે કે સાપ મારવા કામ લાગે છે.

તેમજ વહાબીઓએ સહાબા, તાબઈન, તબે તાબઈનના સમયથી બનેલાં મઝારો, ગુંબદો પર ઈ.સ. ૧૯૨૪માં શિર્કના નામે બુલડોઝર ફેરવી જમીન સપાટ કરી આપી, જેમાં મહાન સહાબા, અહલે બયત, અઝવાજે મુતહ્હરાતનાં મઝારો જમીનથી મિલાવી દીધાં. રસૂલુલ્લાહ ﷺનાં વાલિદા હઝરત આમિના رضی اللہ عنہاના મઝારને પણ અબ્વા સ્થળે તોડી નાખ્યું.... તેમજ મક્કા મદીનામાં તેમણે કરેલ બેઅદબીઓનો ઈતિહાસ જાણવા વાંચો "રહનુમાએ હક્ક઼" તથા "હક્ક઼ નાહક્ક઼ની પહેચાન" (દયાદરાથી મળશે). તે ઉપરાંત કહેવાતા અહલે હદીષ વહાબીઓ નબી વલીની ખુલ્લમ ખુલ્લા ગુસ્તાખી કરતાં બયાનો, લખાણો રોજ બરોજ કરી રહ્યા છે જે નેટ પર પણ જોવા મળે છે. તેઓ ચાર ઈમામોમાંથી કોઈ ઈમામની તકલીદ કરવાને શિર્ક કહે છે. તેમજ વહાબી દેવબંદી સર્વે "મીલાદે મુસ્તફા ﷺ" મનાવવાને તથા બુઝુર્ગોની નિયાઝ, ફાતેહાને નાજાઈઝ બલ્કે શિર્ક કહે છે. કબરો પર ફૂલ ચઢાવવાને, વલીના મઝાર પર ચાદર ચઢાવવાના બાબતે.....સુન્નીઓને ક઼બર પૂજક કહે છે. મઆ઼ઝલ્લાહ !....વગેરે

**શીઆ ફિર્કાના અકીદા :-**

❑ તેઓ માને છે કે કુર્આનના ૪૦ પારા હતા, ૧૦ પારા ગાયબ કરી દેવામાં આવ્યા છે જેમાં અહલે બયતની ફઝીલતનું વર્ણન હતું. (આ અકીદો ખુદાના ફમાન કે, "આ કિતાબમાં કોઈ શક નથી"ના વિરુદ્ધ છે.)

❑ અબૂબક્ર, ઉમર, ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعینની ખિલાફતને નથી માનતા, બલ્કે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماને કાફિર ગણે છે. ❑ હુઝૂર (ﷺ) કરતાં હઝરત અલી رضی اللہ عنہને અફઝલ માને છે.

❑ તેમની માન્યતા છે કે નબી તો હકીકતમાં અલી હતા પણ જિબ્રઈલ علیہ السلام ભૂલથી હુઝૂર પર નાઝિલ થયા....વગેરે.

સારાંશ કે હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના દૌરથી જે અકીદા તથા માન્યતાઓ હતી અલ્લાહ વિશે, રસૂલ વિશે, બુઝુર્ગો વિશે.... તેનાથી વિરુદ્ધ અકીદા તથા માન્યતાઓ ઘડીને આ **વહાબી, દેવબંદી, અહલે હદીષ, શીઆ, મૌદૂદી કહેવાતા જમાઅતે ઈસ્લામી, નેચરી અહલે કુર્આન કહેવાતા....સર્વ ફિર્કા "અહલે સુન્નત વ જમાઅત" કે જે એક જન્નતી ફિર્કો છે બાકીના ૭૨ ફિર્કા તેમની શાખો સહિત ઈસ્લામથી અહલે સુન્નતથી ઉપર દર્શાવ્યા તેવા અકીદા ઘડી બહાર નીકળી ખુદ જહન્નમી બની ગયા. તો હવે તેમની સાથે કઈ રીતે એકતા થઈ શકે ?!** હા ! તેઓ સૌ પોતાના અકીદાથી તૌબા જાહેર કરે, તેમના મરી પરવારેલા ગુસ્તાખ મોલ્વીઓને કાફિર જાહેર કરે અને નવેસરથી કલ્મો પઢી અહલે સુન્નતના અકીદા અપનાવે તો એકતા શક્ય છે, પછી તે સુન્ની મુસલમાનોના ભાઈ ભાઈ છે. **વાડાબંધી કરીને, ફિર્કાબંધી કરીને તો તેઓ ખુદ અલગ થયા તો પછી તેમને ભાઈ ભાઈ કે મુસલમાન સમજવાથી તો સુન્નીઓનું પણ ઈમાન રહેશે નહીં.** આ એકતા એવી છે કે જાન માલની ફિકરમાં ઈમાન જ ગુમાવી દેવું !

**એટલી એકતા થઈ શકે** કે ગવર્નમેન્ટ સામે કોઈ સમસ્યા રજૂ કરવા પૂરતા સૌ ફિર્કાવાળા સામૂહિક રજૂઆત કરે. કેમ કે ગૈરો તો દરેક કલ્મા ગોને મુસલમાન સમજે છે જેથી એટલા પ્રસંગ પૂરતો ટેકો આપી શકાય, બાકી સૌને ભાઈ ભાઈ સમજવા, સૌને મુસલમાન સમજવા, સૌને જન્નતી સમજવા એવી એકતા ઈમાનને બર્બાદ કરનારી છે.

## ★ નબી વલીના ગુસ્તાખોને ખ્વાજા સાહબનો સંદેશ ! ★

અતાએ રસૂલ સુલ્તાનુલ હિંદ, ખ્વાજા ગરીબનવાઝ હઝરત મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ નબી કરીમ ﷺના રોઝા મુબારકની હાજરીની નિય્યતે મદીના શરીફ જાય છે અને ત્યાંથી નબી કરીમ ﷺ તરફથી હુકમ થાય છે કે આપ હિંદુસ્તાન જાવ અને દીને ઈસ્લામની તબ્લીગ કરો. આપ આ હુકમના પાલનમાં હિંદુસ્તાન આવ્યા અને અજમેર શરીફમાં રહીને આપે ૯૦ લાખ લોકોના દિલોમાં ઈમાનની જ્યોત જલાવીને કુફ્રના ઘનઘોર અંધકારમાં ઈમાન તથા ઈસ્લામની રોશની ફેલાવી.

ત્યારે દુનિયામાં આ અહલે હદીષ કહેવાતા વહાબી, દેવબંદી, કાદયાની... વગેરે બદઅકીદા ફિર્કાઓનું અસ્તિત્વ પણ ન હતું. એ સમયે ખ્વાજા સાહબ જે રોઝએ રસૂલ ﷺ પર ગયા અને પોતાની સલામી પેશ કરી. એ બાબતથી મુસલમાનોને સંદેશો મળે છે કે **નબી પાક ﷺની કબ્રે અનવર પર હાજરી આપવી શિર્ક નથી બલ્કે ઈમાન છે.** તેમજ આપ અજમેર શરીફ પહોંચ્યા તે પહેલાં આપે લાહોરમાં હઝરત દાત ગંજબખ્શ હિજવિરી رحمۃ اللہ علیہના મઝારે પાક પર હાજરી આપીને ૪૦ દિવસ ત્યાં ચિલ્લો કર્યો. એ દર્શાવે છે કે **બુઝુર્ગોના મઝાર પર હાજરી આપવી શિર્ક નથી બલ્કે બરકત પામવાનો સબબ છે.**

તેમજ વહાબી દેવબંદી અકીદો કે, "હુઝૂર ﷺને ઈલ્મે ગયબ નથી, આપને દીવાલ પાછળની ખબર નથી, ઈલ્મે ગયબ માનવું શિર્ક છે, યા રસૂલલ્લાહ ! (ﷺ) કહેવું શિર્ક છે, હુઝૂર ﷺ મરીને માટીમાં મળી ગયા....વગેરે."

જ્યારે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ નબી કરીમ ﷺને રોઝા મુબારક પર જઈને સલામ અર્ઝ કરી, **અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !** ﷺ રોઝા મુબારકથી જવાબ આવ્યો : **વઅલૈકુમુસ્સલામ ! મુઈનુદ્દીન હસન !**

તેમજ આપને ખ્વાબમાં નબી કરીમ ﷺ તરફથી હિંદ જવાનો હુકમ થયો. જ્યારે આપે અર્ઝ કરી કે હું એનાથી અજાણ છું તો હિંદનો પૂરો નકશો બતાવી દેવામાં આવ્યો. આ વાતો શું પયગામ આપે છે ?! એ જ કે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો અકીદો હતો કે નબી કરીમ ﷺ પોતાની કબ્ર મુબારકમાં જીવંત છે, સલામનો જવાબ આપે છે, મરીને માટી નથી થઈ ગયા ! મુસલમાનોની રહનુમાઈ ફર્માવે છે, ઈસ્લામની તબ્લીગનો હુકમ આપે છે, આપ ﷺને ઈલ્મે ગયબ છે ત્યારે જ તો જાણી લીધું કે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ આપ ﷺની કબ્રે અન્વર પાસે હાજર છે તેમજ હિંદનો નકશો પણ દર્શાવી દીધો ! શું આ ઈલ્મે ગયબ નથી ?!

હવે આજકાલ પેદા થયેલા સર્વ બાતિલ ફિર્કાવાળાઓ વહાબી દેવબંદી....વગેરે જણાવે કે **શું ખ્વાજા સાહબે મઆઝલ્લાહ ! શિર્ક કર્યું હતું ?!**

## ★ નબી ﷺના ગુલામમાં આ ઈખ્તિયાર છે તો ખુદ નબીનું તો શું કહેવુ ?! ★

સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને અલ્લાહ તઆલાએ ઈખ્તિયારવાળા બનાવ્યા હતા. અજમેરમાં એક સ્થળેથી ખ્વાજા સાહબને રાજા પૃથ્વીરાજ ચૌહાણના માણસો ઉઠવાનું કહે છે કે અહીં રાજાનાં ઊંટો બેસે છે. તો આપ ત્યાંથી આમ કહીને ઉઠી જાય છે કે, "ભલે ! બેઠાં રહે !" તો ખરેખર તે ઊંટો ત્યાંથી પછી ઉઠી શક્તાં નથી. છેવટે રાજા સુધી વાત પહોંચે છે કે એક ફ઼કીરને ત્યાંથી ઉઠાડતાં આ શબ્દો કહ્યા હતા. તો રાજા તેના માણસોને ખ્વાજા સાહબથી માફી માગવા કહે છે. આપ તેમને માફ કરી આપે છે, ત્યારબાદ ઊંટો ઉઠી શકે છે.

અનાસાગરના કિનારે જ્યારે રાજાના માણસો ખ્વાજા સાહબને પાણી લેવાથી પાબંદી લગાડે છે, તો ખ્વાજા સાહબ તેમના ખાદિમને એક કૂજો તેમાંથી ભરી લાવવા કહે છે. બસ ! એક કૂજામાં પૂરા અનાસાગરનું પાણી સમાય જાય છે અને એ તળાવનું પાણી ખત્મ થઈ જાય છે. લોકો પાણી માટે વલખાં મારે છે ત્યારે રાજાના માણસોની વિનવણી પર કૂજો ફરી અનાસાગરમાં નાખતાં તે પહેલાં જેમ પાણીથી ભરાય જાય છે.

તેમજ જયપાલ જોગીના જાદૂના સર્વ ખેલો ખ્વાજા સાહબ સામે નિષ્ફળ જાય છે ત્યારે છેવટે તે મુસલમાન થઈ જાય છે....વગેરે અનેક કરામતો શું દર્શાવે છે કે ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ રબની અતાથી ઈખ્તિયારવાળા છે.

જ્યારે અલ્લાહના વલીમાં આવા ઈખ્તિયાર છે તો શું રબ તઆલાએ પોતાના મહબૂબ ﷺને કોઈ ઈખ્તિયાર નથી આપ્યા ?! બલ્કે કુર્આન હદીષથી નબી કરીમ ﷺના બાઈખ્તિયાર હોવાની દલીલો તથા બનાવો સાબિત છે. સહાબાએ કિરામ નબી ﷺને બાઈખ્તિયાર નબી માનતા હતા.

## ★ જૂઠા બનાવટી સૂફીઓને ખ્વાજા સાહબનો સંદેશ ★

સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનું જીવન ચરિત્ર વાંચી જાવ. આપે કોઈ ગૈર મેહરમ સ્ત્રી પર નિગાહો નથી માંડી ન કોઈ યુવતીને સામે બેસાડી, ન મહેલો બંગલાઓ કે ફાઈવ સ્ટાર હોટલોમાં રહ્યા ! ન પોતાના નામ આગળ "સૂફી સંત" ટાઈટલ લગાડતા હતા, ન એના આગ્રહી હતા. આપ ફ઼કીરી જીવન જીવતા હતા, લૂખી સૂકી રોટીઓથી ગુજારો કરતા હતા, ખુલ્લા આકાશ હેઠળ કે ઝુપડામાં રહેતા રહેતા હતા. જ્યારે આજના કહેવાતા "સૂફી સંતો" તંદુરી વિના ખાતા નથી, AC વિના રહેતા નથી, એશ આરામથી જીવે છે, બેપર્દા ઔરતો સામે બેસે છે, ભપકાદાર ડ્રેસોમાં ટીપટોપના ખયાલ સાથે રહીને કોઈ કલાકારની જેમ જીવે છે. વળી શરીઅતની પાબંદી નહીં, બલ્કે ખુલ્લમ ખુલ્લા શરીઅત વિરૂધ્ધ વર્તે છે... છતાં પોતાને "સૂફી સંત" કહેવડાવે છે. એવા બની બેઠેલા સૂફીઓ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہના જીવનનો અભ્યાસ કરે અને સાચો "સૂફી સંત" કેવો હોય છે તે સમજે.

સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہના હુસ્ને અખ્લાક઼ તથા આપની હૈરતનાક કરામતોથી અનેક લોકો બલ્કે મંદિરના પૂજારીઓ પણ મુસલમાન થવા લાગ્યા, તો રાજા પૃથ્વીરાજને પોતાના અસ્તિત્વની ફિકર પડી. તો તેણે ખ્વાજા સાહબને બહેકાવવા પોતાની ખૂબસૂરત પુત્રી રાજકુમારીને આપની સેવામાં મોકલી. પણ ખ્વાજા સાહબ તો ઈબાદત, તિલાવતમાં લીન રહેતા. તેણી પ્રતિ કાંઈ જ ધ્યાન ન આપ્યું. પરિણામ છેવટે એ આવ્યું કે તે રાજકુમારી પણ મુસલમાન થઈ ગઈ ! આજે તો સ્ટેજો પર સ્ત્રીઓ તથા રાજકરણી સર્વ ક઼ૌમના, સર્વ ફિર્ક઼ાના હોય તેમની સાથે બેસીને, લેકચરો સાંભળીને વાહ વાહ કરે છે ! આને કહેવાય "જૂઠા સૂફી !" મુસલમાનો ! ધોકામાં ન રહો ! ઈસ્લામના ક઼ાનૂન વિરૂધ્ધ

વર્તનાર, આપણા મહાન બુઝુર્ગો ખ્વાજા સાહબ વગેરે વિરૂધ્ધ વર્તનાર "સૂફી સંત" નથી પણ "શૈતાનના ચેલા" છે એ યાદ રાખશો.

આજે કહેવાતી **"ઓલ વર્લ્ડ સૂફી કોન્ફ્રન્સો"** યોજાઈ રહી છે જેમ કે હાલ દિલ્હીમાં છે, અને કહેવાય છે કે તેમાં દેશ વિદેશના **"સૂફીઓ મશાઈખો"** આવશે. પણ એમાં અમે એવા ચહેરા પણ જોઈ રહ્યા છીએ જેઓ "ગૌ પૂજા" કરી ચૂક્યા છે, શિર્કિયા ભજન મંડળીઓમાં હાજરી આપનારા "સૂફી સંતો" પણ છે, અને હદ તો એ છે કે પોતાના તરફથી ઓફર કરીને આગ્રહપૂર્વક હિંદુ, શીખ, બૌધ્ધ, ક્રિશ્ચયન...વગેરે ધર્મના ગુરૂઓને એવું કહેનાર "સૂફી સંત" પણ મૌજૂદ છે જેણે તેમને કહ્યું, **"તમારા ધર્મ પ્રમાણે તમે તમારા માલિક (ભગવાન, લૉર્ડ)ને તમારા પોતાના રિવાજ તથા ધર્મ પ્રમાણે યાદ કરો (પુકારો) !"** તો દરેકે પોતાના ભગવાનને મઅબૂદોને પુકારી **"કુફ્રી કલામો" ઉચ્ચાર્યા.** *(વેમ્બલી–લંડન, સર્વ ધર્મ કોન્ફરન્સ, તા. ૨૪–૯–૨૦૧૧)*

આવો ! "સૂફી સંત" કેવા હતા તે જોઈ લો ! ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના કમાલોથી આપ વાકેફ જ છો કે તેમણે જે "વેમ્બલી કોન્ફ્રન્સ"માં કહેવાતા "સૂફી સંતે" જે "કુફ્રી કલામો" જાતે પ્રોત્સાહિત કરીને કાફિરો પાસે બોલાવ્યાં, તે જ કુફ્રી વાણીની રટ લગાડનારા પૂજારીઓને મુશ્રિકોને તૌબા કરાવીને એક અલ્લાહનો કલ્મો પઢાવી મુસલમાન બનાવી દીધા. એટલું જ નહીં સાથોસાથ ખ્વાજા સાહબના પીરો મુર્શિદ "સાચા સૂફી સંત" હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનો આ પ્રસંગ પણ જોઈ લો.

હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ પોતાના મુરીદ ખ્વાજા સાહબને મળવા હિંદની સફરમાં હતા. માર્ગમાં એક વસ્તીમાં પહોંચ્યા અને એક ઠેકાણે પડાવ નાખ્યો. પોતાના ખાદિમને ચૂલો સળગાવવા આગ લેવા મોકલ્યો. નજીકમાં અગ્નિપૂજકોનો અગ્નિકુંડ હતો. પણ તેમણે આગ આપવા ના પાડી. તો હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ જાતે ત્યાં પહોંચ્યા અને પૂછયું કે તમે આ આગને કેમ પૂજો છો ? કહ્યું કે એ અમને દોઝખની આગથી બચાવશે. આપે કહ્યું, સારું ! તમે એને થોડીવાર હાથમાં પકડી જુઓ. તો કહ્યું, હઝરત ! આ આગ છે એની ફિત્રત બાળવું છે જેથી અમને સળગાવી દેશે ! આપે ફર્માવ્યું, જે અહીં તમને નથી બચાવી શક્તી તે દોઝખમાં કેવી રીતે બચાવશે ? આમ કહીને આપ એમના એક બાળકને લઈને આગમાં જતા રહ્યા અને આગમાં બાળકને ખોળામાં લઈને બેઠા. લોકોએ જોયું કે આગે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ તેમજ બાળકને પણ કાંઈ નુકસાન ન પહોંચાડયું. આ કરામત જોઈને સર્વ ગામવાળા મુસલમાન થઈ ગયા.

આ હતા "સાચા સૂફી સંતો !" કે **ગૈરુલ્લાહની પૂજા કરનારાઓના પૂજાસ્થાન પાસેથી પસાર થતા તો તેમને મુસલમાન કરી આપતા, જ્યારે આજના આ "જૂઠા સૂફી સંતો, પીરઝાદા તથા સજ્જાદાઓ" પોતે પૂજા કે આરતી કરતા જોવા મળે છે ! તેની છૂટ આપી પોતે આગ્રહ કરીને કુફ્રી કલામ પણ બોલાવી રહ્યા છે !** તેમજ હુઝૂર ﷺનું તો ફર્માન છે કે, મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાય જશે તેમાંથી કેવળ એક (અહલે સુન્નત) જ જન્નતી છે, જ્યારે આ "સૂફી સંતો" લોકોને એવું મનાવવા મથી રહ્યા છે કે સર્વ ફિર્કાવાળા જન્નતી છે ! મઆઝલ્લાહ ! અલ્લાહ جل جلالہ મુસલમાનોને આવા પ્રચંચી જૂઠા સૂફી કહેવાતા મુજદ્દિદોથી બચાવે. (આમીન)

***નોંધ*** *: આ લેખમાં કોઈએ બંધ બેસતી પાઘડી ન પહેરવા વિનંતિ છે. અમોએ કેવળ ઈસ્લામ તથા શરીઅત વિરૂધ્ધ વર્તતા કહેવાતા સૂફીઓની જ હકીકત દર્શાવી છે. સાચા સૂફીઓના અમો ગુલામ છીએ. –તંત્રી*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ وَهُوَ كُرْهٌ لَّكُمْ ۚ
وَعَسٰٓى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّهُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَ
عَسٰٓى اَنْ تُحِبُّوْا شَيْـًٔا وَّهُوَ شَرٌّ لَّكُمْ ؕ وَ اللّٰهُ
يَعْلَمُ وَ اَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۲۱۶﴾ يَسْـَٔلُوْنَكَ عَنِ الشَّهْرِ
الْحَرَامِ قِتَالٍ فِيْهِ ؕ قُلْ قِتَالٌ فِيْهِ كَبِيْرٌ ؕ وَصَدٌّ
عَنْ سَبِيْلِ اللّٰهِ وَكُفْرٌۢ بِهٖ وَالْمَسْجِدِ الْحَرَامِ ۗ
وَاِخْرَاجُ اَهْلِهٖ مِنْهُ اَكْبَرُ عِنْدَ اللّٰهِ ۚ وَالْفِتْنَةُ
اَكْبَرُ مِنَ الْقَتْلِ ؕ وَلَا يَزَالُوْنَ يُقَاتِلُوْنَكُمْ حَتّٰى
يَرُدُّوْكُمْ عَنْ دِيْنِكُمْ اِنِ اسْتَطَاعُوْا ؕ وَمَنْ
يَّرْتَدِدْ مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَيَمُتْ وَهُوَ كَافِرٌ
فَاُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ
وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۱۷﴾
اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَاجَرُوْا وَجٰهَدُوْا فِىْ
سَبِيْلِ اللّٰهِ ۙ اُولٰٓئِكَ يَرْجُوْنَ رَحْمَتَ اللّٰهِ ؕ وَاللّٰهُ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۲۱۸﴾ يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ ؕ قُلْ
فِيْهِمَآ اِثْمٌ كَبِيْرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ ۫ وَاِثْمُهُمَآ اَكْبَرُ

## સૂરએ બક઼રહની તફસીર

તમારા પર ફર્ઝ થયું અલ્લાહના માર્ગમાં લડવું અને એ તમને નાપસંદ છે[૧૬૩] અને નજીક છે કે કોઈ વાત તમને અણગમતી લાગે અને તે તમારા માટે સારી હોય, અને નજીક છે કે કોઈ વાત તમને ગમે અને તે તમારા માટે ખરાબ હોય, અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા[૧૬૪] (૨૧૬) તમને પૂછે છે હરામ માસમાં લડવાનો હુકમ[૧૬૫] તમે ફર્માવો એમાં લડવું મહાન ગુન્હો છે[૧૬૬] અને અલ્લાહના માર્ગથી રોકવું અને તેના પર ઈમાન ન લાવવું અને મસ્જિદે હરામથી રોકવું અને એના રહેવાસીઓને કાઢી મૂકવા[૧૬૭] અલ્લાહ પાસે આ (બધા) ગુનાહ તેનાથી પણ મોટા છે અને તેમનો ફસાદ[૧૬૮] ક઼ત્લ (કરવા)થી (પણ) વધારે સખ્ત છે[૧૬૯] અને હમેશાં તમારી સાથે લડતા રહેશે ત્યાં સુધી કે જો બની શકે તો તમને તમારા દીનથી ફેરવી નાખે[૧૭૦] અને તમારામાં જે કોઈ પોતાના દીનથી ફરી જાય પછી કાફિર થઈને મરે તો તે લોકોનું કરેલું નિષ્ફળ ગયું દુનિયામાં અને આખિરતમાં[૧૭૧] અને તેઓ દોઝખવાળા છે, તેઓને તેમાં હમેશાં રહેવાનું (છે) (૨૧૭) તેઓ જે ઈમાન લાવ્યા અને તે જેઓએ અલ્લાહ માટે પોતાનાં ઘરબાર છોડયાં અને અલ્લાહના માર્ગમાં લડયા તેઓ અલ્લાહની રહમતના ઉમેદવાર છે, અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૧૭૨] (૨૧૮) તમને દારૂ અને જુગારનો હુકમ પૂછે છે, તમે ફર્માવી દો કે એ

مِنۡ نَّفۡعِهِمَا ؕ وَيَسۡـَٔلُوۡنَكَ مَاذَا يُنۡفِقُوۡنَ ؕ قُلِ
الۡعَفۡوَ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الۡاٰيٰتِ لَعَلَّكُمۡ
تَتَفَكَّرُوۡنَ ۙ﴿۲۱۹﴾ فِى الدُّنۡيَا وَالۡاٰخِرَةِ ؕ وَيَسۡـَٔلُوۡنَكَ
عَنِ الۡيَتٰمٰى ؕ قُلۡ اِصۡلَاحٌ لَّهُمۡ خَيۡرٌ ؕ وَاِنۡ تُخَالِطُوۡهُمۡ
فَاِخۡوَانُكُمۡ ؕ وَاللّٰهُ يَعۡلَمُ الۡمُفۡسِدَ مِنَ الۡمُصۡلِحِ ؕ
وَلَوۡ شَآءَ اللّٰهُ لَاَعۡنَتَكُمۡ ؕ اِنَّ اللّٰهَ عَزِيۡزٌ حَكِيۡمٌ ﴿۲۲۰﴾

❑ ❑ ❑

*બન્નેમાં મોટા ગુનાહ છે અને લોકોના અમુક દુનિયાના ફાયદા પણ, અને એમનો ગુનોહ એમના ફાયદાથી મોટો છે[૧૭૩] અને તમને પૂછે છે શું ખર્ચ કરીએ[૧૭૪] તમે ફર્માવો જે વધારો હોય[૧૭૫] આવી જ રીતે અલ્લાહ તમને આયતો બયાન ફર્માવે છે કે ક્યાંક તમે વિચારીને કરો (૨૧૯) દુનિયા અને આખેરતનાં કામ[૧૭૬] અને તમને યતીમોનો મસઅલો પૂછે છે[૧૭૭] તમે ફર્માવો કે તેમનું ભલુ કરવું સારૂં છે અને જો તમારો તેમનો ખર્ચ ભેગો કરો તે તેઓ તમારા ભાઈ છે, અને ખુદા સારી રીતે જાણે છે બગાડનારને સુધારનારથી અને અલ્લાહ ઈચ્છતે તો તમને તકલીફમાં નાખતે, બેશક ! અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે. (૨૨૦)*

## :: સમજૂતી ::

**૧૬૩.** એની શરતો લાગુ પડતી હોય તો જિહાદ ફર્ઝ છે. જો કાફિરો મુસલમાનોના દેશ પર ચઢાઈ કરે તો જિહાદ ફર્ઝે ઐન થાય છે, નહીં તો ફર્ઝે કિફાયા.

**૧૬૪.** કે તમારા માટે શું બેહતર છે. માટે તમારા માટે તો એ જ હિતાવહ છે કે અલ્લાહના હુકમનું પાલન કરો અને એને જ બેહતર સમજો, ભલે પછી તે તમને પોતાના પર ભારે લાગે.

**૧૬૫. શાને નુઝૂલ :** હુઝૂર ﷺએ હઝરત અબ્દુલ્લાહ બિન જહશની સરદારીમાં એક સૈન્ય મોકલ્યું હતું. તેઓએ મુશ્રિકો સાથે યુદ્ધ કર્યું. તેઓનો ખ્યાલ હતો કે તે દિવસ જમાદીયુલ આખિરનો છેલ્લો દિવસ છે. પણ વાસ્તવમાં ૨૯નો ચાંદ દેખાવાથી તે રજબનો પ્રથમ દિવસ હતો, ત્યારે મુશ્રિકો એ મુસલમાનોને બદનામ કરવા માંડયા કે તમે હરામ માસમાં લડાઈ કરી, જ્યારે હઝરત ﷺને આ વિશે પ્રશ્નો પૂછાવા માંડયા, ત્યારે આ આયત ઉતરી.

**૧૬૬.** પણ સહાબાએ કિરામથી આ ગુન્હો થયો જ નથી, કારણ કે તેઓને ચાંદ ઉગવાની ખબર જ નહોતી. તેઓના નજીક તે દિવસ હરામ રજબનો ન હતો.

**મસ્અલો :** હરામ મહિનાઓમાં યુદ્ધ ન કરવાનો હુકમ **اُقۡتُلُوا الۡمُشۡرِكِيۡنَ حَيۡثُ وَجَدۡتُّمُوۡهُمۡ** (મુશ્રિકોને જુઓ ત્યાં મારો) વાળી આયતથી મન્સૂખ થઈ ગયો.

**૧૬૭.** જે મુશ્રિકોએ કર્યું, કે તેઓએ હુઝૂર ﷺ અને આપના સહાબાને હુદૈબિયહવાળા વર્ષે કા'બા શરીફમાં પ્રવેશવાથી રોક્યા. અને આપના મક્કા નિવાસ દરમ્યાન આપને અને સહાબાને એટલી તકલીફો પહોંચાડી કે આપને અને સહાબાને ત્યાંથી હિજરત કરવી પડી.

**૧૬૮.** એટલે કે મુશ્રિકોનો ફસાદ કે તેઓ શિર્ક કરે છે અને હુઝૂર ﷺ તથા સહાબાને મસ્જિદે હરામમાં જવાથી રોકે છે અને જાત જાતની ઈજાઓ આપે છે.

**૧૬૯.** કારણ કે કૃત્લ કરવાની તો અમુક પરિસ્થિતિમાં છૂટ છે, પણ કુફ્ર કરવાની કોઈ પણ હાલતમાં રજા નથી. અને આ બનાવમાં તારીખનું શકવર્તી હોવું યોગ્ય કારણ છે. જ્યારે કાફિરો માટે તો કોઈ કારણ જ નથી.

**૧૭૦.** આમાં ખબર આપવમાં આવી છે કે કાફિરો હમેશાં મુસલમાનો સાથે શત્રુતા રાખશે.

કોઈપણ સમયમાં એના વિરૂદ્ધ નહીં થાય અને જ્યાં સુધી એમનાથી બની શકશે ત્યાં સુધી મુસલમાનોને એમના દીનથી ફેરવી નાખવાના પ્રયત્નો કરશે અને "ઈનિસ્તતાઉ" (બની શકે તો)થી જાણવા મળે છે કે અલ્લાહના કરમથી તેઓ પોતાની આ મુરાદમાં નિષ્ફળ રહેશે.

**૧૭૧. મસ્અલો** : આ આયતથી સાબિત થયું કે ઈસ્લામથી ફરી જવાના કારણે (મુરતદ થઈ જવાથી) તમામ અમલો રદ થઈ જાય છે. આખિરતમાં એના પર કોઈ સવાબ મળશે નહીં અને દુનિયામાં શરીઅત મુર્તદને કત્લ કરવાનો હુકમ આપે છે. તેની પત્ની તેના માટે હલાલ રહેતી નથી. તે પોતાના સગા સંબંધીઓનો વારસો મેળવવા હકદાર રહેતો નથી. તેનો માલ હિફાઝતમાં ઈસ્લામી હુકૂમત રાખતી નથી. તેના વખાણ કરવા કે તેની સહાય કરવી જાઈઝ નથી. *(રૂહુલ બયાન વિગેરે)*

**૧૭૨. શાને નૂઝુલ** : હઝરત અબ્દુલ્લાહ બિન જહશની સરદારીમાં જે સૈન્ય મોકલવામાં આવ્યું હતું. તેમના વિશે અમુક લોકોએ કહ્યું કે તેમને ખબર ન હતી કે આ રજબનો દિવસ છે, માટે તે દિવસે લડાઈ કરવાથી તેઓને ગુન્હો તો નહીં થાય પણ સવાબ પણ નહીં મળે, ત્યારે આ આયત ઉતરી કે તેમનો આ જિહાદ મકબૂલ છે અને તેઓએ રહમતે ઈલાહી માટે આશાવાદી રહેવું જોઈએ, અને એ આશા સાચે સાચ પૂર્ણ થશે. *(ખાઝિન)*

**મસ્અલો** : "યરજુન"ના શબ્દથી સાબિત થાય છે કે અમલથી બદલો વાજિબ થતો નથી પણ સવાબ આપવો એ અલ્લાહની મહેરબાની માત્ર છે.

**૧૭૩.** હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે દારૂનું એક ટીપુ જો કોઈ કૂવામાં પડી જાય. પછી તે કૂવા પર મીનારો ચણવામાં આવે તો હું તે મીનારા પર અઝાન ન પઢું, અને જો દરિયામાં એનું ટીપું પડી જાય પછી તે દરિયો સુકાઈ જાય, ત્યાં ઘાસ ઉગે તો હું મારા જાનવરોને તે ઘાસ ચરાવું નહીં. સુબ્હાનલ્લાહ ! ગુનાહની કેટલી ઘૃણા છે ?! અલ્લાહ તઆલા આપણને એમની તાબેદારી નસીબ કરે. رَزَقَنَا اللّٰهُ تَعَالٰى اِتِّبَاعَهُمْ

દારૂ ૩ હિ.સ.માં અહઝાબના યુદ્ધ પછી થોડા દિવસોએ હરામ કરવામાં આવ્યું. ત્યાર પહેલાં એ દર્શાવવામાં આવ્યું હતું કે જુગાર અને દારૂનો ગુન્હો એમના ફાયદા કરતાં ઘણો વધારે છે. ફાયદો તો એ જ છે કે દારૂથી અમુક મસ્તી પેદા થાય છે અને એના વેપારથી પૈસા ટકાનો ફાયદો થાય છે. અને જુગારથી કદી મફતનો માલ હાથ લાગે છે. પણ એનાથી વિરૂદ્ધ ખરાબીઓ તો ગણત્રી વગરની છે. બુદ્ધિનું જતું રહેવું, ગૈરત અને ખાનદાનીનું જતું રહેવું, ઈબાદતો ખોવી, લોકો સાથે દુશ્મની, દરેકની નજરમાં બેઈજ્જત બનવું, પૈસા ટકાની બરબાદી વગેરે.

એક રિવાયતમાં છે કે હઝરત જિબ્રઈલ અમીન علیہ السلامએ હુઝૂર ﷺને કહ્યું કે અલ્લાહ તઆલાને હઝરત જઅફરે તય્યારની ચાર ટેવો પસંદ છે. હુઝૂરે હઝરત જઅફરને પૂછયું ત્યારે તેમણે કહ્યું કે એક તો એ કે મેં કદી દારૂ પીધો નથી, એટલે કે હરામ જાહેર થતાં પહેલાં પણ, અને એનું કારણ એ હું જાણતો હતો કે એનાથી બુદ્ધિ જતી રહે છે. અને મારી ઈચ્છા તો એ હતી કે મારી બુદ્ધિ વધારે ધારદાર બને, બીજી ટેવ એ કે જહાલતના સમયે પણ મેં કદી મૂર્તિ પૂજા કરી નથી, કારણ કે હું જાણતો હતો કે આ તો માત્ર એક પથ્થર છે જે ફાયદો કે નુકસાન કશું આપી શકતો નથી. ત્રીજી આદત એ કે હું કદી ઝિનામાં પરોવાયો નથી. કારણ કે એ બેગૈરતીનું કામ છે. ચોથી આદત એ કે હું કદી જૂઠ નથી બોલ્યો, કારણ કે હું એને હલ્કી કોટીનું લક્ષણ સમજતો હતો.

**મસ્અલો** : શતરંજ, તાસ વિ. અને જેના પર શરત લગાડવામાં આવે તે તમામ હારજીતની રમતો જુગારમાં ગણાય છે. *(રૂહુલ બયાન)*

**૧૭૪. શાને નુઝૂલ** : હુઝૂર ﷺએ મુસલમાનોને સદકો આપવાનો શોખ અપાવ્યો, તો આપને પૂછવામાં આવ્યું કે પ્રમાણ બતાવો, કેટલો

માલ અલ્લાહના માર્ગમાં આપવામાં આવે, ત્યારે આ આયત ઉતરી. *(ખાઝિન)*

**૧૭૫.** એટલે કે જેટલો તમારી જરૂર કરતાં વધારે હોય, ઈસ્લામની શરૂઆતમાં જરૂર કરતાં વધારે હોય તે બધા માલને ખુદાના માર્ગમાં ખર્ચી નાખવાનું ફર્ઝ હતું. સહાબા પોતાના માલમાં પોતાની આવશ્યકતા અનુસાર રહેવા દઈને બાકી રાહે ખુદામાં ખૈરાત કરી દેતા હતા. આ હુકમ ઝકાતની આયત ઉતર્યા પછી મન્સૂખ થઈ ગયો.

**૧૭૬.** કે જેટલું તમારી દુનિયાની જરૂરત માટે પૂરતું હોય તે રાખી લઈને બીજું આખિરતના ફાયદા માટે ખૈરાત કરી આપો. *(ખાઝિન)*

**૧૭૭.** કે તેમના માલને પોતાના માલમાં ભેગો કરી દેવાનો શું હુકમ છે.

**શાને નૂઝુલ** : જયારે **اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا**વાળી આયત ઉતરી કે જેમાં યતીમોનો માલ ખાઈ જનારાઓને સખ્ત સજા કરવામાં આવશે એવું બયાન છે. ત્યાર પછી તે લોકોએ જેઓ યતીમોનો વહીવટ કરતા હતા, યતીમોનો માલ પોતાના માલથી અલગ કરી દીધો અને તેઓનું ખાવા પીવાનું અલગ કરી દીધું, એમાં એવું પણ બન્યું કે જે જમણ યતીમ માટે બનાવ્યું તેમાંથી જે વધ્યું તે ખરાબ થઈ ગયું અને કોઈના કામ ન લાગ્યું. આમાં યતીમોનું નુકસાન થયું. આ જોઈને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ હુઝૂર ﷺને વિનંતી કરી કે યતીમના માલની હિફાઝત ખાતર વહીવટદારો તેના માલને પોતાના માલમાં ભેગો કરીને વાપરે તો શું વાંધો છે ? ત્યારે આ આયત ઉતરી અને યતીમોના ફાયદા ખાતર ભેગું કરવાની રજા આપવામાં આવી. ......*(ક્રમશઃ)*

પેજ નં. ૧૬ નું ચાલુ...

ત્યારબાદ ફર્માવ્યું કે બારગાહે ઈલાહીમાં મો'મિનના દિલની ઘણી કદર તથા મહત્વતા છે, પરંતુ લોકો દિલની ઈસ્લાહથી ગાફેલ છે એના કારણે ગુમરાહીમાં પડે છે. સુલૂકનો મૂળ ઉસૂલ જ આ દિલ છે. પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે મો'મિનનું દિલ અલ્લાહ તઆલાનું અર્શ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે જે દુરવેશ હજી સિત્તેર પર્દાઓમાં છે, અને રજમાત્ર પણ રોશની એને નસીબ નથી થતી, અને કોઈને મુરીદ કરવા ચાહે છે અને તેને ખુદ મિક્રાઝ તથા ખિર્કાની રસ્મોની ખબર નથી, તે પોતે પણ ગુમરાહ છે અને મુરીદને પણ ગુમરાહ કરશે. દુરવેશ આલિમ અને કુવ્વતવાળો હોવો જોઈએ જેથી મિક્રાઝ અને ખિર્કાની રસ્મોમાં અહલે સુન્નત વ જમાઅતથી વિરુદ્ધ ન કરે.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા શફીક્ બલ્ખી رحمۃ اللہ علیہ દલીલુશ્શાફઈમાં લખે છે કે જે શખ્સને ખલ્કતથી ગોશાગીરી હાંસલ નથી, જાણી લે કે તે હક્કથી દૂર છે. એટલા માટે કે ફકીરના માટે દુનિયાવાળાઓથી મેલજોલ કરવી નુકસાનથી ખાલી નથી, જે અલ્લાહનો તાલિબ છે તેને સીધા માર્ગથી દૂર રાખે છે. જેમ કે સલકુસ્સુલૂકમાં લખેલું જોયું છે કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ માર્ગે ચાલનારે જરૂરત વિના ઘરથી નીકળવું જોઈએ નહીં અને દુનિયાદાર માણસોથી મળીને બેસવું ન જોઈએ, અલ્બત્ત આલિમોની મજલિસમાં બેસે, પરંતુ જરૂરત વિના વાત ન કરે, પછી પોતાની બંદગીની તાષીર જુએ કે કેટલા પ્રમાણમાં રોશન ઝમીરી એનામાં પેદા થાય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મરીઝના માથા પર મિક્રાઝ (કાતર) ચલાવતા પહેલાં તેને ગુસ્લ કરાવે અને પોતાના હાથથી થોડીક મીઠાઈ તેના મોઢામાં રાખે, અને એ નિય્યત કરે કે પરવરદિગાર ! તારા આ બંદાને તારી રાહની તલબમાં શીરીં (મીઠો) બનાવ. પછી જો ખલ્વત (એકાંત)ના લાયક છે તો ખલ્વત અપનાવે, નહીં તો સુકૂત (મૌન), પછી તલ્કીન (સૂચના) કરે. ......*(ક્રમશઃ)*

**હદીષ** : હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે એક સ્ત્રીએ રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે યા રસૂલલ્લાહ ! ﷺ જણાવો કે અમારામાંથી કોઈકના કપડાને હેઝનું લોહી લાગી જાય તો શું કરે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જયારે તમારામાંથી કોઈના કપડાને હેઝનું લોહી લાગી જાય તો તેને ઘસી કાઢે પછી પાણી વડે ધોઈ નાખે, પછી એમાં નમાઝ પઢી લે.[૧] *(મુસ્લિમ, બુખારી)*

હઝરત સુલૈમાન ઈબ્ને યસાર رضی اللہ عنہથી[૨] રિવાયત છે. ફર્માવે છે કે મેં હઝરત આઈશા رضی اللہ عنہاથી મની (વિર્ય)ના બારામાં પૂછયું કે જે કપડામાં લાગી જાય. ફર્માવવા લાગ્યાં કે હું એને રસૂલુલ્લાહ ﷺના કપડાથી ધોતી હતી. પછી આપ નમાઝ માટે તશરીફ લઈ જતા હતા, જયારે કે ધોવાની અસર આપના કપડામાં હોતી[3]. (મુસ્લિમ, બુખારી)

હઝરત અસ્વદ[૪] તથા હમામ[૫] رضی اللہ عنہاથી રિવાયત છે, તેઓ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરે છે. આપ رضی اللہ عنہا ફર્માવે છે કે હું હુઝૂર ﷺના કપડાથી મની ઘસી કાઢતી હતી. (મુસ્લિમ) અને અલ્ક્મા અસ્વદથી એક રિવાયતમાં હઝરત આઈશાથી આ પ્રમાણે છે, અને એમાં એવું પણ છે કે આપ એમાં નમાઝ પઢી લેતા[૬].

ઉમ્મે કૈસ બિન્તે મહસનથી[૭] રિવાયત છે કે તે પોતાના નાના પુત્રને જે ખાવા ન ખાતો હતો, રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં લાવ્યાં. હુઝૂર ﷺએ તેને પોતાની ગોદમાં બેસાડી લીધો. તેણે આપનાં કપડાં પર પેશાબ કરી આપ્યો. હુઝૂર ﷺએ પાણી મંગાવ્યું, એના પર પાણી વહાવી દીધું, બહુ ન ધોયું.[૮] *(મુસ્લિમ, બુખારી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જયારે ચામડુ પકાવી લેવામાં આવે તો પાક થઈ જાય છે[૯]. *(મુસ્લિમ)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે હૈઝનું લોહી નજાસતે ગલીઝા (ભારે નાપાકી) છે એટલા માટે એના ધોવામાં અતિશયતા કરવી જોઈએ. એટલા માટે સરકાર ﷺએ ધોતા પહેલાં ઘસવાનો હુકમ આપ્યો. બીજો એ કે નાપાક કપડુ ધોવાથી પાક થઈ જાય છે, જેથી સૂકાવું શર્ત નથી. ત્રીજો એ કે نضحનો અર્થ છાંટવું કે છંટકાવ કરવો નથી બલ્કે ધોવું છે, કેમ કે હૈઝ (માસિક)નું લોહી પાણી છાંટવાથી પાક નથી થતું, ખૂબ જ ધોવામાં આવે છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની દલીલ છે કે દૂધ પીતા બાળકનો પેશાબ (પાણી) છાંટવાથી પાક નથી થતો બલ્કે એમાં ધોવું જરૂરી છે. કેમ કે ત્યાં પણ શબ્દ **نضح** જ આવેલો છે.

**૨.** આપ ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہاના આઝાદ કરેલા ગુલામ છે. ફક઼ીહ, તાબઈ છે. અતા ઈબ્ને યસારના ભાઈ છે. ૭૩ વરસથી ઉમરે હિ.સ. ૧૦૭માં વફાત પામ્યા.

**૩.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે મની (વિર્ય) નાપાક છે, લીંટ કે થૂકની જેમ પાક નથી, જેવો કે શાફઈઓનો ખયાલ છે, નહીં

તો ધોવાની જરૂરત ન પડત. **બીજુ** એ કે પોતાની પત્ની પાસે મનીવાળુ કપડુ ધોવડાવવું જાઈઝ છે, કેમ કે એ પણ એક પ્રકારની ખિદમત છે. **ત્રીજુ** એ કે નાપાક કપડુ ધોતાં જ પાક થઈ જાય છે. **ચોથુ** એ કે ભીના કપડાંમાં નમાઝ જાઈઝ છે.

**૪.** આપનું નામ અસ્વદ ઈબ્ને હિલાલ મુહારબી નખઈ છે. અલ્કમા ઈબ્ને કૈસના ભત્રીજા અને ઈબ્રાહીમ નખઈના મામા છે. હુઝૂર ﷺનો જમાનો પામ્યો પણ દીદાર ન કરી શકયા. ખુલફાએ રાશિદીનના સાથીઓમાંથી છે. ૮૦ હજ તથા ઉમરા કર્યા, જીવન પર્યંત હમેશાં રોઝાદાર રહ્યા અને બે રાતોમાં એક કુર્આન ખત્મ કર્યા કરતા હતા. હિ.સ. ૮૪માં વફાત પામ્યા.

**૫.** આપ નખઈ તાબઈ કૂફી છે. હિ.સ. ૬૫માં વફાત પામ્યા. હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا તથા ઈબ્ને મસ્ઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે સહાબીઓની ઝિયારત કરી.

**૬.** આ હદીષ થકી ઈમામ શાફઈ ફર્માવે છે કે મની (વિર્ય) પાક છે, કેમ કે એ માણસનો પેદાઈશનો માદ્દો (તત્વ) છે, કેવી રીતે બની શકે છે કે આવી પાક ચીજ નાપાકથી પેદા થાય ! આપણા ઈમામ સાહબ (ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ)ની નજીક વિર્ય નાપાક છે, નહીં તો એના નીકળવાથી ગુસ્લ વાજિબ ન થાત. હા ! આસાનીના માટે સૂકી મનીને ઘસીને ઝાટકી દેવું પૂરતુ છે, જેમ કે ખરામાંના ઘઉં કે જેના પર બળદ પેશાબ તથા પાખાનુ કરે છે તે છૂટા પાડવાથી પાક થઈ જાય છે, એનાથી એ લાઝિમ નથી થતુ કે છાણ તથા પેશાબ પાક હોય. એ (કૌલ) પણ ઝઈફ છે કે પાક માણસ નાપાક વિર્યથી કેવી રીતે બન્યો ? માનું દૂધ જે માણસનો પ્રથમ ખોરાક છે તે હૈઝના લોહીથી બને છે, બલ્કે ખુદ મની લોહીથી જ બની છે, તો શું લોહીને પણ પાક કહી દઈશું ?! એ તો ખુદાની શાન છે કે નાપાકને પાકથી અને પાકને નાપાકથી બનાવે છે. જેમ કે દારકુત્નીએ હઝરત અમ્માર ઈબ્ને યાસરથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે અમ્માર ! પાંચ ચીજો વડે કપડુ ન ધૂઓ : પેશાબ, પાખાનુ, ઉલ્ટી, લોહી તથા વિર્ય. તે જે ઈબ્ને અબ્બાસની હદીષ મશહૂર છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, મની, થૂક, લીંટની જેમ છે જેને કપડા કે ઘાસ વડે લૂછી લેવું પૂરતુ છે. પ્રથમ તો આ હદીષ સહીહ નથી. જો સહીહ માની લેવામાં આવે તો આ હદીષોથી મરજૂહ તથા મન્સૂખ છે, કેમ કે જો અબાહત તથા હુર્મતમાં ટકરાવ થાય તો હુર્મતને અગ્રતા આપવામાં આવે છે. *(ફત્હુલ કદીર, મિર્કાત તથા અશિઅહ)*

**૭.** આપ હઝરત અક્કાશા ઈબ્ને મહસનનાં બહેન છે. બની અસદ કબીલાથી છે. મક્કા મોઅઝ્ઝમામાં ઈસ્લામ લાવ્યાં પછી હિજરત કરી.

**૮.** આ હદીષના આધારે અમુક લોકોએ કહ્યું કે દૂધ પીતા બાળકનો પેશાબ પાક છે. ઈમામ શાફઈ ફર્માવે છે કે નાપાક તો છે પણ કેવળ પાણીનો છંટકાવ કરવાથી પાક થઈ જાય છે, ધોવાની જરૂરત નથી. આપણા ઈમામ સાહબની દ્રષ્ટિએ (દૂધ પીતા બાળકનો પેશાબ) નજાસતે ગલીઝા (ભારે નાપાકી) છે અને **ધોવું ફર્ઝ** છે. અહીં **نضح**નો અર્થ પાણી વહાવવું છે ન કે છાંટવું. તથા **لم یغسل**નો અર્થ છે બહુ ભારપૂર્વક ન ધોવું, કેમ કે એવા છોકરાનો પેશાબ પાતળો અને ઓછી બદબૂવાળો હોય છે. નહીં તો આ જ **نضح** હઝરત અસ્માની (પાછળ) હૈઝના લોહીના બારામાં આવી ચૂકેલ છે. જો અહીં આ શબ્દથી દૂધ પીતા બાળકનો પેશાબ પાક માનવામાં આવે અથવા ત્યાં છાંટા માનવામાં આવે તો હૈઝનુ લોહી પણ પાક માનવું પડશે ! અને ત્યાં છાંટવું પૂરતુ માનવુ પડશે.

**૯.** એટલે કે મુરદાનુ ચામડુ તડકામાં સૂકવી લેવામાં આવે અથવા નમક (મીઠુ) અથવા બાવળની છાલ છાંટીને સૂકવી દેવામાં આવે તો પાક થઈ જશે. માણસ તથા સુવ્વરના સિવાય દરેક ચામડાંનો હુકમ આ જ છે. ચામડાને ધોવાની જરૂરત નથી.



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

## બુઝુર્ગોનો બયઅતનો તરીક઼ો

જુમેરાતના દિવસે ૨૯ શાબાન હિ.સ. ૬૫૫ના રોજ ક઼દમબોસીનો શરફ હાંસલ થયો. શયખ જમાલુદ્દીન હાંસવી હાજર થયા. મિક઼રાઝ કાતર)ના બારામાં ચર્ચા ચાલી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે સિયરુલ આરિફીનમાં લખ્યું છે કે જ્યારે મુસલમાન કોઈ પીરનો મુરીદ થવા ચાહે તો પ્રથમ ગુસ્લ કરે. અને જો બની શકે તો રાતે જાગતો રહે અને પોતાની ખૈરિયતની અલ્લાહ તઆલાથી દુઆ માગતો રહે. જો રાતભર જાગી શકે તો જુમેરાતના દિવસે ચાશતના સમયે અથવા સોમવારના દિવસે ખુદાના પ્યારા નેક મર્દોને જમા કરે અને ક઼િબ્લા તરફ ચહેરો કરી સજ્જાદા પર બેસે. પછી બે રકાત નમાઝે ઈસ્તિખારા અદા કરે, પછી મુરીદને પોતાની સામે બેસાડીને મુતબર્રક આયતો પઢીને તેને દમ કરે. આયતો પઢતાં પહેલાં મુરીદને કહે કે ઈસ્તિગફાર પઢે. પછી ક઼િબ્લા રૂખ થઈને કાતર લે, ત્રણવાર મોટા અવાજે તકબીર કહે. કાતર ચલાવતી વખતે અહલે ક઼િબ્લા વચ્ચે મતભેદ છે, અમુક કહે છે કે لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِىِّ الْعَظِيْمِ કહે અને પછી કોઈ ખયાલ દિલમાં ન લાવે. જ્યારે તકબીરથી ફ઼ારિગ થાય તો એકવાર કલ્મએ તૌહીદ પઢે અને ૨૧વાર દુરૂદ અને ૨૧વાર ઈસ્તિગફાર પઢે. જ્યારે એનાથી ફ઼ારિગ થાય તો કાતર લઈને સામેના વાળ કાતરે ત્યારબાદ કહે કે, હે બાદશાહ ! આ તારી દરગાહેથી ભાગેલો બંદો હતો, હવે તારી ગુલામીમાં આવવા ચાહે છે અને તારી મેહફિલમાં સામેલ થવા ચાહે છે. પછી જમણી બાજુ એકવાર કાપે અને એક ડાબી તરફનો કાપે. પછી એ ત્રણેવને મિલાવી દે. અમુક કહે છે કેવળ એકવારથી અધિક ન લે. સહીહ ક઼ૌલ એ છે કે જેની રિવાયત હસન બસરી رحمۃ اللہ علیہએ અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી ફર્માવી કે આ રીતે કાતર ચલાવવી બીજા તરીક઼ાઓ કરતાં બેહતર છે. કેમ કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અહલે સુફ઼્ફ઼ાના ખલીફા છે. અને આ હદીષ આં જનાબના બારામાં આવેલી છે : "હું ઈલ્મનો શહેર છું અને હઝરત અલી એના દરવાજા છે."

ત્યારબાદ મેં પૂછયું કે કાતર ચલાવવાનું કોણે શરૂ કર્યું ? ફર્માવ્યું, ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامએ, અને તલ્ક઼ીન હઝરત જિબ્રઈલ علیہ السلامએ કરી.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દિવસે હબીબ અજમી

અને હસન બસરી رحمۃ اللہ علیہ બેઠેલા હતા એવામાં એક શખ્સે આવીને કહ્યું કે હું ફલાણાનો મુરીદ છું. પૂછયું, તારા પીરે શું કહ્યું હતું ? મારી પાછળ કાતર ચલાવી અને કાંઈ ન કહ્યું. બંનેવ ફરિયાદ કરી ઉઠયા કે તે ખુદ ગુમરાહ છે અને ગુમરાહ કરનાર છે. એનાથી માલૂમ પડે છે કે પીરે પોતાના મુરીદના અહવાલથી વાકેફ હોવું જોઈએ.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે હાજરજનોને ફર્માવ્યું કે પીરમાં એટલા પ્રમાણમાં બાતિની કુવ્વત હોવી જોઈએ કે જ્યારે કોઈ શખ્સ મુરીદ થવા માટે એની પાસે આવે તો નૂરે મઅરેફત અને પોતાની ઝાતી શક્તિ વડે તેના સીનાના કાટોને સાફ કરી આપે, જેથી તેના સીનામાં કોઈ ખરાબી ન રહે અને આઈનાની જેમ રોશન થઈ જાય. અને જો ખુદ એનામાં એટલા પ્રમાણમાં શક્તિ નથી તો બેહતર છે કે મુરીદ ન બનાવે. જે ખુદ ગુમરાહ છે તે અન્યોની રહબરી શું કરશે ?!

પછી ફર્માવ્યું કે જ્યારે કોઈનો મુરીદ થવા ચાહે તો પ્રથમ તેના નુફૂસે ષલાષાનાં હલન ચલનો (હાલ ચાલ)ને જુએ અને વિચારે કે એ નફ્સે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરનાર નફ્સ)માં સપડાયેલ તો નથી. જેમ કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : وَمَآ اُبَرِّئُ نَفۡسِىۡ اِنَّ النَّفۡسَ لَاَ مَّارَةٌ ۢ بِالسُّوۡٓءِ "અને હું મારા નફસને બેકસૂર કહેતો નથી, બેશક ! નફ્સ તો બુરાઈનો ખૂબ હુકમ કરનાર છે." *(સૂરએ યૂસુફ, આ. ૫૩, પારા : ૧૨)* પછી તેના નફ્સે લવ્વામા (નેકીઓ પ્રતિ દોરનાર નફ્સ)ની તરફ જુએ કે ક્યાંક છુપી રીતે નફ્સે લવ્વામાનો ગિરફતાર તો નથી. وَلَاۤ اُقۡسِمُ بِالنَّفۡسِ اللَّوَّامَةِ "અને તે જીવના સોગંદ જે પોતાની ઉપર ખૂબ ખેદ દર્શાવે." *(પારા : ૨૯, સૂરએ કયામત, આ. ૨)* ત્યારબાદ મુત્મઈન્નાની તરફ જુએ. રબ ફર્માવે છે :–

قوله تعالٰی يٰاَيَّتُهَا النَّفۡسُ للمطمَئنةُ اِرۡجِعِىۡۤ اِلٰى رَبِّكِ رَاضِيَةً مَّرۡضِيَّةً

"હે શાંતિવાળા જીવ ! પોતાના રબ તરફ પરત થા. એવી રીતે કે તું તેનાથી ખુશ (અને) તે તારાથી ખુશ." *(સૂરએ ફઝર, આ. ૨૭–૨૮, પારા : ૩૦)* પછી તેના કલ્બે સલીમના અવસાફ (ગુણો)ની પ્રતિ નજર કરે કે તેનું દિલ સલીમ છે કે નહીં. જ્યારે ઉપરોક્ત ચીજોને પોતાની રોશન ઝમીરીની નજરથી સાફ કરે તો પછી બયઅત કરે. જો કોઈ શખ્સ અહલે સુલૂકના તરીકા મુજબ કાતર ચલાવવાનું નથી જાણતો તો તે ખુદ ગુમરાહ છે, તેમજ તે પણ ગુમરાહ છે જે એનો મુરીદ બને.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે જે દિવસે બિ શ્ર હાફીએ તૌબા કરી તો પસ્તાવા સાથે ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہની બારગાહે પહોંચ્યા અને તેમના હાથ પર તૌબા કરી. ત્યારબાદ બિશ્ર હાફી رحمۃ اللہ علیہ પાછા આવ્યા અને બાદમાં લાકડાનું પગરખુ (પાવડી) પણ ન ઉપયોગમાં લીધી. પૂછયું કે જૂતા કેમ નથી પહેરતા ? ફર્માવ્યું, મારી શું મજાલ છે કે બાદશાહોના ફર્શ (ફલોર) પર જોડા પહેરીને ફરું ?! બીજુ એ કે જે દિવસે મેં અલ્લાહ તઆલાથી આશનાઈ (ઓળખ) હાંસલ કરી એ દિવસે હું ઉઘાડા પગે હતો, હવે મને જોડા પહેરતાં શરમ આવે છે !

પછી ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે પગો અહલે સુન્નત વ જમાઅતના તરીકા પર કાર્યરત નથી, અને તેના વાણી તથા વર્તન, હાલચાલ, કુર્આન તથા હદીષ કોઈના મુતાબિક નથી, તે આ રાહમાં લૂટારો છે. જેવી રીતે ધૂમાડાથી આગ હોવાનું માલૂમ થઈ જાય છે, એવી જ રીતે મુરીદને જોઈને એના પીરનો અંદાઝો કરી શકાય છે. ઘણા મુરીદ જેઓ ગુમરાહ થયા છે, તો એનો એ સબબ હોય છે કે તેમના પીર કામિલ નથી હોતા. જાણવા મળ્યું કે આ રાહમાં મુજાહિદા અને તકલીફ વગર કબૂલિયતની અસર નથી પડતી. વધુ પેજ નં. ૧૨....પર

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

## છીંક આવી જાય તો અપશુકન માનવું

અમુક જગાઓ પર કેટલાક આપણા અજ્ઞાન મુસલમાન ભાઈઓ છીંક આવવાને ખરાબ માને છે અને તેને અપશુકન સમજે છે. જો કે છીંકનું આવવું એ ઈસ્લામમાં સારી વાત છે, અને છીંક અલ્લાહને પસંદ છે. આથી જેને છીંક આવે, તે અલ્લાહનો શુક્ર માને. હદીષ શરીફમાં છે, હુઝૂર ﷺ ફર્માવે છે :

"બેશક ! અલ્લાહ તઆલા છીંકને પસંદ અને બગાસાને નાપસંદ ફર્માવે છે. આથી જેને છીંક આવે તે اَلْحَمْدُ لِلّٰہ "અલ્હમ્દુલિલ્લાહ" કહે અને જે બીજો શખ્સ તેને સાંભળે તે જવાબ આપે (એટલે કે જવાબમાં یَرْحَمُكَ اللّٰہ યર્હમુકલ્લાહ કહે) અને બગાસુ શૈતાન તરફથી છે જેથી શક્ય હોય ત્યાં સુધી તેને ન આવવા દે અને બગાસામાં જે મોઢામાંથી અવાજ નીકળે છે તેને સાંભળીને શૈતાન હસે છે. *(બુખારી શરીફ, જિલ્દ-૧, પેજ-૯૧૯)*

## બોણી સંબંધી ખોટી માન્યતાઓ

ખરીદી અને વેચાણના મામલામાં સવારમાં જે સૌથી પહેલી રકમ પ્રાપ્ત થાય છે તેને "બોણી" કહેવામાં આવે છે. સામાન્યત : લોકો પહેલો સોદો ન થાય અને પહેલો ગ્રાહક પાછો જાય તેને ખરાબ સમજે છે, અને કહે છે કે "બોણી ખરાબ થઈ ગઈ !" અને તેને પૂરા દિવસના ધંધા માટે અપશુકન માને છે. આ બધી કાફિરો અને અને બિન મુસ્લિમોની વાતો અને અંધ શ્રધ્ધાઓ છે જે મુસલમાનોમાં પણ આવી ગઈ છે. એક મુસલમાન માટે જરૂરી છે કે તે આવા વિચારોને દિલમાં જગ્યા ન આપે અને આ પ્રમાણેનો અકીદો રાખે કે "નફા નુકસાનનો માલિક અલ્લાહ તઆલા છે, જ્યારે પણ જેને પણ, જે કાંઈ પણ ઈચ્છે તે અતા કરે છે, અને બોણી ખરાબ થવાથી કાંઈ પણ થતું નથી."

## શું ઈસ્લામમાં તાઝિયાદારી જાઈઝ છે ?

કેટલાક લોકો મુહર્રમ અને સફરના માહિનામાં તાઝિયા બનાવે છે, તેને ઢોલ ત્રાંસાઓ વગાડીને ફેરવે છે અને તેની સાથે છાતીઓ પીટીને, માતમ કરતાં કરતાં તેમને નકલી અને બનાવટી કરબલામાં લઈ જઈને દફન કરે છે. આ બધી વાતો ઈસ્લામમાં મના, નાજાઈઝ અને ગુનાહ છે.

પ્લારા ઈસ્લામી ભાઈઓ ! મારો તમારો પ્યારો મઝહબ જે "ઈસ્લામ" છે તે એક સાફ સ્વચ્છ, ગંભીરતાપૂર્ણ અને શરીફ, સારો, ભલો, સીધો અને સાચો મઝહબ છે. તે ખેલ તમાશાઓ, ગાવા વગાડવા, ઢોલ ધમાકાઓ, નાચ કૂદ, માતમ અને છાતી પીટવાવાળો મઝહબ નથી. આજકાલની તાઝિયાદારી અને તેને જાઈઝ કહેનારાઓ દુનિયાને એવું બતાવી રહ્યા છે કે ઈસ્લામ પણ બીજા ધર્મોની જેમ મેલા ઠેલા, ખેલ તમાશાઓ અને ગુંડા ગર્દીવાળો ધર્મ છે !

કેટલાક લોકો કહે છે કે તાઝિયા બનાવવું જાઈઝ છે પરંતુ તેમને ફેરવવું (સરઘસ સ્વરૂપે) નાજાઈઝ છે. આ વાત પણ એકદમ સાચી નથી બલ્કે આજકાલ જે તાઝિયાઓ બનાવવામાં આવે છે તે બનાવવું પણ મનાઈ છે, કેમ કે આ પણ હઝરત ઈમામ હુસૈનના રોઝા અને મઝારનો સાચો નકશો નથી. બલ્કે ફક્ત એટલી જ ઈજાઝત છે કે હઝરત ઈમામે હસૈન رضی اللہ عنہના મઝારે પૂરનૂરનો સાચો નકશો કાગળ વગેરે ઉપર બનાવીને પોતાની પાસે અથવા ઘરમાં રાખે, જેમ કે ખાનએ કા'બા, ગુંબદે ખિઝરા, બગદાદ શરીફ, અજમેર શરીફ વગેરેના બનાવેલા નકશા, કેલેન્ડરો વગેરેમાં અને અલગ પણ આવે છે અને લોકો બરકત હાંસલ કરવા માટે તેમને ઘરોમાં ટીંગાડે છે. (હવાલા અને વિગતવાર માહિતી જાણવા માટે જુઓ ફતાવા રઝવિય્યહ, જિલ્દ-૧૦, પેજ-૩૬)

મુહર્રમના મહિનાની ૭–૧૨–૧૩ તારીખની જે મહેંદી બનાવવામાં આવે છે અથવા કાઢવામાં આવે છે, તે પણ બેકાર અને મનઘડત રિવાજ છે, રાફઝી અને શીઆ મઝહબની પેદાવાર છે. ઈસ્લામથી તેને કોઈ નિસ્બત નથી, એ ફક્ત અજ્ઞાનતાનું પરિણામ છે.

એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ એ છે કે હઝરત ઈમામે હુસૈન અને બીજા કરબલાના શહીદો અને દીનના બુઝુર્ગોથી સાચી મહોબ્બત એ છે કે તેમના પગલે પગલે ચાલવામાં આવે. અને તેમના રસ્તા, તરીક઼ા, ઢંગ અને ચાલ ચલગતને અપનાવવામાં આવે, કુર્આન કરીમની તિલાવત કરવામાં આવે અથવા સદક઼ા અને ખૈરાત કરીને સંબંધીઓ, મિત્રો, હમદર્દો અથવા ગરીબ મિસ્કીનોને ખાણુ, ખીચડો, હલ્વો, મલીદો વગેરે જે થઈ શકે તે ખવડાવીને તેનો ઈસાલે સવાબ તેમની પવિત્ર રૂહોને પહોંચાડવામાં આવે, જેને ફાતેહા કહે છે. તો આ બેશક ! જાઈઝ શ્રેષ્ઠ અને સારું કામ છે, અને તેનાથી અલ્લાહ તઆલા રાજી થાય છે અને પોતાના રબની રઝા (ખુશી) પ્રાપ્ત કરવી એ દરેક મુસલમાન માટે દરેક જરૂરિયાતથી વધુ જરૂરી છે. ન્યાઝ, ફાતેહા, સદક઼ા, ખૈરાતમાં એ પણ જરૂરી છે કે પોતાનું નામ, શોહરત (નામના) અને દેખાડા માટે ન હોય, બલ્કે જે પણ હોય અને જેટલું પણ હોય તે ફક્તને ફક્ત અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે અને બુઝુર્ગોને સવાબ પહોંચાડવા માટે હોય. આજકાલ કેટલાક લોકો મોટી મોટી ન્યાઝો અપાવે છે અને ઘણી બધી દેગો બનાવીને ખવડાવે છે, અને એમનો મક઼સદ નામના અને દેખાડો કરવાનો હોય છે અને તેઓ દેખાડો કરવા માટે આવું કરે છે તો તેમની આ ન્યાઝો ક઼બૂલ થશે નહી.

એ પણ સાંભળવામાં આવ્યું છે કે કોઈ વ્યક્તિ તાઝિયાદારી અને તેની સાથે કરવામાં આવતાં (ખુરાફાત) બેહુદા કામોનો વિરોધ કરે તો કેટલાક લોકો તેને ''વહાબી'' કહી દે છે અને એમ સમજે છે કે તાઝિયાદારી એ સુન્નીઓનું કામ છે અને તેનાથી મનાઈ કરવી એ વહાબીઓનો તરીકો છે ! જો કે એવું કાંઈ નથી બલ્કે ''ક્યારેય પણ કોઈ પણ સુન્ની આલિમે તાઝિયાદારીને જાઈઝ કહ્યું નથી અને બધાએ હમેશાં નાજાઈઝ અને ગુનોહ લખેલ છે.'' આ'લા હઝરત મૌલાના અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબોમાં તો જગા જગાએ તેને ''હરામ'' બતાવવામાં આવેલ છે અને આ બાબતમાં તેમના ફતાવાઓનો સંગ્રહ તો એક કિતાબી સ્વરૂપમાં છપાઈ પણ ચૂક્યો છે જેનું નામ ''રિસાલાએ તાઝિયાદારી'' છે. આથી જે આપણા ભાઈઓ વિસ્તારપૂર્વક આ મસ્અલાને પઢવા ઈચ્છતા હોય તેઓ સુન્ની લાયબ્રેરીમાંથી આ કિતાબને મંગાવીને વાંચી લે.

અને જે મોલ્વીઓ તાઝિયાદારીને જાઈઝ કહે છે તેઓ આ પ્રમાણે પબ્લીકને ખુશ કરવા અને આવા પ્રોગ્રામો થકી નઝરાના (ભેટ સોગાદ) વગેરે પ્રાપ્ત કરવા માટે કહે છે. તેઓએ સમજવું જોઈએ કે પબ્લિકને ખુશ રાખવાની જગ્યાએ અલ્લાહ વ રસૂલને ખુશ રાખવાની ચિંતા કરે, કેમ કે હરામને હલાલ બતાવવાવાળાની જ્યારે ક઼બ્ર અને હશ્ર (ક઼યામત)માં ધોલાઈ થશે ત્યારે આ પબ્લિક બચાવવા આવશે નહીં ! અને આ જલ્સાઓ, પ્રોગ્રામો અને નઝરાનાઓની રકમો થકી ત્યાં છૂટકારો થશે નહીં, બલ્કે આજ તાઝિયાદારો જેને ખુશ રાખવા માટે આ મોલ્વીઓ ખોટા મસ્અલાઓ બતાવે છે, ક઼યામતના દિવસે તેમનો દામન પકડશે.

એ પણ શક્ય છે કે તાઝિયાદારી અને તેની સાથે કરવામાં આવતી ખુરાફાતો (ખોટી બાબતો)ને જાઈઝ કહેવાવાળા મોલ્વીઓ વહાબીઓના એજન્ટ હોય અને તેમનાથી છુપી સમજૂતી કરેલ હોય, કેમ કે ''સુન્નીઓમાં વાહિયાત (ખરાબી) અને ખુરાફાત (બદી)ના રિવાજોથી સુન્ની મઝહબ બદનામ થાય છે'' અને વહાબિયતને એના થકી ફાયદો પહોંચે છે, અને ઘણા લોકો આપણી અજ્ઞાનતાને કારણે આપણા લોકોમાં શરીઅતની વિરૂધ્ધનાં કામોને જોઈને વહાબીઓની પ્રશંસા કરવા લાગે છે. જો કે આ તેઓની ભૂલ છે અને સુન્ની આલિમોની કિતાબોનું વાંચન ન કરવાનું પરિણામ છે.

હા ! એટલું જાણવુ જરૂરી છે કે વહાબીઓ તાઝિયાદારીને શિર્ક અને તાઝિયાદારોને મુશ્રિક અને કાફિર કહી દે છે પરંતુ સુન્ની ઓલમાઓ તેમને મુસલમાન અને પોતાના ભાઈઓ જ કહે છે, એટલી વાત જરૂર છે કે તેઓ ગુનેહગાર છે. ખુદા તઆલા તેઓને આનાથી બચવાની નેક તૌફીક ફર્માવે.

## ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ :** મુહક્કિકે મસાઈલે જદીદા (હપ્તો : ૮) :: **અનુવાદક** ::

**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી** *(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

### ગુમ થઈ ગયેલ (લાપતા) પતિની પત્ની શું કરે ?

પતિ લાપતા થઈ જાય અને એ પણ ખબર ન પડી શકે કે તે જીવે છે કે મૃત્યુ પામી ગયો છે, તો પણ પત્ની ઉપર ફર્ઝ છે કે બીજા ઠેકાણે પોતાના નિકાહ ન કરે, બલ્કે શોહર (પતિ)નો ઈન્તેઝાર કરે. જ્યારે તેની (શોહરની) વય તેના જન્મની તારીખથી સપૂંર્ણ સિત્તેર વર્ષ થઈ જાય ત્યારે કાઝી પાસે જઈને અરજી કરે, તે કાઝી તેના પતિના મૃત્યુનો હુકમ આપી દે ત્યારબાદ તે પત્ની ચાર મહિના દસ દિવસ વફાતની ઈદ્દત પસાર કરીને બીજા સાથે નિકાહ કરી શકે છે.

આ છે હનફી મઝહબ જેને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના કેટલાયે ફત્વાઓમાં વર્ણન કર્યો છે. જેમ કે એક ફત્વામાં લખે છે :–

"અને આપણા મઝહબમાં પત્ની પર ઈન્તેઝાર (કરવો) ફર્ઝ છે. ત્યાં સુધી કે પતિની ઉંમર (તેની જન્મ તારીખથી લઈને) સિત્તેર (૭૦) વર્ષ ગુઝરી જાય. જો પચાસ (૫૦) વર્ષની વયે ગુમ થઈ ગયો હોય તો વીસ (૨૦) વર્ષ ઈન્તેજાર કરે. અને સાઈઠ (૬૦) વર્ષની વયે ગુમ થયો હોય તો દસ વર્ષ પછી તેની મોત (મૃત્યુ)નો હુકમ આપવામાં આવે અને ઔરત ચાર મહીના અને દસ દિવસની ઈદ્દત પૂરી કરે ત્યાર બાદ બીજાથી નિકાહ કરી શકે છે. આ જ મઝહબ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہનો છે. તેના જ તરફ તેમણે રજૂ ફર્માવ્યું અને આજ કૌલ ઈમામ અહમદ رحمۃ اللہ علیہનો છે. અને બીજો કૌલ ઈમામ માલિકના કૌલની જેમ છે." رضوان اللہ تعالیٰ علیہم اجمعین *(ફતાવા રઝવિય્યહ, ૬/૩૧૮)*

એક બીજા ફત્વામાં આપ તેહરીર ફર્માવે છે કે:

"હનફી ઈમામોના મઝહબમાં તથા જમહૂર (અધિકતર) ઈમામોના મઝહબમાં ખોવાય ગયેલ પતિવાળી પત્ની ઉપર ઈન્તેઝાર ફર્ઝ છે ત્યાં સુધી કે એટલો જમાનો (મુદ્દત) પસાર થઈ જાય કે સ્વભાવિક રીતે ગુમ થયેલ પતિના મૌતનું ગુમાન થઈ જાય. અને તેની મુદત ફત્વા તથા હદીષ મુજબ એ છે કે ગુમ થયેલના જન્મના દિવસથી સિત્તેર વર્ષ પસાર થઈ જાય. ઈમામે માલિક رضی اللہ عنہ પણ ખોવાય ગયેલા માલની બાબતમાં આ જ હુકમ આપે છે પરંતુ ગુમ થયેલ પતિની બાબતમાં વિરૂધ્ધ કરે છે. *(ફતાવા રઝવિય્યહ, ૬/૩૧૯)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہ જે ઔરતનો પતિ ગુમ થઈ ગયો હોય તેના વિશે આ જ હુકમ જારી ફર્માવાતા હતા. પરંતુ આપના વિસાલના એક અરસા બાદ ઈદારએ શરઈયા પટનાની સ્થાપ્નાના સમયે જ્યારે રઈસુલની કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہએ એહલે સુન્નતના મુફતીઓની મજલિસમાં આ મસ્અલો રજૂ કર્યો તો મુફ્તિયાને કિરામે બહષ

તથા ચર્ચા કર્યા બાદ શરઈ જરૂરતના આધારે તેવી પત્ની જેનો પતિ લાપતા થઈ ગયો હોય તેના વિશે ઈમામે માલિક رضی اللہ عنہના મઝહબ મુજબ અમલની ઈજાઝત આ પ્રમાણે આપી :–

''જરૂરત તથા મસ્લેહતના સમયે ઈમામ માલિક رحمۃ اللہ علیہના મઝહબ મુજબ અમલ કરતાં હનફી કાઝી પણ છૂટાછેડાનો હુકમ આપી શકે. જેમ કે અલ્લામા શામીએ રદુલ મુહ્તારમાં ફર્માવ્યું છે.'' *(દારૂલ કઝા કે ફરાઈઝો મસાઈલ, પેજ–૪)*

અને પીરે તરીકત હઝરત મૌલાના મુફતી ઉબૈદુર્રહમાન રશીદી رحمۃ اللہ علیہ સજ્જાદાનશીન ખાનકાહે રશીદિયા જોનપૂર દ્વારા જાણવા મળ્યું કે હઝરત મલિકુલ ઉલમા અલ્લામા ઝફરૂદ્દીન શમ્સુલ્હુદા رحمۃ اللہ علیہ પટનાથી રિટાયર્ડ થઈને જ્યારે જામિઆ લતીફિયા બહરૂલ ઉલૂમ, અમ્લા ટોલી, કટિહાર, બિહારમાં સદર મુદર્રિસીનની હૈસિયતથી તશરીફ લાવ્યા તો ત્યાં આપની ખિદમતમાં એક ઔરતે જેનો પતિ ગુમ થઈ ગયેલ હતો અરજી દાખલ કરી અને આપે તપાસ તથા તેહકીક કર્યા બાદ ઈમામ માલિકના મઝહબ મુજબ ફૈંસલો કર્યો. મુફતી ઉબૈદુર્રહમાન રશીદીએ બતાવ્યું કે તે સમયે તેઓ હિદાયતુન્નહવના તાલિબે ઈલ્મ હતા.

હા ! આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના એક ફત્વામાં ઈમામ માલિક رحمۃ اللہ علیہનો મઝહબ નકલ કરીને એ લખ્યું છે કે ! ''હનફી નિશ્ચિત જરૂરતના સમયે તેના ઉપર અમલ કરી શકે છે.'' *(ફતાવા રઝવિય્યહ, ૬/૩૨૦)*

પરંતુ આપના (આ'લા હઝરત رحمۃ اللہ علیہના) ફત્વાઓથી એ જાહેર નથી થતું કે આપે પોતાના દૌરમાં સહીહ જરૂરત (આવશ્યકતા)ની ઉપસ્થિતિ માની હોય. તેનાથી વિરૂધ્ધ આપના શેહઝાદા હિબરૂલ્ ઉમ્મત, મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મૌલાના મુફતી શાહ મુસ્તફા રઝા ખાન رحمۃ اللہ علیہએ પોતાના દૌરમાં સહીહ શરઈ જરૂરત (આવશ્યકતા)નો સ્વીકાર કર્યો અને એહલે સુન્નતના મુફતિયાને કિરામના સદરે આ'લાની હૈસિયતથી ઈમામ માલિક رحمۃ اللہ علیہના મઝહબ મુજબ કાઝીને ફૈંસલો આપવાની ઈજાઝત આપી અને ત્યારથી જ આપણા ઉલમાએ કિરામ તેના મુજબ જ ફત્વો તથા ફૈંસલો આપે છે. ફતાવા રઝવિય્યહમાં આ'લા હઝરતે ઈમામ માલિક رحمۃ اللہ علیہનો મઝહબ આ પ્રમાણે વર્ણન કર્યો છે ! ''તેમનો (ઈમામ માલિકનો) મઝહબ એ છે કે તે ઔરત જેનો પતિ ગુમ થઈ ગયો હોય કાઝી એ શરઅની સમક્ષ અરજી દાખલ કરે, કાઝી તેહકીક (તપાસ) કર્યા બાદ અરજી દાખલ કર્યાથી લઈને ચાર વર્ષ સુધીની મોહલત પોતાના તરફથી આપે. ઔરત આ દિવસો (ચાર વર્ષ) ગુજારી લે. ત્યાર બાદ ફરીથી કાઝીને ત્યાં અરજી દાખલ કરે. અને કાઝી તેહકીક કર્યા બાદ છૂટાછેડાનો ફૈંસલો કરે. ત્યારબાદ તે ઔરત (ચાર મહીના દસ દિવસની) ઈદ્દતમાં બેસે, ત્યાર બાદ તેણી નિકાહ કરી શકે છે. પોતે ઈમામ માલિકે પોતાની સંપાદિત કરેલ કિતાબમાં તેની સ્પષ્ટતા કરી છે અને સાફ ઈર્શાદ ફર્માવ્યું છે કે અરજી દાખલ કર્યા પહેલાં ભલે વીસ વરસ વીતી ગયાં હોય તેને બિલ્કુલ ગણવામાં નહીં આવે. આજથી (અરજી દાખલ કરવાના સમયથી) ચાર વર્ષ ગણવામાં આવશે.'' *(ફતાવા રઝવિય્યહ, ૬/૩૨૦, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

## હવે ભરણપોષણથી વંચિત ઔરતના નિકાહ નાબૂદ કરવાની ઈજાઝત

પત્નીને પતિ તરફથી ભરણપોષણ ન મળે તેવી ઔરતને ''માદૂમતુન્નફકહ'' (ભરણપોષણથી વંચિત સ્ત્રી) કહે છે. હનફી મઝહબમાં ભરણપોષણથી વંચિત હોવાથી તેણીના પતિથી તેણીનો નિકાહ ખતમ કરવાની ઈજાઝત નથી, એટલા માટે પતિના મૌત અથવા તલાક સિવાય પતિ પત્નીમાં છૂટાછેડા નથી થઈ શકતા. ફકીહે બેમિષાલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ફત્વો પણ આ પ્રમાણે જ

છે. જેમ કે આપ એક ફત્વામાં લખે છે :–

''મૌત અથવા તલાક઼ના કારણથી છૂટાછેડા સિવાય બીજા કોઈ (કારણ)થી બીજા સાથે નિકાહ નથી થઈ શક્તા. આપણા નજીક (આપણા મઝહબમાં) પતિનું ગાઈબ થઈ જવું ભલે ને તે તંગી (પતિનું મુફલિસ તથા તંગદસ્ત હોવા)ના કારણે ભરણપોષણનો ખર્ચ આપવાથી પતિનું લાચાર હોવું અથવા ભરણપોષણ પ્રાપ્ત કરવાથી સ્ત્રીનું વંચિત હોવું તફરીક (છૂટાછેડા)નું કારણ નથી. *(ફતાવા રઝવિય્યહ્, પેજ : ૫૦૧, કિતાબુત્તલાક઼)*

પરંતુ તેનાથી વિરુદ્ધ આપણા બાદના અકાબિર ઓલમાએ અહલે સુન્નત رحمۃ اللہ علیہم اجمعین એ તે મઝહબ અપનાવ્યો કે ભરણપોષણથી આજિઝ (ભરણપોષણનો ખર્ચ આપવાની શક્તિ ન) હોવાની બંને સ્થિતિઓમાં નિકાહ ખતમ કરવાની તથા છૂટાછેડાની ઈજાઝત છે. વર્ણન આ પ્રમાણે છે :–

મઅ્દમતુન્નફક઼હ (ભરણપોષણથી મેહરૂમ) : એવી સ્ત્રી જેને શોહર તરફથી ભરણપોષણ ન મળતું હોય તેની બે સ્થિતિઓ છે :–

**પ્રથમ** : શોહર મૌજૂદ છે પરંતુ મુફલિસી તથા ગરીબીના કારણે પોતાની પત્નીને ભરણપોષણનો ખર્ચ આપવાથી આજિઝ છે (ખર્ચ દઈ નથી શક્તો) આવી પરિસ્થિતિમાં જો પત્ની ક઼ાઝી સમક્ષ છૂટાછેડાની માગણી કરે તો ક઼ાઝી પતિની લાચારી સાબિત થઈ ગયા બાદ, પતિ પત્ની દરમિયાન છૂટાછેડા કરાવી આપે.

**બીજી સ્થિતિ** : પતિ ભરણ પોષણ આપવાની શક્તિ ધરાવે છે પરંતુ ગાયબ હોવાના કારણે ભરણપોષણ નથી આપતો અને પત્ની પતિના માલમાંથી ભરણપોષણ વગેરે લેવાની શક્તિ નથી ધરાવતી. તો આવી પરિસ્થિતિમાં જો પત્ની ક઼ાઝી સમક્ષ છૂટાછેડાની માગણી કરી તો દાવો સત્ય સાબિત થઈ ગયા બાદ ક઼ાઝી પતિ પત્ની વચ્ચે છૂટાછેડા કરાવી આપે.

ઉપરોક્ત બંને સ્થિતિઓનો હુકમ હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ના મઝહબ મુજબ છે. પરંતુ જરૂરત તથા મસ્લેહતના પેશે નઝર આપણા અમુક ઓલમાએ તેના મુજબ ફત્વા આપ્યો છે. જેમ કે ''મજમઉલ્ અન્હર''માં છે.

અબ્દુહુલ્ મુઝનિબ

**મુહમ્મદ ઉબૈદુર્રહમાન ગુફિરલહૂ**

*(સદર મુદર્રિસ : મદ્રસા ફૈઝુલ ઉલૂમ–જમશેદપુર)*

*૨૬ જુમાદલ આખિરા, હિ.સ. ૧૩૮૯*

**(૧) صحیح الجواب بعون الملك الوهاب والمجیب العلّام مصیب و مُثَاب**

**અબ્દુલ અઝીઝ ગુફિરલહૂ**

*(દારુલ ઉલૂમ અશરફિયા, મુબારકપુર, યુ.પી.)*

**(૲) الجواب صحیح۔ واللّٰہ تعالٰی اعلم۔**

**મુહમ્મદ શરીફુલ હક્ક઼ અમજદી**

*(જામિઆ અરબિયા, અન્વારુલ કુર્આન, બલરામપુર, ગોંડા)*

(૩) ફક઼ીર આ ફત્વાની તસ્દીક તથા ભરોસાપાત્ર ઠરાવીને તેના પૂછનાર તથા લખનાર માટે અજરે અઝીમની દુઆ કરે છે.

**ફક઼ીર અબ્દુલ બાકી બુરહાનુલ્ હક્ક઼ જબલપુરી**

(૨૭, રમઝાન, લયલતુલ કદ્રનો દિવસ, હિ.સ. ૧૩૮૯)

**દુઆની દરખાસ્ત** : ઔલાદે દરિયાઈ દુલ્હા **હઝરત પીર સૈયદ સફિયુલ્લાહ બાવા અશરફી દરિયાઈ બીરપુરી** مدظلہ العالی ની અચાનક તબીયત બગડતાં ગયા મહિને હાર્ટની હોસ્પિટલમાં અમદાવાદ દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યાં હાર્ટ સર્જરી કરવામાં આવી હતી. અલ્હમ્દુલિલ્લાહ ! ઓપરેશન સફળ રહ્યું અને હાલ તબિયત સુધારા પર છે. સર્વ વાંચકોને વિનંતિ છે કે બાવા સાહબની તંદુરસ્તી માટે દુઆ ગુજારશો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકા઼માં દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ના વસીલાથી આપને નેક તંદુરસ્તી અતા કરે, આપનાથી દીન તથા ખલ્કે઼ ખુદાની ખિદમતનાં કામો લે, આપનો સાયો તાદેર આપણા પર રાખે. (આમીન) *–તંત્રી*

**★ મુરવ્વત (સભ્યતા) તથા સામાનો લેહાઝ કરવો ★**

નબી કરીમ ﷺના ઉમદા અખ્લાક઼નું એક પાસુ મુરવ્વત તથા સામી વ્યક્તિનો લેહાઝ રાખવું છે. એનાથી મુરાદ એ છે કે માણસે કોઈ પણ જાનદાર સાથે કોઈ મામલો કરતી વખતે સભ્યતાના ધોરણને ત્યજવું ન જોઈએ. રસૂલે કરીમ ﷺ કોઈપણ જીવંત (જાનદાર) એટલે સુધી કે કોઈ અત્યંત બુરા માનવ અને પોતાના દુશ્મન સાથે પણ મામલો કરતાં (વર્તતી વેળા) અખ્લાક઼ના ધોરણનો ભરપુર ખયાલ રાખતા હતા. એનાથી મુરાદ એ છે કે જો કોઈ ઈન્સાનની કોઈ ઈન્સાન સાથે દુશ્મની છે.

**તઅલ્લુક઼ તોળ દેનેકે ભી કુછ આદાબ હોતે હૈં**
**કિસીકો છોળ દેને કે ભી કુછ આદાબ હોતે હૈં**

માનવી તો છેવટે માનવી હોય છે, તે સર્વ મતભેદો છતાં એક માનવ તરીકે સન્માનને પાત્ર હોય છે. હુઝૂરે અકરમ ﷺએ તો જાનવરોના મામલામાં પણ અખ્લાક઼ી (સભ્યતા)ના ધોરણની સાચવણી કરવાની તાકીદ કરી છે. હઝરત શદ્દાદ બિન ઓવૈસ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

"બેશક ! અલ્લાહ તઆલાએ દરેક મામલામાં હુસ્ને સુલૂક (સદવર્તાવ)નો હુકમ આપ્યો છે, ત્યાં સુધી કે જો તમે ક઼ત્લ કરો તો ક઼ત્લમાં પણ અહસાનને બાકી રાખો. અને જો જાનવરને ઝબહ કરો તો તેને ઉમદા રીતે ઝબહ કરો. અને તમારામાંથી કોઈ પણ હોય ઝબહ કરતા પહેલાં પોતાની છરીને તેજ કરી લે અને પોતાના ઝબીહા (ઝબહ થનાર)ને રાહત પહોંચાડે." *(સુનને નિસાઈ, ૭/૨૨૭)*

# સર્વ શ્રેષ્ઠ અખ્લાક઼વાળા 'આપણા નબી' ﷺ

(કાર્યાલય)

હપ્તો છેલ્લો

એનાથી મુરાદ એ છે કે જો વાત ક઼ત્લ સુધી પણ પહોંચી જાય તો ભલાઈ તથા બુરાઈ એની જગા પર રહે, એ મૌક઼ા પર પણ મુરવ્વત (સભ્યતા)થી કામ લેવું જોઈએ કે એને વાર કરીને ક઼ત્લ કરી દો. એવું ન થાય કે પ્રથમ તેના હાથ કાપો, પછી પગો અને તેને તડપાવી તડપાવીને મારો. અને એવું પણ ન થાય કોઈને તેના બાળકોની સામે લાવીને ક઼ત્લ કરવામાં આવે. આ સર્વ ચીજો મુરવ્વતની વિરૂધ્ધ છે. જાનવરને ઝબહ કરવું હોય તો બુઠ્ઠી છરી વડે ઝબહ ન કરો જેથી એને વધુ તકલીફ ન થાય, છરી તે જ હોવી જોઈએ. અને એ કે જાનવરને અન્ય જાનવરો સામે ઝબહ કરવામાં ન આવે, અને ઝબહ કરતા પહેલાં પાણી પીવડાવવામાં આવે. આ સર્વ ચીજોની મુરવ્વત (સભ્યતા, સદવર્તાવ)માં ગણના થાય છે. અને રસૂલે કરીમ ﷺએ મુરવ્વતની ખૂબ જ તાકીદ કરી છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એક શખ્સની પાસેથી પસાર થયા જે એક બકરીની ગરદન પર પગ રાખીને પોતાની છરી તેજ કરી રહ્યો હતો અને તે એની તરફ જોઈ રહી હતી. આપે ફર્માવ્યું :

"તેં આ કામ પહેલાં કેમ ન કરી લીધું, શું તું એને બેવાર મારવા ચાહે છે ?!" *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ–૧૫૨૮, ૬/૬૨૫)*

એ જ કારણે રસૂલુલ્લાહ ﷺએ મુષ્લહ (અંગોને કાપવા)થી મના ફર્માવ્યું, કેમ કે ક઼ત્લ થનારનું મુષ્લહ કરવું (અંગોને કાપવું) એ મુરવ્વત તથા સભ્યતાના ધોરણની વિરૂધ્ધ છે. આપ ﷺએ ફર્માવ્યું :–

"જેણે કોઈ જાનદારને મુષ્લહ કર્યું, પછી તેણે તૌબા ન કરી તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને મુષ્લહ કરી દેશે. *(મુસ્નદે ઈમામ અહમદ, ૯/૪૮૪)*

રસૂલે કરીમ ﷺએ સામાનો લેહાઝ રાખવાની (મદારાતની) સૂચના આપી છે પરંતું ખુશામદથી મના કર્યું છે. લેહાઝ કરવાથી મુરાદ એ છે કે ઈન્સાન બાતિલના માટે એવી નરમી ન બતાવે કે તે હક્કથી દૂર થઈ જાય, એટલે કે હક્કની સાથે સંપૂર્ણ સંબંધ રાખે. અખ્લાકી હદોનો લેહાઝ કરવાને 'મદારાત' કહે છે અને બાતિલ સાથે એવી નરમી કે માણસ બાતિલને ખુશ કરવા માટે હક્કથી દૂર થઈ જાય એ 'મુદાહનત' કહેવાય છે.

કોઈને ભૂખ્યો તરસ્યો રાખીને અને તેના હાથ પગ કાપીને એને કત્લ કરવો મદારાતની વિરૂધ્ધ છે અને હુઝૂરે અકરમ ﷺના અખ્લાકે આલિયા મદારાતની તાલીમ આપે છે કે દુશ્મનીમાં અખ્લાકી હદો તથા કાયદાઓની પાબંદી થવી જોઈએ. હુઝૂરે અકરમ ﷺ કેટલા પ્રમાણમાં મુરવ્વત તથા મદારાતની તલ્કીન કરતા અને માણસના સ્વમાનની કેટલા પ્રમાણમાં કાળજી રાખવી જોઈએ એના વિશે હઝરત સૈયદા આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે :

"જ્યારે રસૂલે અકરમ ﷺની પાસે કોઈ શખ્સની કોઈ ફરિયાદ પહોંચતી તો આપ ﷺ એવું કદી ન ફર્માવતા કે ફલાણા શખ્સને શું થઈ ગયું છે કે તે આ પ્રમાણે કહે છે, બલ્કે આપ ફર્માવતા હતા કે લોકોને શું થઈ ગયું છે કે તેઓ આ પ્રમાણે કહે છે ?!" *(સુનને અબૂ દાઊદ, ૪/૩૯૭)*

આપ ﷺની આ રીતભાત મુરવ્વત તથા મદારાતની (સભ્યતા તથા લેહાઝ કરવાની)ની ઉચ્ચતમ સ્થિતિને પ્રદર્શિત કરે છે કે આપ ﷺએ કોઈ વ્યક્તિનું નામ ન લઈને તેના સ્વમાનને પણ બાકી રાખ્યું અને સામાન્ય અંદાઝમાં વાત કરીને તેની ઈસ્લાહ (સુધારણા) પણ કરી આપી.

હઝરત સૈયદા આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે, એક વાર એક શખ્સે રસૂલુલ્લાહ ﷺની પાસે હાજરીની ઈજાઝત ચાહી અને હું પણ હુઝૂરે અકરમ ﷺની પાસે મૌજૂદ હતી. હઝુરે અકરમ ﷺએ ફર્માવ્યું કે આ પોતાના કબીલાનો ઘણો જ બુરો માણસ છે. જ્યારે તે આપ ﷺની ખિદમતમાં હાજર થયો તો આપે એની સાથે ખૂબ જ નરમી સાથે વાતચીત કરી. જ્યારે તે ચાલ્યો ગયો તો મેં અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! ﷺ આપે તો આવું કહ્યું હતું, અને પછી આપે એની સાથે આ પ્રમાણે નરમીથી વાતચીત કરી ?! તો આપ ﷺએ ફર્માવ્યું, "હે આઈશા ! લોકોમાં સૌથી બુરો શખ્સ તે છે કે લોકો જેની ફુહુશ કલામી (બિભત્સ વાણી)ના કારણે તેની સાથે વાત કરવાનું ત્યજી દે." *(તિર્મિઝી, ૪/૩૫૯)*

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે એક બુરા માણસની સર્વ બુરાઈઓ જાણવા છતાં, તેની સાથે બધી જ રીતે મતભેદ હોવા છતાં તેની સાથે સભ્યપણે તથા સદ વર્તાવથી વાતચીત કરવી એ હુઝૂર ﷺનો મહત્વનો પૈગામ છે. માણસ મદાહનતથી કામ લે પરંતુ મુરવ્વત તથા મદારાતનો દામન પણ ન છોડે, એ જ સીરતે નબવી ﷺનો પૈગામ છે.

## ★ સગાં સાથે સદવર્તાવ અને સંબધ જોડવું ★

આમાં રસૂલે અકરમ ﷺના ઉચ્ચ અખ્લાકનું પ્રદર્શિત થવું છે. સગા સાથે સદવર્તાવ (સિલાએ રહમી)થી મુરાદ સંબંધોને તૂટવાથી બચાવવું અને એમના વચ્ચે સંબંધોને મજબૂત પાયાઓ પર કાયમ કરવું છે. અને આ શબ્દ પોતાના ભાવાર્થમાં સગાં સંબંધીઓ સાથે સદવર્તાવ કરવાના માટે વપરાય છે. આ પણ ઘણો જ પ્રશંસાપાત્ર અમલ છે. કુર્આન તથા સુન્નતમાં એની ખૂબ જ પ્રમાણમાં તાકીદ તથા પ્રશંસા કરવામાં આવી છે. પરંતું સંબંધ જોડવાથી મુરાદ એ છે કે જો કોઈ શખ્સ તમારી સાથે સંબંધ તોડવા પણ ચાહે તો આપ ઉચ્ચ અખ્લાક એ રીતે પ્રદર્શિત કરો

કે તે સંબંધો તૂટવાથી બચી જાય. સંબંધ તોડવાવાળા સાથે સંબંધ જોડવા અને તેમાં પોતાના અહમને રુકાવટ ન થવા દેવું એ ઉચ્ચ અખ્લાક઼નું પ્રદર્શન છે.

રસૂલે કરીમ ﷺના અખ્લાક઼ે હસાનાનું એક પાસુ એ પણ છે કે આપ ﷺ કેવળ એની જ સાથે સંબંધ મજબૂત કરતા ન હતા જે આપની સાથે સંબંધ મજબૂત કરવા ચાહતો, બલ્કે જે શખ્સ આપ ﷺ સાથે સંબંધ તોડવા ચાહતો તો આપ ﷺ એની સાથે એવા ઉચ્ચ વર્તાવ કરતા કે તે સંબંધ તૂટવાથી બચી જતો, અને નફરતોને બદલે મહબ્બતો ઉછેર પામતી. જો કોઈ શખ્સ સંબંધો ક઼ાયમ રાખવા ચાહે તો તેની સાથે સંબંધો રાખવા કોઈ મુશ્કેલ કામ નથી હોતું, એ તો એક પ્રકારનો વ્યાપાર છે કે જોડવાના જવાબમાં જોડવું અને તોડવાના જવાબમાં તોડવુ. પરંતું તોડવાના જવાબમાં જોડવું એ અખ્લાક઼ે હસનાનું પ્રદર્શન છે. અલ્લાહ તઆલાએ હુઝૂરે અકરમ ﷺને આ જ ઉચ્ચ અખ્લાક઼ના પયકર બનાવ્યા હતા. સામાન્ય માણસ તો સંબંધ તોડનાર સાથે સંબંધ જોડવાનો પાબંદ નથી, પરંતું હુઝૂરે અકરમ ﷺને અલ્લાહ તઆલાએ જે આદાબની તાલીમ આપી છે તેનું એક પાસુ એ પણ હતું કે ભલાઈના જવાબમાં પણ ભલાઈ, અને બુરાઈના જવાબમાં પણ ભલાઈ, જોડવાવાળા સાથે પણ જોડવું અને તોડવાવાળાથી પણ જોડવું. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે :

"મારા રબે મને નવ વાતોનો હુકમ આપ્યો છે, છુપી તથા જાહેર દરેક હાલતમાં અલ્લાહ તઆલાથી ડરતો રહું, ગુસ્સામાં હોઉં કે ખુશીમાં દરેક હાલતમાં ઈન્સાફની વાત કહું, ગરીબી તથા અમીરી બંનેવ હાલતોમાં મધ્યમ માર્ગ પર કાયમ રહું, જે મારી સાથે સંબંધ તોડે હું એની સાથે સંબંધ જોડું, જે મને ન આપે હું તેને આપું, જે મારા પર જુલ્મ કરે હું તેને માફ કરી દઉં, મારી ખામોશી ચિંતન પર આધારિત હોય, મારું બોલવું યાદે ઈલાહીનું બોલવું, અને મારું જોવું ઈબ્રતનું (બોધ ગ્રહણ માટેનું) જોવું હોય." *(જામિઉલ ઉસૂલ, પેજ–૬૮૭)*

આ હદીષે પાક હુઝૂર ﷺની જીવન પધ્ધતિ અને આપના ઉમદા અખ્લાક઼ને સમજવાના માટે માઈલ સ્ટોનને હૈસિયત ધરાવે છે. એમાં એ પણ ફર્માવવામાં આવ્યું છે કે સંબંધ તોડવાવાળા સાથે સંબંધ જોડવો એ હુઝૂર ﷺને અલ્લાહ તઆલાનો હુકમ હતો, કેમ કે જોડવાવાળા સાથે જોડવું એ કોઈ કમાલ નથી હોતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,

"બદલામાં જોડવાવાળો એ જોડનાર નથી હોતો, અસ્લમાં જોડવાવાળો એ હોય છે કે જ્યારે તેની સાથે સંબંધ કટ કરવામાં આવે તેમ છતાં તે સંબંધ જોડે." *(સુનને કુબરા લિલ્બયહક઼ી, ૭/૨૭)*

હઝરત ખદીજા رضی اللہ عنہا ફર્માવે છે કે, "કમજોર રાયવાળા ન બની જાવ કે તમે કહો કે જો તમે લોકો અમારી સાથે સારો વર્તાવ કરશો તો અમે પણ તમારાથી સારો સુલૂક કરીશું અને જો તેઓ અમારા પર જુલ્મ કરશે તો અમે પણ તેમની ઉપર જુલ્મ કરીશું. બલ્કે પોતે પોતાને એ ચીજના આદી બનાવો કે તમે એવું વિચારો કે જો લોકો તમારી સાથે સારો વર્તાવ કરશે તો તમે તેમની સાથે સારો વર્તાવ કરશો, અને જો તમારી સાથે જુલ્મ કરશે તો પણ તમે તેમના પર જુલ્મ નહીં કરો." *(સુનને તિર્મિઝી, ૪/૩૬૩)*

એટલે કે સંબંધો જોડવામાં વેપાર નથી, બલ્કે એક તરફી શુભેચ્છાને પ્રદર્શિત કરવી પડશે. જે રસ્તામાં કાંટા પાથરે એના માર્ગમાં પણ ફૂલ બિછાવવાં. જે શખ્સને એ ખયાલ મળી ગયો તેને અખ્લાક઼ે નબવીના અન્વાર મળી ગયા. આ એવો અમલ છે જે અલ્લાહ તઆલાને એટલો પ્રિય છે કે અલ્લાહ તઆલા એને અપનાવનારની ઉમરમાં પણ બરકત આપી દે છે. રસૂલે કરીમ ﷺ ફર્માવે છે :

"જે શખ્સ એવું ચાહતો કે એની રોજીમાં વધારો થાય અને એની ઉમર લાંબી થાય તો એણે જોઈએ કે સિલએ રહમી (સગાં સાથે સદવર્તન) કરે." *(સહીહ મુસ્લિમ, હદીષ-૬૪૦૦)*

આપે એને સૌથી અફઝલ અમલ ઠરાવતાં ફર્માવ્યું, "બેશક ! ફઝીલતવાળાં કામોમાં સૌથી વિશેષ ફઝીલતવાળુ કામ એ છે કે તું એ શખ્સ સાથે સંબંધ જોડે જે તારી સાથે સંબંધ તોડે, તું એને અતા કરે જે તને વંચિત રાખે, અને તું એને માફ કરે જે તારા પર આક્ષેપો લગાડે." *(મોઅજમે કબીર, ૨૦/૧૮૮)*

સંબંધ તોડવો હુઝૂરે અકરમ ﷺને અનહદ નાપસંદ હતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફા رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર અમે હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર હતા. આપ ﷺએ ફર્માવ્યું કે આજે કોઈ સંબંધ તોડનારો અમારી પાસે ન બેસે. જેથી એક નવયુવાન એ મજલિસથી ઉઠયો. એને પોતાની માસી સાથે કોઈ બાબતે ઝઘડો થઈ ગયો હતો. તેણે પોતાની માસી પાસે માફી માગી અને પછી તે હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર થયો તો આપ ﷺએ ફર્માવ્યું, **"બેશક ! અલ્લાહ તઆલાની રહમત એ કૌમ પર નાઝિલ નથી થતી જેમનામાં કોઈ સંબંધ કટ કરવાવાળો મૌજૂદ હોય."** *(શોઅબુલ ઈમાન, હદીષ-૭૫૯૦, ૬/૨૨૩)*

સંબંધ જોડનારો અન્યોની સામે પોતાની આજીજીને પ્રદર્શિત કરી રહ્યો હોય છે અને તેની સાથે સંબંધ ન તોડવાની વિનવણી કરી રહ્યો હોય છે. પરંતુ હકીકતમાં તે પોતાના ઉચ્ચ અખ્લાકોનું પ્રદર્શન કરીને રહમતે ઈલાહીના પાત્ર પણ બની રહ્યો હોય છે, અને એના પર અખ્લાકી ઉચ્ચતા પામવાની સાબિતી પણ આપી રહ્યો હોય છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે એક શખ્સે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારાં અમુક સગાંઓ એવા છે કે હું એમની સાથે સંબંધ જોડુ છું પણ તેઓ મારી સાથે સંબંધ તોડે છે. હું એમની સાથે ભલાઈ કરું છું પણ તેઓ મારી સાથે બુરાઈ કરે છે. હું એમની સાથે સહનશીલતાથી વર્તુ છું પણ તેઓ મારી સાથે જેહાલતભર્યું વર્તન કરે છે. આપ ﷺએ એની વાત સાંભળીને ફર્માવ્યું : "જો વાત એ જ પ્રમાણે છે જે પ્રમાણે તમે કહી તો તમે તેમને સળગતી રાખ ખવડાવી રહ્યા છો, અને જ્યાં સુધી તમે એવું જ કરતા રહેશો તો અલ્લાહ તઆલાની તરફથી એમના મુકાબલામાં તમારો એક મદદગાર રહેશે." *(સહીહ મુસ્લિમ, હદીષ-૬૪૦૨)*

હઝરત અબુલ અહવસ رضی اللہ عنہના પિતાએ રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! ﷺ જરા મારા મામલામાં વિચારણા કરો, મારો એક કાકાનો પુત્ર છે. હું તેની પાસે જાઉં છું, એની પાસે કોઈ ચીજ માગું છું તો ન તે મને કોઈ ચીજ આપે છે અને ન તો મારી સાથે સિલએ રહમી (સગા તરીકે સદવર્તાવ) કરે છે. છતાં પણ જ્યારે તેને મારાથી કોઈ કામ પડી જાય છે અને તે આવીને મારી પાસે કોઈ ચીજ માગે છે. મેં કસમ ખાધી છે કે હું તેને કાંઈ આપીશ નહીં અને ન એની સાથે સિલએ રહમી કરીશ ! તો આપ ﷺએ હુકમ આપ્યો કે : "હું તેની સાથે તે કામ કરું જે સારું છે. (એટલે કે તેની સાથે સદવર્તાવ કરું) અને કસમનો કફ્ફારો આપી દઉં." *(સુનને નિસાઈ, હદીષ-૩૭૮૮, ૭/૧૧)*

સંબંધ જોડવાનો આ ગુણ રસૂલુલ્લાહ ﷺની સીરતનું રોશન એવું પાસુ છે કે સહાબાએ કિરામ એના સંબંધે આપને કહેતા પણ હતા એકવાર હઝરત અબ્દુલ મુત્તલિબ બિન રબીઆ અને હઝરત ફઝ્લ બિન અબ્બાસ رضی اللہ عنہما કોઈ ગુઝારિશ લઈને આપની ખિદમતમાં હાજર થયા તો તેમણે આપને સંબોધતાં કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપ લોકોમાં સૌથી વધુ હુસ્ને સુલૂક કરવાવાળા અને સૌથી વધુ સિલએ રહમી કરવાવાળા છે."

જયારે ઉમ્મે હકીમ رضی اللہ عنہا રસૂલુલ્લાહ ﷺની પાસે થઈને પસાર થયાં તો પોતાના પતિને કહ્યું, "આપ લોકોમાં સૌથી વધુ હુસ્ને સુલૂક કરવાવાળા છે." *(અલ્મુસ્તદરક, ૩/૨૬૯)*

આપે હમેશાં ગાળોના જવાબમાં દુઆઓ આપી, સંબંધ તોડનારાઓ સાથે સંબંધ જોડયા. જયારે આપના પર પહેલી વહી નાઝિલ થઈ તો હઝરત ખદીજા رضی اللہ عنہاએ આપના જે ગુણોને આપની સચ્ચાઈના રૂપે પેશ કર્યા તો એમાંથી એક આપનું સંબંધ જોડવું પણ હતું. એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આ ગુણ વહીના ઉતરાણ પહેલાં પણ આપનામાં ઉત્તમ કક્ષાએ મૌજૂદ હતો. હઝરત ખદીજા رضی اللہ عنہاએ અર્ઝ કરી :–

"હરગિઝ નહીં ! (યા રસૂલલ્લાહ ! ﷺ) આપને મુબારક થાય કે અલ્લાહની કસમ ! અલ્લાહ આપને કદી બેઆબરૂ થવા દશે નહીં, બખુદા આપ સંબંધો જોડો છો, સદા સત્ય બોલો છો, કમજોરોનો બોજ ઉઠાવો છો, નાદારોને માલ અતા કરો છો, મહેમાનોની ખિદમત કરો છો, અને હક્કની રાહમાં ઉપસ્થિત થનારી મુસીબતો પર મદદ કરો છો." *(સહીહ મુસ્લિમ, ૩/૯૬, હદીષ–૨૨૯૭)*

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આપ ﷺના અખ્લાકે હસનાનું એક પાસુ સંબંધ જોડવું પણ છે.

## ★ એક તરફી ભલાઈ ચાહવું ★

નબી કરીમ ﷺના અખ્લાકે હસનાનું એક પાસુ એક તરફી ખેર ખ્વાહી (શુભેચ્છક રહેવું) પણ છે. એનાથી મુરાદ એ છે કે ભલુ ઈચ્છવું કેવળ એનાથી જ ન કરવામાં આવે જે આપનો ખૈર ખ્વાહ હોય, અને એની ખૈર ન ચાહે જે આપનું ભલુ ન ચાહે, બલ્કે જે આપનો ખૈર ખ્વાહ હોય એનું પણ ભલુ ચાહો અને જે આપનો બુરુ ચાહનાર હોય તેની પણ ભલાઈ ચાહવામાં આવે. ખૈર ખ્વાહી સોદાગરી કે વ્યાપાર નથી કે જેને આ પ્રમાણે પ્રદર્શિત કરવામાં આવે :–

*વફા કરોગે વફા કરેંગે, સિતમ કરોગે સિતમ કરેંગે*
*કે હમ ભી ઈન્સાં હૈં આપ જૈસે, જો તુમ કરોગે વો હમ કરેંગે*

બલ્કે એક તરફી ખૈરખ્વાહી (શુભેચ્છા)થી મુરાદ છે કે **જે તમને ગાળો આપે એમને પણ દુઆઓ આપો,** કેમ કે ખૈરખ્વાહી કોઈ વ્યાપાર નથી બલ્કે અખ્લાકે હસનાની પુકાર છે. જેવી રીતે તરસ્યો દરેક હાલતમાં પાણી પીએ છે એવી જ રીતે અખ્લાકે હસનાવાળો દરેક હાલતમાં અન્ય લોકો સાથે ખૈરખ્વાહ હોય છે.

રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલાએ જે ઉચ્ચ અખ્લાકના સંપૂર્ણ પયકર બનાવ્યા છે એનો એક મઝહર (પ્રદર્શન સ્થાન) એ પણ છે કે આપ દરેક હાલતમાં એક તરફી ખૈર ખ્વાહી કરતા હતા. જે આપના ખૈરખ્વાહ હતા, આપ ﷺ એમની પણ ખૈરખ્વાહી કરતા અને જેઓ આપ ﷺના લોહીના તરસ્યા હતા, આપ ﷺ એમની પણ હિદાયતના માટે તડપતા રહેતા હતા. જેમ કે હમણા હદીષે પાક વર્ણન થઈ કે ફર્માવ્યું, "મારા રબે મને હુકમ આપ્યો છે કે હું તેને માફ કરી દઉં જે મારા પર જુલ્મ કરે, અને એને પણ આપુ જે મને મેહરૂમ કરે."

મક્કાના કુરૈશીઓ તે સમય સુધી આપની પ્રશંસામાં ખોવાયેલા હતા જયાં સુધી આપે નબુવ્વતનું એલાન ન કર્યું હતું, જયાં સુધી આપે તેમને ઈસ્લામની દાવત ન આપી, તેઓ આપને "સાદિક" તથા "અમીન" કહેતા હતા. આપની પવિત્ર શખ્સિયતને એક આઈડિયલ નવયુવાનના રૂપે પેશ કરતા રહ્યા, અને આપની સચરિત્રતા તથા પાકદામનીના ગુણ ગાતા રહ્યા. પરંતુ જેવી રસૂલે કરીમ ﷺએ તેમને તૌહીદની દાવત આપી તો એમના માટે પોતાના રસ્મો રિવાજને છોડવા, બાપ દાદાના ચીલે ચાલવાથી બહાર આવવું અને પોતાના અંગત લાભોને હક્ક માટે કુર્બાન કરવું ખૂબ જ મુશ્કેલ હતું. એટલા માટે તેમણે ન કેવળ આપની દાવત ઠુકરાવી, બલ્કે આપના અતિ સખત દુશ્મન બની ગયા અને તેમની દુશ્મની એટલી

હદે પહોંચી ગઈ કે તેઓ તબાહ તથા બર્બાદ થવાનું તો કૂબૂલ કરી શક્તા હતા પરંતું આપ ﷺની દાવતને કૂબૂલ કરી શક્તા ન હતા! કુર્આને કરીમ તેમની દુશ્મનીને દર્શાવતાં વર્ણવે છે કે એકવાર તેઓએ કાબાના ગિલાફને પકડીને આ પ્રમાણે દુઆ માગી : "હે અલ્લાહ ! જો આ જ તારે ત્યાં હક્કૂ છે તો અમારા પર આસ્માનથી પથ્થર વરસાવી દે અથવા અમારા પર કોઈ દર્દનાક અઝાબ મોકલી દે." *(સૂ. અન્ફાલ, ૮/૩૨)*

આના પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે તેઓને હુઝૂર ﷺ સાથે એટલા પ્રમાણમાં નફરત તથા અદાવત હતી કે તેઓ આપ ﷺની વાત માનવાના બદલે તબાહ તથા બર્બાદ થઈ જવાને અગ્રતા આપતા હતા! નહીં તો તેઓ એવું ન કહેતા કે "જો આ હક્કૂ છે તો અમને તબાહ કરી દે !" બલ્કે તેઓ કહેતા કે હે અલ્લાહ ! જો આ હક્કૂ છે તો તું અમને એને માનવાની તૌફીકૂ આપી દે. તેમની આ નફરત તથા અદાવત છતાં હુઝૂર નબી કરીમ ﷺ તેમના શુભેચ્છક હતા, અને આપ ﷺ તેમની હિદાયતના માટે એટલા પ્રમાણમાં બેચૈન રહેતા હતા કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ફર્માવ્યું :

"કદાચ તમો તમારી જાન પર ખેલી જશો એ કારણે કે તેઓ ઈમાન નથી લાવતા" *(સૂ. શુઅરા, ૩/૨૬)*

આ એક તરફી ખૈર ખ્વાહીનું અંતિમ બિંદુ છે કે આપ ﷺ લોહીના તરસ્યાઓની બેહતરી તથા હિદાયતના માટે એટલા પ્રમાણમાં બેચૈન તથા પરેશાન રહેતા હતા કે જાણે એ ગમમાં પોતાના જાનની બાજી લગાડી આપશે.

આપ ﷺની પૂરી સીરતે તયબહ (જીવન ચરિત્ર) જ એક તરફી ખૈરખ્વાહીથી ભરપુર છે. જ્યારે ગઝવએ ઓહદના પ્રસંગે આપનો ચહેરા મુબારક ઝખ્મી થઈ ગયો, ખુદની કડીઓ આપના ચહેરા મુબારકમાં ઘુસી ગઈ તો સહાબાએ કિરામે અર્ઝ કરી, કાશ ! આપ એમની તબાહી માટે નુકસાનની દુઆ કરતા. તો આપ ﷺએ ફર્માવ્યું, "મને લઅનત કરનાર બનાવીને નથી મોકલવામાં આવ્યો, બલ્કે મને નિમંત્રક તથા રહમત બનાવીને મોકલવામાં આવ્યો છે. હે અલ્લાહ ! મારી કૌમને માફ ફર્માવ ! મારી કૌમને હિદાયત આપ ! તેઓ જાણતા નથી." *(મવાહિબુલ્લ દુન્નિયહ, ૨/૮૭, બૈરૂત)*

હુઝૂર નબીએ રહમત ﷺનું પૂરું પવિત્ર જીવન એક તરફી ખૈર ખ્વાહીથી ભરપુર છે, આપ ﷺ એ તાઈફમાં પથ્થર મારવાવાળાઓની પણ ખૈરખ્વાહી ચાહી અને રાહમાં કાંટા બિછાવવાવાળાઓની પણ.

આપ ﷺના અખ્લાકે હસનાના આ વિવિધ પાસાંઓ પર વિચારણા કરવાથી જેવી રીતે અખ્લાકૂ (સુસંસ્કાર)ના વર્તુળની વિશાળતા સમજમાં આવે છે તેવી રીતે તેને પોતાની જિંદગીમાં લાગુ કરીને સીરતથી તશ્કીલનો સામાન પણ મયસ્સર થાય છે. જે શખ્સે અખ્લાકે હસનાના આ હસીન તથા દિલકશ પયગામને પોતાના દિલમાં ઉતારીને પોતાની જાતને એ જ માળખામાં ઢાળી લીધી એણે જ સીરતના પયગામને સાંભળવાનો શરફ હાંસલ કર્યો અને તે જ બંને જહાનોમાં ખુશી પામ્યો. અલ્લાહ તઆલા સૌને અખ્લાકે હસનાના નૂરની મુનવ્વર તથા રોશન ફર્માવે, અને સીરતે તય્યબહના પ્રમાણે પોતાનું જીવન પસાર કરવાની તૌફીકૂ અતા ફર્માવે, આમીન. ❑ ❑ ❑


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

(વિસાલ-૨૨, જમા. આખર)

## નબીઓ પછી સર્વ ઈન્સાનોમાં સૌથી અફઝલ

# હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના અકીદાઓ

કાર્યાલય

અસ્દકુસ્સાદિકીન, ઈમામુલ મુત્તકીન, ખલીફતુલ મુસ્લિમીન, રાસુલ આશિકીન, પરવાનાએ શમ્એ રિસાલત, રાઝદારે મુસ્તફા, પયકરે સિદકો સફા, મહ્‌વરે તસ્લીમો રઝા, હામિલે નૂરે ખુદા, યારેગારે મુસ્તફા, કુશ્તએ ઈશ્કે મહબૂબે અન્વર, હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ શખ્સિયત છે જેમને કુદરતે અઝલ (પહેલા)થી જ પોતાના મહબૂબની રિફાકત તથા મઈય્યત (સંગાથ) અને મહોબ્બત તથા અકીદતના માટે ચૂંટી રાખ્યા હતા. એલાને નબુવ્વત પહેલાંથી જ આપને હુઝૂર ﷺની રિફાકત (દોસ્તી), સોહબત તથા સંગતનો શરફ મળી ચૂક્યો હતો. અને નબુવ્વતનું એલાન થતાં જ આપે કશાય ખચકાટ કે ટાળ મટોળ વિના ઈસ્લામ સ્વીકારી લીધો હતો. આપની એક વિશિષ્ટ શાન એ પણ છે કે આપનો વંશવેલો મા તથા બાપ બંનેવ તરફથી છટ્ઠી પેઢીમાં (હઝરત મર્રાથી) હુઝૂરે અકરમ ﷺના મુબારક પેઢીનામા સાથે જઈને મળે છે. આપને એ વિશિષ્ટતા પણ હાંસલ છે કે આપની ચાર પેઢીઓ સહાબિયતના શરફથી માલામાલ થઈ છે. આપની એક વિશિષ્ટતા એ પણ છે કે આપની સહાબિયતનું વર્ણન ખુદ કુર્આને કરીમમાં મૌજૂદ છે. (સૂ. તૌબા, આ. ૪૦) એટલા માટે ઉલમાનો મૌકફ છે કે **હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની સહાબિયતનો ઈન્કાર કુફ્ર છે.** આપે ઈસ્લામ સ્વીકારતા પહેલાં કદી પણ શરાબ પીધી નથી. એ હઝરત સિદ્દીકે અકબર જ હતા જેમણે મેઅરાજ શરીફ જેવા બુધ્ધિને દંગ કરી દે તેવા બનાવનું કશાય સંકોચ વિના સમર્થન કર્યું. હિજરતની રાત્રે પોતાનું ઘરબાર છોડીને પોતાના મહબૂબે અકરમ ﷺના આદેશ પર તેમની સાથે થઈ ગયા અને ઘરથી લઈ ગાર (ગુફા) સુધી અને ગારથી લઈને મદીના મુનવ્વરા સુધી ગુલામી તથા નિયાઝમંદીનો હક્ક અદા કરી આપ્યો. આપનાં મહાન કારનામાઓ જેમ કે મુર્તદ (દીનથી ફરી જવા)ના ફિત્નાનો પ્રતિકાર, ઝકાતના મુન્કિરો સાથે જંગ, જૂઠા નબુવ્વતના દાવેદારોનો પીછો, ઈરાક તથા શામ (સીરિયા)ની જીત, કુર્આને હકીમનું એકત્રીકરણ ખાસ નોંધપાત્ર છે. રબની બારગાહથી આપને શરૂથી જ ફિતરતની સલામતરવી, દિલ તથા દ્રષ્ટિની પવિત્રતા, બુધ્ધિ કૌશલ્યની ઉચ્ચતા તથા ઉચ્ચ દ્રષ્ટિ અતા કરવામાં આવી હતી. આપ رضی اللہ عنہ જૂદો સખા, હિલમ (સહનશીલતા) તથા હયા, વફાદારી તથા નમ્રતા, શુજાઅત તથા બહાદુરી, સગા સંબંધીથી સદવર્તાવ (સિલએ રહમી) તથા મહેમાનનવાઝી, સદાકત (સચ્ચાઈ) તથા અનામત, કનાઅત (જે મળે તેમાં સંતોષી) તથા શરાફત અને શફકત તથા મહોબ્બત જેવા ઉમદા ગુણોમાં અજોડ થઈ ચૂક્યા હતા, અને આ વાતનો સ્વીકાર આપના દુશ્મનોએ પણ કર્યો હતો. આપનો વિસાલ ૨૨–જમાદિઉલ આખર હિ.સ. ૧૩માં થયો.

### સિદ્દીકી ખયાલો તથા અકીદાઓ

એ વાત સિધ્ધ થયેલ ચૂકેલ છે કે વર્તમાન સમય ફિત્ના ફસાદ તથા વિવાદ અને વિખવાદનો દૌર છે, પરંતુ એ વાતથી પણ ઈન્કાર નથી કે સર્વ હંગામાઓ

છતાં મુસલમાનોના દિલોમાં સર્વ બુઝુર્ગો, સહાબાએ કિરામ, અહલે બયતે એઝામ તથા અન્ય સાલેહીનની ઈજ્જત, અઝમત તથા મહોબ્બત સમાયેલી છે. મુસલમાન આજે પણ તેમના સમક્ષ અક઼ીદતનું માથુ નમાવે છે અને તેમના ખયાલો તથા અક઼ીદાઓ (માન્યતાઓ)નું સ્વાગત તથા સન્માન કરતાં એની જ રોશનીમાં પોતાના અક઼ીદા તથા માન્યતાઓને સંવારવાની કોશિશ કરે છે. કેમ કે કુર્આને કરીમે નબીઓ, સિદ્દીક઼ો તથા શહીદો ઉપરાંત સાલેહીન (બુઝુર્ગો તથા નેક લોકો)ના માર્ગને પણ સિરાતે મુસ્તક઼ીમના નામથી વર્ણવેલ છે. (સૂ. નિસાઅ્, આ. ૬૯) અને મુસલમાન આ સિરાતે મુસ્તક઼ીમ (સીધા માર્ગ)ને આપનાવવાની કોશિશ કરે છે. જેથી વર્તમાનકાળમાં ઉઠી રહેલા ફિત્નાઓને લક્ષમાં લેતાં યોગ્ય જણાય છે કે હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہના અમુક ખયાલો તથા અક઼ીદાઓનું વર્ણન કરી દેવામાં આવે જેથી ઈન્સાફ પસંદ લોકો જાણી લે કે કયો મઝહબ અને કઈ જમાઅત હક્ક઼ના માર્ગે ચાલી રહી છે. લોકો જુએ વિચારે અને પોતાના અક઼ીદાઓને સિદ્દીક઼ી અક઼ીદા તથા માન્યતા પ્રમાણે ઢાળવવાની કોશિશ કરે.

## ઈમાન સ્વીકારના પ્રસંગનું બેક ગ્રાઉન્ડ

હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ વેપારી હતા. આપ એકવાર વેપાર અર્થે મુલ્કે શામ (સીરિયા) રવાના થયા. રાતે ઊંઘ દરમ્યાન એક અજીબ ખ્વાબ જોયો કે ચાંદ સૂરજ આસ્માનથી ઉતરી આવ્યા છે અને આપે એ બંનેવને સીનાથી લગાડી લીધા. વહેલી સવારે રાહિબની પાસે પહોંચ્યા. તેણે પૂછયું, ક્યાંથી આવ્યા છો ? ફર્માવ્યું, મક્કાથી. પછી પૂછયું, કયા ખાનદાનથી સંબંધ ધરાવો છો ? ફર્માવ્યું, કુરૈશથી. પછી પશ્ન કર્યો, આપ શું કામ કરો છો ? ફર્માવ્યું, વેપારી છું. પછી તેણે આપના ખ્વાબની તાબીર બતાવી કે તે આ પ્રમાણે પૂર્ણ થશે :–

''બેશક ! અલ્લાહ તઆલા તમારી ક઼ૌમથી એક નબી મબ્ઊષ ફર્માવશે તો તમે તેની હયાતમાં તેના વઝીર બનશો અને તેની વફાત પછી તેના ખલીફા તથા જાનશીન બનશો.'' *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ૧/૨૩૯, રિયાઝુન્નુદ્દરત, ૧/૪૧૩, અસ્સિયરતુલ હલબિયહ, ૧/૨૭૪, અલ્ખસાઈસુલ કુબરા, ૧/૭૨)*

પરત થતાં હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ દરે મુસ્તફા પર હાજર થયા. પૂછયું કે આપે નબુવ્વતનો દાવો કર્યો છે ?! નબી અકરમ ﷺએ ફર્માવ્યું, હા ! અર્ઝ કરી, કોઈ દલીલ ?! ફર્માવ્યું, શું એ દલીલ ઓછી છે જે મુલ્કે શામમાં જોઈને આવ્યા છો ? આપે તુરત જ કલ્મો પઢયો અને ઈસ્લામના વર્તુળમાં સામેલ થઈ ગયા.

આ બનાવને વહાબી, ગૈર મુક઼લ્લિદોના વિશ્વાસુ મૌલાના નવાબ સિદ્દીક઼ હસન ભોપાલીએ પણ પોતાની કિતાબ ''તકરીમુલ મો'મિનીન'' પેજ નં. ૧૦–૧૧ પર નક઼લ કર્યો છે.

## નબી માટે ઈલ્મે ગયબનો સ્વીકાર !

હવે જુઓ ! આ ખ્વાબ આપે મુલ્કે શામમાં જોયો અને તેને કેવળ રાહિબ જ જાણતો હતો. પરંતુ હુઝૂર ﷺએ મક્કા મુકર્રમામાં બેસીને તેને જાણી લીધો ! અને તેનો હવાલો આપ્યો, તો સૈયદના સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ વિચાર્યુ કે જે બનાવ મેં ખ્વાબમાં જોયો અને કેવળ રાહિબને બતાવ્યો આપ ﷺ તેને પણ જાણે છે, જેથી સાચા નબી છે. એટલે કે **આપે હુઝૂર ﷺના ''ઈલ્મે ગયબ''નું સમર્થન કરવાની સ્થિતિમાં ઈસ્લામ ક઼બૂલ કર્યો.** હવે ગુઝારિશ એ છે કે જે લોકો એ વાતનો ઢંઢેરો પીટે છે કે નબીના વિશે ઈલ્મે ગયબનો અક઼ીદો રાખનાર મુસલમાન નથી ! તેઓ બતાવે કે જો કોઈ મુસલમાન ઈલ્મે ગયબનો અક઼ીદો ધરાવે તેને તમો ઈસ્લામી વર્તુળથી કાઢીને બહાર કરી દો છો, તો પછી **હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہના ઈમાનના વિશે તમારું શું કહેવું છે ?! આપ رضی اللہ عنہનો ઈસ્લામ વિશ્વસનીય છે કે નહીં ?!** કેમ કે આપે તો ઈલ્મે ગયબને માનીને તેને સમર્થન કરતાં ઈસ્લામ સ્વીકાર્યો હતો ?! શું જવાબ છે દેવબંદી, વહાબીઓ પાસે ?!

## અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمْ પૂરતા છે

ગઝવએ તબૂક્ના મોક્। પર મહબૂબે ખુદા ﷺએ પોતાના જાનિષારોને જેહાદના માટે સહાય કરવા સૂચન કર્યું. તો યથાશક્તિ સર્વ સહાબાએ કિરામે આપની બારગાહમાં સહાય પેશ કરી. ઈન્તેઝાર હતો પરવાનાએ શમ્એ રિસાલત હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہનો ! થોડીક ઘડીઓ પસાર થઈ એવામાં આપ ખિદમતમાં હાજર થયા અને પોતાની સહાય બારગાહે રિસાલતમાં પેશ કરી આપી. ઝબાને રિસાલત મઆબથી સવાલ થયો, સિદ્દીક્ ! શું લાવ્યા છો અને શું છોડીને આવ્યા છો ?! આશિકે ઝારે મહોબ્બત ભર્યા લહેજામાં અર્ઝ કર્યું, મારા આક્। ! ઘરવાળાઓ માટે છોડવાનું શું હતું ?! આપના હુકમ પર સઘળો માલ દૌલત આપના મુબારક કદમોમાં ઢગલો કરી આપ્યો છે. બાકી રહી ગયાં ઘરવાળાં, તો "એમના માટે અલ્લાહ અને તેના રસૂલને છોડી આવ્યો છું." *(તિર્મિઝી, ૨/૨૦૮, અબૂ દાઊદ, ૧/૨૩૬, મિશ્કાત, પેજ–૫૫૬)*

આ રિવાયતની સ્પષ્ટતા કરતાં શયખ મુહક્કિક હઝરત શાહ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે.

"હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી કે હું એમના માટે અલ્લાહ વ રસૂલને છોડી આવ્યો છું, એટલે કે મેં દૌલત અને માલમાંથી તો કાંઈ નથી છોડયું, કેવળ અલ્લાહ عزوجلનો ફઝ્લ તથા રાઝિકિયત અને તેના રસૂલ ﷺની મદદ તથા ઈમદાદ તેમના માટે છોડીને આવ્યો છું" *(અશિઅતુલ લમ્આત, ૪/૬૩૯)*

**જુઓ ! હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ અલ્લાહની સાથે હુઝૂર ﷺની મદદને માનનારા છે. આજકાલ આ અકીદાને શિર્ક કહેવામાં આવે છે !** ન જાણે એ લોકો આ ફત્વાબાઝીમાં એટલી ઉતાવળથી શા માટે કામ લે છે ? વળી એવું પણ નથી વિચારતા કે આવી માન્યતા (અકીદો) કોઈ આજની ઉપજ નથી, બલ્કે ૧૪૦૦ વરસોથી એ અકીદા ચાલ્યા આવ્યા છે. બુરૂ થાય એવા ફત્વાઓનું જેના હેઠળ સહાબાએ કિરામ પણ બચી ન શકે ! **જો ઈસ્લામના સ્થાપકથી (ડાયરેક્ટ) તાલીમ પામવાવાળા તૌહીદ તથા શિર્કથી વાકેફ નથી તો આજ કાલના ફિત્નાખોરો તથા બુરાઈ ફેલાવનારા મોલ્વીઓ તૌહીદ તથા શિર્કની હકીકતને કેવી રીતે જાણી શકે છે ?!** એ લોકો પણ આ બનાવમાં બોધપાઠ લે કે જેમણે એક પરચો બહાર પાડયો છે જેનું હેડિંગ છે કે, "શું આપણા માટે અલ્લાહ પૂરતો નથી ?" હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના આ બનાવથી તેમને એ જવાબ મળી જાય છે કે આપણા માટે અલ્લાહ અને તેનો રસૂલ બંનેવ પૂરતા છે. એટલા માટે તો આપે અર્ઝ કર્યું, " હું તેમના માટે અલ્લાહ અને તેના રસૂલને છોડી આવ્યો છું" *(સુબ્હાનલ્લાહ !)*

## નમાઝમાં રસૂલનો ખયાલ નહીં બલ્કે તાઝીમ કરી ?!

સાહિબે ખુલ્કે અઝીમ, રઉફો રહીમ હઝરત રસૂલે અકરમ ﷺ એકવાર બની અમ્ર તથા બની ઔફની વચ્ચે સુલહ કરાવવાના માટે કુબા શરીફ તશરીફ લઈ ગયા હતા. પરત થવામાં આપને કાંઈક મોડુ થઈ ગયું. હઝરત સૈયદના બિલાલ رضی اللہ عنہએ અઝાન પઢી. હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہની બારગાહમાં અર્ઝ કરી કે રસૂલુલ્લાહ ﷺને મોડુ થઈ ગયું છે તો શું આપ લોકોને નમાઝ પઢાવી આપશો ? આપે ફર્માવ્યું, જેવી તમારી મરજી ! તો હઝરત બિલાલ رضی اللہ عنہએ ઈકામત કહી. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ઈમામતના મુસલ્લા પર ઉભા થયા અને હજી તકબીર કહીને નમાઝ શરૂ જ કરી હતી એટલામાં હુઝૂર ﷺ તશરીફ લઈ આવ્યા. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને સંપૂર્ણ રીતે ધ્યાનિત કરવાની કોશિશ કરી, પરંતુ આપ જ્યારે નમાઝ માટે ઉભા થતા તો આ દારે ફાનીથી તદ્દન બેખબર થઈ જતા હતા. જ્યારે આપે તવજ્જોહ ન કરી તો સહાબાએ કિરામે (ડાબા હાથની પીઠ પર જમણો હાથ મારીને) જોર જોરથી તાલીઓ બજાવી. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ઘણો શોર સાંભળ્યો તો એ તરફ ધ્યાનિત થયા તો અચાનક સરકાર صلی اللہ علیہ وسلمના ચેહરાએ વદુહા પર નજર પડી. મહબૂબે દો જહાં صلی اللہ علیہ وسلمએ ઈશારાથી ઈર્શાદ ફર્માવ્યો, નમાઝ પઢાવતા રહો. પરંતું આ સિદ્દીક હતા જે કુશ્તએ ઈશ્કે રસૂલ હતા ! મહબૂબે પાક صلی اللہ علیہ وسلمનો ઈશારો જોયો તો હાથ ઊંચા કરીને અલ્લાહની હમ્દો ષના કરી અને પાછા પગે હટી ગયા, સરકારે અબદ ક્રાર صلی اللہ علیہ وسلم આગળ વધ્યા અને નમાઝ પઢાવી. નમાઝથી પરવારીને સહાબાએ કિરામને ફર્માવ્યું, તમે નમાઝમાં તાલીઓ વગાડી રહ્યા હતા, જો કોઈ બનાવ ઉપસ્થિત થાય તો સુબ્હાનલ્લાહ કહીને ઈમામને ધ્યાનિત કરો. પછી આપે સિદ્દીકે અકબર رضی اللہ عنہને ફર્માવ્યું, અબૂબક્ર ! જ્યારે મેં ઈશારો કરી આપ્યો હતો તો ઈમામત કરાવવાથી કઈ ચીજે તમને રોક્યા ? હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ અદબપૂર્વક અર્ઝ કર્યું :

"અબૂ કહાફાના પુત્ર (અબૂ બક્ર)ને માટે જાઈઝ નથી કે અલ્લાહના રસૂલની આગળ ઉભો થઈને નમાઝ પઢે" ! *(બુખારી, ૧/૧૬૫, મુસ્લિમ, ૧/૧૭૯, અબૂ દાઊદ, ૧/૧૩૬)*

હુઝૂર ! મારી મહોબ્બત એ વાતની ઈજાઝત નથી આપતી કે હું આગળ હોઉં અને આપ પાછળ ! મને આપના અદબો એહતેરામે નમાઝ પઢાવવાથી રોક્યો છે. આપ صلی اللہ علیہ وسلمની તાઝીમ તથા તૌકીરે મને પાછળ હટવા પર મજબૂર કર્યો.

## નમાઝમાં નબીની તાઝીમનો બીજો બનાવ

જાને દો આલમ, રૂહે કાઈનાત صلی اللہ علیہ وسلمના બીમારીના દિવસોમાં એક દિવસ આપના હુકમથી સહાબાએ કિરામ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની ઈમામતમાં નમાઝ પઢી રહ્યા હતા, એવામાં હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمને કાંઈક રાહત મેહસૂસ થઈ તો આપ صلی اللہ علیہ وسلم હઝરત અબ્બાસ તથા હઝરત અલી رضی اللہ عنہماના સહારે હુજરા મુબારકના દરવાજા સુધી તશરીફ લાવ્યા, કાશાનએ મુબારકનો મુબારક પર્દો ઉઠાવ્યો અને સહાબાએ કિરામને જોઈને સ્મિત કરવા લાગ્યા. પેલી બાજુ સહાબાએ કિરામને આપ صلی اللہ علیہ وسلمની જાણ થઈ તો તેમણે ખુશીના માર્યા સફો તોડીને મુબારક ચહેરો જોવાનો મજબૂત ઈરાદો કરી લીધો, નજીક હતું કે સહાબાએ કિરામ رضی اللہ عنہم નમાઝ તોડી દેતા, એટલામાં હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ઈશારો ફર્માવ્યો, "નમાઝ પૂરી કરી લો ! અને કાશાનાએ અક્દસ (પવિત્ર ઘર)નો પર્દો પાડી દીધો." *(બુખારી, ૧/૯૪)*

સુબ્હાનલ્લાહ ! હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ સહિત સર્વ સહાબાએ કિરામ નમાઝની હાલતમાં મહબૂબે ખુદા તાજદારે અંબિયા صلی اللہ علیہ وسلمની તાઝીમ કરી રહ્યા છે. એક તરફ સહાબાએ કિરામનો મુબારક અમલ જુઓ, અને બીજી બાજુ **વહાબી, દેવબંદીઓના પેશવા ઈસ્માઈલ દહેલ્વીનો આ ફત્વો જુઓ કે "નમાઝમાં હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمનો ખયાલ બળદ તથા ગધેડાના ખયાલમાં ડૂબવા કરતાં બુરો છે."** (નઊઝુબિલ્લાહ !) કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખયાલ અદબ તથા તાઝીમ સાથે આવે છે જે "શિર્ક" તરફ ખેંચી જાય છે." *(સિરતુલ મુસ્તકીમ, પેજ–૧૧૮)*

હવે પૂછો એ તૌહીદના ઠેકેદારોને કે **હઝરત અબૂબક્ર رضی اللہ عنہને નમાઝમાં હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખયાલ પણ આવ્યો અને તેમણે તાઝીમની રૂએ મુસલ્લો પણ છોડી આપ્યો. તો બતાવો! સહાબાએ કિરામની નમાઝોના વિશે તમારો શો ખયાલ છે** ? એક તરફ તમારો ફત્વો કે, "નમાઝમાં હુઝૂરનો ખયાલ બળદ તથા ગધેડાના ખયાલ કરતાં બુરો છે" અને બીજી બાજુ આકાએ દો

જહાં ﷺનું ફર્માન કે, "સહાબા જે નમાઝમાં તમે મારી તાઝીમ કરી છે તે જ નમાઝને પૂર્ણ કરી લો !" **બંનેવમાંથી કોણ દુરુસ્ત છે ? તમારો ફત્વો કે હુઝૂર ﷺનો મુબારક હુકમ ?!** (શેઅર) *બોલ ! કે લબ આઝાદ હૈ તેરે !*

## વિસાલ બાદ "યા નબી" કહેવું

**(૧)** જ્યારે જાને કાઈનાત રસૂલુલ્લાહ ﷺ વિસાલ ફર્માવી ગયા તો સહાબાએ કિરામમાં શોર મચી ગયો. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને જ્યારે આ મહાન ઘટનાની જાણ થઈ તો આપ મસ્જિદે નબવીમાં પહોંચ્યા. સહાબાએ કિરામ આહો ભરી રહ્યા હતા. આપ ત્યાંથી ચાલ્યા અને સૈયદા આઈશા رضی اللہ عنہاના હુજરા મુબારકમાં આવ્યા, તો શું જોયું કે આપ ﷺ યમની ચાદરમાં સૂતેલા છે. આપે ચહેરા મુબારકથી પર્દો ઉઠાવ્યો, ઝુકીને રુખે યારને બોસો આપ્યો, સબ્રનું પાત્ર છલકી ઉઠયું, છમ છમ આંખો વરસવા માંડી. અર્ઝ કરી :–

"યા રસૂલલ્લાહ ! મારો બાપ આપના પર કુર્બાન ! અલ્લાહ તઆલા આપને બે મૌતો નહીં આપે" *(બુખારી, ૧/૧૬૬)*

**(૨)** બીજી રિવાયતના પ્રમાણે યારે ગાર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ મહબૂબ પાક ﷺને આ પૈગામ અર્ઝ કર્યો :–

"હુઝૂર ! આપના રબની બારગાહમાં અમ ગુલામોને પણ યાદ કરી લેજો." *(શરહે શિફાપ ૧/૩૫૬, ઝુર્કાની અલલ મવાહિબ, ૭/૨૮૨)*

**(૩)** વહાબીઓના મશહૂર આલિમ વહીદુઝ્ઝમાં હૈદ્રાબાદીએ લખ્યું છે, રિવાયતમાં છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનો પગ સુન મારી ગયો તો તેમણે કહ્યું, "યા રસૂલલ્લાહ !" *(લગાતુલ હદીષ, ૨/૧૯)*

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ હુઝૂર ﷺના વિસાલ બાદ "યા નબી અલ્લાહ !" "યા મુહમ્મદ ! યા રસૂલુલ્લાહ !"ના નારા લગાડી રહ્યા છે પરંતુ આજકાલના તૌહીદના બની બેઠેલો ઠેકેદારો વહાબી દેવબંદીઓ એને પણ શિર્ક ગણાવે છે ! અસ્તગફિરુલ્લાહ !

## આપણે રસૂલુલ્લાહ ﷺના છીએ !

સિદ્દીકે અકબર رضی اللہ عنہની અઝમત તથા મકામને પ્રદર્શિત કરવા માટે એકવાર હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "જેટલો ફાયદો મને અબૂબક્રના માલે આપ્યો એટલો કોઈના માલે ન આપ્યો." આશિકે ઝારે જ્યારે આ શબ્દો સાંભળ્યા તો રડી પડયા અને રડતાં રડતાં અર્ઝ કરી, આકા ! "હું શું ?! મારો માલ શું ? સર્વ કાંઈ આપ ﷺનું જ છે ! યા રસૂલુલ્લાહ ! ....." *(ઈબ્ને માજહ–૧૦, મુસ્નદે અહમદ, ૨/૨૫૩)*

જુઓ ! હઝરત અબૂબક્ર رضی اللہ عنہ હુઝૂરે અન્વર ﷺને પોતાની જાન તથા માલના માલિક તથા મુખ્તાર સમજે છે. હવે પૂછો વર્તમાન તૌહીદના કહેવાતા ઠેકેદાર વહાબી દેવબંદીઓને, કે શું આ રીતે ખુદાની મિલ્કિયત તથા ઈખ્તિયારમાં કોઈ ફરક નહીં આવે ?!

## હુઝૂર ﷺને મૌત તથા હયાતનો ઈખ્તિયાર

ખતીબુલ અંબિયા, હઝરત રસૂલે ખુદા ﷺએ સહાબાએ કિરામના મજમામાં એક વાર આખરી દિવસોમાં ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો. ખુત્બા દરમ્યાન ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ પોતાના એક બંદાને ઈખ્તિયાર આપ્યો છે કે તે દુનિયામાં રહે અથવા ખુદા પાસે ચાલ્યો જાય. તે બંદાએ અલ્લાહની પાસે જવાનું પસંદ કરી લીધું છે. એ મજમામાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પણ મૌજૂદ હતા. હુઝૂરે અકરમ ﷺની ઝબાન મુબારકથી આ શબ્દો સાંભળ્યા જ હતા, એટલામાં આપ ચોધાર આંસૂએ રડવા લાગ્યા. સહાબાએ કિરામને આશ્ચર્ય થયું અને કહેવા લાગ્યા કે આ બુઝુર્ગને કઈ ચીજે રડાવ્યા ?!

હુઝૂર ﷺ તો કોઈ બંદાની વાત કરી રહ્યા છે. હદીષના રાવી અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે (બાદમાં જાણ થઈ કે)" તે માણસ હુઝૂર ﷺ જ તો છે (જેમને દુનિયા તથા આખેરતનો ઈખ્તિયાર આપવામાં આવ્યો.)" *(બુખારી, ૧/૬૭)*

તિર્મિઝી શરીફમાં આ પ્રમાણે શબ્દો નક્લ કરવામાં આવ્યા છે : "જેને દુનિયામાં રહેવા અથવા આખેરતમાં જવાનો ઈખ્તિયાર આપવામાં આવ્યો છે, તે હુઝૂર ﷺની ઝાતે બાબરકત છે." *(તિર્મિઝી શરીફ, ૨/૨૦૭)*

હવે વિચારો કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ તો હુઝૂર ﷺને મૌત તથા હયાત સુદ્ધાંના માલિક તથા મુખ્તાર માને છે, જ્યારે દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે : "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી. *(તક્વિયતુલ ઈમાન)*

*તુમ હી કહો કે યહ અંદાઝે ગુફતગૂ ક્યા હૈ ?!*

## જન્નતના માલિક રસૂલુલ્લાહ ! ﷺ

તે ખુશનસીબ વ્યક્તિઓ જેમને હુઝૂરે અકરમ ﷺએ જન્નતી હોવાની બશારત સંભળાવી છે તે અશરાએ મુબશ્શરા (૧૦ ખુશનસીબ સહાબીઓ)માં સૌથી પ્રથમ નંબર પર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનું નામ આવે છે." *(તિર્મિઝી શરીફ, ૨/૨૧૬, ઈબ્ને માજહ : ૧૩, મિશ્કાત શરીફ, પેજ : ૫૬૬)*

અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની જેમ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ પણ વાંધો ન ઉઠાવ્યો કે હુઝૂર ! જન્નતનો માલિક તો ખુદા છે, તે જેને ચાહે જન્નતી બનાવી આપે, આપને આ અધિકાર ક્યાંથી હાંસલ થયો ?! પૂરો હદીષોનો સંગ્રહ ફેંદી વળો પણ ક્યાંય આ વાંધો જોવા નહીં મળે. તો **તમામ સહાબા સહિત હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનો એ અકીદો હતો કે હુઝૂર ﷺ જન્નતના માલિક છે,** જેને ચાહે જન્નતની ટિકિટ અતા ફર્માવી આપે. એટલે જાણો કે :–

*હમ રસૂલુલ્લાહ કે જન્નત રસૂલુલ્લાહ કી !*

## હુઝૂર ﷺ બીમારોને શિફા આપનાર

ગારે ષૌરમાં જ્યારે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને સાપે ડંખ મારી લીધો તો આંખોએથી આંસૂ નીકળી આવ્યાં. અને ક્યાં પડયાં ? ચહેરાએ મહબૂબ પર ! હુઝૂરે અન્વર ﷺએ મુબારક આંખો ખોલી. યારે ગારને જોયા કે તેમનાં આંસૂંઓ વહી રહ્યાં છે. ફર્માવ્યું, અબૂ બક્ર ! શા માટે રડી રહ્યા છો ? અર્ઝ કરી, આકા ! સાપે ડંખ માર્યો છે. ફર્માવ્યું, સાપને છોડો ! પગોને મારા તરફ કરો. આપે પગ આગળ કર્યો, "તો રસૂલે ખુદા ﷺએ પોતાનું થૂક મુબારક ઝહેરવાળી જગા પર લગાડયું તો ઝહેરની અસર તદ્દન જતી રહી....." *(મિશ્કાત, પેજ : ૫૫૬)*

આ બનાવ વહાબી ગૈર મુકલ્લિદોના પેશવા નવાબ સિદ્દીક હસનખાં ભોપાલીએ પણ 'તકરીમુલ મો'મિનીન' પેજ–૨૫ પર નક્લ કર્યો છે.

અલ્લાહુ અકબર ! હુઝૂર ﷺ પણ જાણતા હતા કે મારા લુઆબ (થૂક મુબારક)માં બીમારીથી શિફાની તાષીર મૌજૂદ છે, અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ પણ સમજતા હતા કે આપ શાફિઉલ ઈમરાઝ (બીમારીઓની શિફા આપનાર) છે, ત્યારે જ તો આગળ વધાર્યો. પરંતુ નામ માત્રના તૌહીદ પરસ્તો વહાબી દેવબંદીઓ આ અકીદાને પણ શિર્ક કહે છે !

## નવુ કામ સારું હોય તો બિદઅત નથી !

જંગે યમામામાં ઘણા કુર્આને પાકના હાફિઝો શહીદ થઈ ગયા તો સમયની ગંભીરતાને લક્ષમાં લઈને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ બારગાહે સિદ્દીક رضی اللہ عنہમાં અર્ઝ કરવા લાગ્યા કે જો આ રીતે જંગોમાં કુર્આનના હાફિઝો શહીદ થતા રહ્યા તો ખતરો છે કે

ક્યાંક કુર્આને કરીમનો મોટાભાગનો હિસ્સો વેડફાય ન જાય. મારી રાય છે કે આપ કુર્આનને એકત્ર કરવાની વ્યવસ્થા કરો. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ જવાબમાં ફર્માવ્યું, જે કામ હુઝૂર ﷺએ નથી કર્યું તે હું કેવી રીતે કરી શકુ છું ? હઝરત ઉમર رضی اللہ عنہ સતત મને આગ્રહ કરતા રહ્યા, ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ એ કામના માટે મારો સીનો પણ ખોલી નાખ્યો." *(બુખારી, ૨/૬૭૬, મિશ્કાત, પેજ-૧૯૩)*

જેથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ કુર્આનને એકત્ર કરવાનો હુકમ જારી કર્યો અને હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہએ કિતાબ સ્વરૂપમાં કુર્આનનું સંપાદન કર્યું. જાણવા મળ્યું કે હઝરત સિદ્દીકે અકબર, હઝરત ઉમર, હઝરત ઝયદ બિન ષાબિત તથા અન્ય સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعیننો એકમતિએ ફેંસલો છે કે જે કામ હુઝૂરે અકરમ ﷺએ ન અપનાવ્યું હોય, પણ જો તે સારું કામ હોય અને પસંદીદા અમલ છે તો તેને બિદઅત કહેવામાં નહીં આવે. તેને અપનાવવું અને તેના પર અમલ કરવો તદન દુરુસ્ત છે. ચિંતનનો મકામ છે તે બદ્અકીદાઓ વહાબી દેવબંદીઓ માટે જેઓ દરેક નવા કામને બિદઅત જેવા નાપાક તીર વડે છેદ પાડી દે છે. (શેઅર) :

*યહ હકાઈક હૈ તમાશાએ લબે બામ નહીં !*

## મેઅરાજના બનાવને વિના દલીલે માન્યો!

શબે અસ્રાના દુલ્હા, સૈયાહે લામકાં હઝરત રસૂલુલ્લાહ ﷺએ વહેલી સવારે જ્યારે વર્ણન કર્યું છે કે હું બયતુલ મુકદ્દસની સૈર કરીને આવ્યો છું. તો મક્કાના મુશ્રિકો હઝરત સિદ્દીકે અકબરની પાસે આવ્યા અને કહેવા લાગ્યા, તમારા સાથી કહી રહ્યા છે કે, હું આજે રાત્રે બયતુલ મુકદ્દસને જોઈને આવ્યો છું ! તો તમારું શું કહેવું છે ? આપે ફર્માવ્યું, શું તેમણે એવું કહ્યું છે ?! બોલ્યા, હા ! તો આપે ફર્માવ્યું, એમાં પરેશાનીમાં પડવાની કઈ વાત છે ? આપે સાચુ ફર્માવ્યું છે ! "હું તો રાત દિવસ આસ્માની ખબરોનું સમર્થન કરું છું જે આનાથી પણ વિરૂધ્ધ તથા બુલંદ છે (તો આનુ સમર્થન કેમ ન કરું !)" *(તફસીરે ઈબ્ને જરીર, ૧૫/૫, તારીખુલ ખુલફા, પેજ-૨૯, મુસ્તદરક, ૩/૬૨)*

અલ્લાહુ અકબર ! મસ્લકે સિદ્દીકે અકબર رضی اللہ عنہને સમજો ! લોકો તો એ ચક્કરમાં રહે છે કે ફલાણી રિવાયતનો ફલાણો ફલાણો રાવી ઝઈફ છે જેથી મોઅતબર નથી, પણ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ સ્પષ્ટ કરી આપ્યું કે રસૂલુલ્લાહ ﷺની અઝમત તથા રિફઅતની વાત જો કોઈ કાફિર તથા મુશ્રિક પણ બતાવે તો વિના સંકોચે માની લેવી ! તેની સનદ પર બહષ ન કરવી. આશિકોની આદત નથી કે મહબૂબોના વિશે વાત કરનારાઓને જુએ ! (કે કોણ કહે છે) એમને તો મહબૂબથી જ લેવા દેવા હોય છે, સંભળાવનાર કોઈ પણ હોય. તેઓ જોલી ફેલાવીને મહબૂબના વિશેના દરેક તે બનાવ, દરેક તે વાતને ભેગી કરે છે જેના થકી એમના મહબૂબની ઈજ્જત, અઝમત તથા રિફઅત જાહેર થાય છે.

## દુશ્મને અહમદ પર શિદ્દત (સખ્તી) !

હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ઘણા જ સંયમી મિજાઝવાળા, સહનશીલ, નરમ દિલ તથા પ્રેમભાવવાળા મહેરબાન હતા. પરંતુ જ્યારે ફખ્ખાસ નામના યહૂદી થકી અલ્લાહ તઆલાની તૌહીન સાંભળી કે, "અલ્લાહ મોહતાજ છે અને અમે ગની છીએ." તો આપે આપના સર્વ સંયમીપણા, સહનશીલતાવાળા હોવા છતાં તેને જબ્બર થપ્પડ ચોડી દીધી. *(તફસીરે દુર્રે મન્સૂર, ૨/૧૦૬, તફસીરે અબૂ સઊદ, ૨/૧૨૧, તફસીરે કબીર, ૯/૧૧૭, રૂહુલ મઆની, ૩-૪/૧૪૦)*

એ જ પ્રમાણે જ્યારે હુદૈબિયાના સ્થળે ઉરવા બિન મસઊદે હુઝૂરે અકરમ ﷺને કહ્યું કે તમો

તમારા સહાબીઓ પર નાઝ ન કરો ! જો કુરૈશી તમારા પર ગાલિબ થઈ ગયા તો આ બધા જ જાન છોડાવીને નાસી છૂટશે અને તમને એકલા છોડી દેશે. એ વખતે પણ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની ઈમાની ગૈરતને જોશ આવ્યો અને ઉરવા બિન મસ્ઊદને એવા શબ્દો કહ્યા કે તેના હોશ ઠેકાણે આવી ગયા. આપે ફર્માવ્યું, ''જાવ ! (તમારા મઅબૂદ) ''લાત''ની શર્મગાહ ચૂંસો !'' *(બુખારી,૧/૩૭૮, મુસ્નદે અહમદ, ૪/૩૨૯)*

પ્રિય વાંચકો ! જોઈ રહ્યા છો કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ દુશ્મને ખુદા વ મુસ્તફાને કેવું રોકડુ પરખાવી રહ્યા છે !! આજે જો કોઈ ગુસ્તાખે રસૂલના વિશે સખ્તી તથા કડકાઈ અપનાવવામાં આવે તો લોકો તેને પૂર્વગ્રહ અને સભ્યતા વિરુદ્ધનો તરીકો ઠરાવે છે. જ્યારે કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો ફૈસલો છે કે : *દુશ્મને અહમદ પે શિદ્દત કીજીએ !* હવે બતાવો, તમે કયો તરીકો અપનાવવાનું પસંદ કરશો ?!

## અંગૂઠા ચૂમીને મહબૂબના નામની તા'ઝીમ

મહબૂબની તા'ઝીમનો કોઈ તરીકો ખાસ નિશ્ચિત નથી. વિવિધ તરીકાઓ વડે તા'ઝીમ કરી શકો છો. એક તરીકો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ એ બતાવ્યો છે કે મહબૂબે અન્વર ﷺ મસ્જિદે નબવીમાં બિરાજમાન છે. મોઅઝ્ઝિને રસૂલ હઝરત સૈયદના બિલાલ رضی اللہ عنہ આવ્યા. અઝાન શરૂ કરી. આશિકે ઝાર હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ જ્યારે નામે પાક ''અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ !'' સાંભળ્યું તો બંનેવ અંગૂઠા ચૂમ્યા અને આંખોએ લગાડયા. *(તફસીરે રૂહુલ બયાન, ૭/૨૨૯, હાશિયા તફસીરે જલાલૈન, પેજ–૩૫૭, મકાસિદે હસના, પેજ–૩૮૩)*

હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ રાસૂલ આશિકીન છે. આપનો અમલ હુજ્જત તથા દલીલ છે. એટલા માટે મુહદ્દિષ ઈમામ અલી કારી رحمۃ اللہ علیہએ ઈર્શાદ ફર્માવ્યો, **''જ્યારે આ વાત (અંગૂઠા ચૂમવું) હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہથી સાબિત છે તો અમલના માટે પૂરતુ છે.''** *(મૌઝૂઆતે કુબ્રા, પેજ–૨૧૦, મૌઝૂઆતે કબીર, પેજ–૬૪)*

## વિસાલ પામેલ મહબૂબથી દફનની ઈજાઝત

આશિકે ઝાર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો અંતિમ સમય છે, થોડીક જ ઘડીઓના મહેમાન છે. અચાનક દિલમાં એક ખયાલ આવ્યો તો અમુક સહાબીઓને બોલાવ્યા. ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે મારી રૂહ પરવાઝ કરી જાય તો મારા ગુસ્લ અને કફન પછી મહબૂબ ﷺના આસ્તાના પર લઈ જજો. બારગાહે બેકસ પનાહમાં અર્ઝ કરજો, આકા ! યારે ગાર યારે મઝાર બનવાની ઈજાઝત ચાહે છે ! જો મહબૂબ ﷺના હુજરાથી ઈજાઝત મળે તો યારના પહલુમાં લેટાવી દેજો, નહીં તો જન્નતુલ બકીઅમાં લઈ જજો. જેથી એ જ પ્રમાણે કરવામાં આવ્યું. સર્વ સહાબાએ કિરામ બારગાહે નબવી ﷺમાં હાજર થયા. અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! ﷺનું નઝરાણુ પેશ કર્યા બાદ અર્ઝ કરી, આકા ! આ અબૂબક્ર ખિદમતમાં હાજર છે, આપની સાથે દફન થવાની ભીખ માગી રહેલ છે. આટલુ અર્ઝ કરતાં તરત જ રોઝએ અકદસનો દરવાજો ખુલી ગયો અને મઝારે પાકથી અવાજ આવ્યો : ''યારને યારની સાથે મિલાવી દો.'' *(તફસીરે કબીર, ૨૧/૮૭, સીરતે હલબિયા, ૨/૪૮૮, અલ્ ખસાઈસુલ કુબ્રા, ૨/૪૦૮)*

આ જ બનાવ વહાબી ગૈર મુકલ્લિદોના મુજદ્દિદ નવાબ સિદ્દીક હસનખાં ભોપાલીએ ''તકરીમુલ મો'મિનીન''માં પેજ નં. ૩૭ પર, અને દેવબંદીઓના હકીમુલ ઉમ્મત અશરફ અલી થાનવીએ ''જમાલુલ ઔલિયા''માં પેજ નં. ૨૯ પર લખ્યો છે.

જુઓ ! સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હઝરત સિદ્દીકે અકબર

رضی اللہ عنہની વસિયતને પૂર્ણ કરી રહ્યા છે, જેનાથી ઉઘાડા દિવસની જેમ સ્પષ્ટ થઈ રહ્યું છે કે **સર્વ સહાબાએ કિરામ અને ખાસ કરીને હઝરત સૈયદના સિદ્દીકે અકબર** رضی اللہ عنہ**નો અકીદો** એ છે કે :–

- હુઝૂરે અકરમ ﷺ રોઝા પાકમાં હકીકી હયાત સાથે ઝિંદા છે.
- પોતાના ગુલામોનો પયગામ, દુરૂદો સલામ તથા ફરિયાદ સાંભળે છે.
- અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! ﷺ પઢવું દુરૂસ્ત છે.
- આપ ﷺને એ ઈખ્તિયાર પણ હાંસલ છે કે ગુલામો તથા નિયાઝમંદોની હાજતો તથા મુરાદો પૂરી ફર્માવે.
- રોઝએ અકદસની નિય્યત કરીને ત્યાં હાજરી આપવી જાઈઝ તથા દુરૂસ્ત છે, શિર્ક તથા બિદઅત નથી.
- હુઝૂર ﷺની બારગાહમાં પોતાની હાજત પેશ કરવી દુરૂસ્ત છે, શિર્ક નથી.

'અહલે સુન્નત વ જમાઅત' ખૂબ જ દાદને પાત્ર છે કે આ ફિત્ના તથા ફસાદ, વિવાદ તથા વિખવાદના દૌરમાં તેમના અકીદા તથા માન્યતાઓ સહાબાએ કિરામ, અને ખાસ કરીને હઝરત સિદ્દીકે અકબર رضوان اللہ تعالیٰ علیہم اجمعینના અકીદા, ખયાલો તથા માન્યતાઓ પ્રમાણે છે. ફિલ્લાહિલ્ હમ્દ.

*–(માહનામા નુરૂલ હબીબ–પાક., એપ્રિલ–૨૦૧૬, અઝ : અલ્લામા ગુલામ મુર્તઝા સાકી)*

## શબે મેઅરાજના નવાફિલ

(કાર્યાલય)

**૧૨ રકાત :** (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ.** ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ.

**ફઝીલત :** જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કબૂલ થશે.

**૬ રકાત :** (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત :** તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

**૨ રકાત :** દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

**૨ રકાત :** પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ,** બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે.

**ફઝીલત :** આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

**૧૦ રકાત :** (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન,** બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهِ الطَّاهِرِيْنَ

وَلَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.)*

**ફઝીલત :** અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

**ગુસ્લની ફઝીલત :** હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

**રોઝાની ફઝીલત :** જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે.

*(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

# શું ૨૭ રજબે
# શબે મેઅરાજ મનાવવી પણ બિન ઈસ્લામી ?!

—કાર્યાલય

રસૂલે પાક ﷺથી કીનો ધરાવનાર અદાવતે રસૂલમાં ચૂર આ અક્કલ કૂવામાં ફેંકી ચૂકેલા "અક્કલકૂવા"ના વહાબી દેવબંદીઓ મેઅરાજનો ખુલ્લો ઈન્કાર ન કરી શક્યા તો હવે સુન્નીઓ થકી મેઅરાજ શરીફ ૨૭–રજબના રોજે જે મનાવવામાં આવે છે, ઈબાદત કરવામાં આવે છે, રોઝો રાખવામાં આવે છે તેને પણ પોતાના માસિક 'બયાને મુસ્તફા'માં નાજાઈઝ તથા હરામ દર્શાવ્યું છે અને કારણ ફક્ત એટલું દર્શાવ્યું કે **મેઅરાજ શરીફ કયા દિવસે થઈ તેમાં મતભેદો છે, એટલે એ નાજાઈઝ તથા હરામ છે !** અને એ જ અર્થમાં 'સદાએ મર્કઝ' નામના અંકલેશ્વરથી પ્રસિદ્ધ થતા દેવબંદી ફિર્કાના માસિક (ઓગસ્ટ–૨૦૦૬)માં ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવા વિરુદ્ધ લખાણ હતું. હાલ પણ દેવબંદી માસિક "ઉમ્મીદ" સૂરતમાં તથા અન્ય દેવબંદી ફિર્કાનાં માસિકો દર વરસે એવું લખતાં જ રહે છે, જેથી તેના સંબંધે અમે અહલે સુન્નતના વિવિધ દારુલ ઈફતાને સવાલ કર્યો હતો તેમાંથી કેવળ એક જ સ્પષ્ટ જવાબ અત્રે સવાલ સાથે રજૂ કરીએ છીએ જે સર્વ ગુમરાહીની આંધીઓનાં વાદળોને વિખેરવા માટે પૂરતો છે. સાંભળો :–

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન તથા શરીઅતે પાકના મુફતીઓ નીચેના મસાઈલમાં કે; એક દેવબંદી માસિક 'સદાએ મર્કઝ' જે અંકલેશ્વરથી પ્રસિદ્ધ થાય છે એના ઓગસ્ટ–૨૦૦૬ના અંકમાં લખ્યું છે :–

"૨૭ રજબમાં કોઈ ખાસ ઈબાદતો, તસ્બીહો તથા દુઆઓની કોઈ સાબિતી નથી મળતી. શબે મેઅરાજ જે આપણે ત્યાં મનાવવામાં આવે છે તેની ઈસ્લામમાં કોઈ અસ્લ (દલીલ) નથી. આવી **મેઅરાજ મનાવવી વાહિયાત** અથવા **ગુનાહનું કામ** છે. જેને ઈસ્લામ સાથે કોઈ લેવા દેવા નથી.

હુઝૂર ﷺ મેઅરાજમાં બયતુલ્લાહથી બૈતુલ મુકદ્દસ પછી સિદરતુલ મુન્તહા અને સાતેવ આસ્માનો સુધી તશરીફ લઈ ગયા, એટલે સુધી દુરુસ્ત છે. પરંતુ આ બનાવ કયા મહિનામાં થયો તેના વિશે કોઈ નિશ્ચિત વાત મૌજૂદ નથી. ઘણા લોકો આ બનાવ સંબંધે રજબનો કૌલ કરે છે અને અમુક લોકો રબીઉલ અવ્વલનો કૌલ કરે છે. કઈ તારીખે આ બનાવ બન્યો તેના વિશે પણ સખત મતભેદ છે. ૨૭ રજબ વિશે કોઈ યકીની કૌલ મૌજૂદ નથી જેથી ૨૭ રજબે મેઅરાજ મનાવવું દુરુસ્ત નથી."

વધુમાં લખ્યું છે કે :–

"મેઅરાજનો આ બનાવ નબી ﷺને 'પયગંબરી મળવાના' પાંચ વરસ પછી પેશ આવ્યો. જેનો અર્થ એ થયો કે આપના પવિત્ર જીવનમાં ૧૮ વાર મેઅરાજની રાત આવી પણ આપે કદી શબે મેઅરાજ મનાવી હોય એની કોઈ સાબિતી નથી, ન કદી આપે એને મનાવવાનો હુકમ આપ્યો જેવી રીતે શબે કદર તથા શબે બરાત મનાવવાનો હુકમ આપ્યો. ન સહાબાથી સાબિત છે કે તેમણે હુઝૂર ﷺના બાદ ૧૦૦ વરસોમાં શબે મેઅરાજ મનાવી હોય. એટલા માટે એને મનાવવું અને અધિક ઈબાદતની વ્યવસ્થા કરવી 'બિદઅત' તથા 'ઈસ્લામ વિરુધ્ધ' છે.

એ જ પ્રમાણે એ દિવસે રોઝો રાખવો પણ સાબિત નથી. કિતાબોમાં છે કે કેટલાક લોકોએ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં ૨૭ રજબે ખાસ ઈબાદત કરી તથા રોઝો રાખ્યો. આપને ખબર

થઈ તો આપ ઘરેથી નીકળ્યા અને એક શખ્સની પાસે પહોંચ્યા અને જબરદસ્તી કહ્યું કે તમે હમણા મારી સામે આવો અને રોઝો તોડો ! આ રીતે તુરત જ એક બિદઅતને ફેલતાં રોકી. આ વાતો તમે જાણી લીધી તો હવે રજબના ખુરાફાતની કોઈ ગુંજાઈશ રહી જ નથી.'' *(સદાએ મર્કઝ માસિક, અંકલેશ્વર, ઓગસ્ટ–૨૦૦૬)*

તો હવે સવાલ એ છે કે :–

**૦૧.** રજબ મહિનામાં મેઅરાજની કોઈ સાબિતી છે કે નથી ?

**૦૨.** ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવી એ ખરેખર બિદઅત તથા ઈસ્લામ વિરુદ્ધનું કૃત્ય છે ?

**૦૩.** ૨૭ રજબના રોઝો રાખવો બિદઅત છે ? અને જે દર્શાવેલ કિતાબમાં હઝરત ઉમરના હવાલાથી જે પ્રસંગ વર્ણવ્યો છે તેની શું અસલ છે ?

દલીલબદ્ધ અને વિગતવાર જવાબ એનાયત ફર્માવીને કૌમનું માર્ગદર્શન કરશો. *(પ્રશ્નકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી**, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

## ★ ૨૭ રજબે શબે મેઅરાજ વિશે મશ્હૂર મુહદ્દિષોનાં કથનો ★

**અલ્ જવાબ** : اَللّٰهُمَّ هِدَايَةَ الْحَقِّ و الصَّوَابِ મઅરાજુન્નબીનો દિવસ એક પવિત્ર તથા ઐતિહાસિક દિવસ છે જેની રાતમાં અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા નબીને તે કુર્બ (નિકટતા) અર્પણ કર્યો કે અન્ય અંબિયાને એ કુર્બ અતા ન થયો. અને શબે મેઅરાજના રોજ નબી ﷺએ માથાની આંખો વડે જાગૃતાવસ્થામાં પોતાના રબનો દીદાર કર્યો અને એ રાતમાં નમાઝનો તોહફો આપવામાં આવ્યો. આવા મુકદ્દસ તથા ઐતિહાસિક દિવસોને **ઐયામિલ્લાહ** (અલ્લાહના દિવસો) કહેવામાં આવે છે, જેને યાદ કરવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો. ઈર્શાદે ખુદાવંદી છે : وَذَكِّرْهُمْ بِاَيَّامِ اللّٰهِ ''અલ્લાહના દિવસોની ચર્ચા કરો.'' *(પારા–૧૩, રુકૂઅ–૧૩)*

અને યાદ કરવાની વિવિધ સ્થિતિઓ છે : તે દિવસે રોઝો રાખીને, ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરીને અથવા તો જલસો કે ઝિક્રની મેહફિલ ગોઠવીને. અને એ સમયોમાં વર્ણવેલ કાર્યો કરવાની **મનાઈની કોઈ દલીલ જ્યાં સુધી ન મળી જાય ત્યાં સુધી** એ કાર્યો પોતાની અસલના એ'તબારથી **જાઈઝ** થશે.

એ સહીહ છે કે મેઅરાજની તારીખ, મહિના તથા સાલમાં ઉલમાએ સિયર તથા મુહદ્દિષો વચ્ચે જબદસ્ત મતભેદ છે. મેઅરાજ બઅષત (નબુવ્વતના એલાન) પછી હિજરત પહેલાં કે હિજરત પછી થઈ ? વળી બઅષત પછી હિજરત પહેલાં કેટલા વરસો પહેલાં થઈ ? એમાં પણ વિવિધ કથનો છે, વળી મહિનામાં પણ મતભેદ છે. કોઈકે રબીઉલ અવ્વલ, કોઈકે રબીઉલ આખર, કોઈએ રજબ, કોઈએ રમઝાન, કોઈએ શવ્વાલ કહ્યું.

પણ અધિક મજબૂત તથા મશ્હૂર એ છે કે બઅષત પછી હિજરત પહેલાં ૨૭ રજબની રાતમાં થઈ. મહાન મુહદ્દિષ હાફિઝ અબ્દુલગની મુકદ્દસી એ એને જ અપનાવેલ છે. **મવાહિબે લદુન્નિયા**માં છે :–

كَانَ لَيْلَةَ السَّابِعِ وَالْعِشْرِيْنَ مِنْ رَجَبٍ۔ وَاخْتَادَهُ الحَافِظُ عَبْدُ الْغَنِى بِنْ سَرُوَرُ اَلْمُقَدَّسِىُ

**(અર્થ)** : ''મેઅરાજ ૨૭ રજબની રાતમાં થઈ. હાફિઝ અબ્દુલગની મુકદ્દસીએ એને અપનાવેલ છે.''

આ કૌલ હેઠળ **ઝુર્કાની અલલ્ મવાહિબ**માં છે :

وَعَلَيْهِ عَمَلُ النَّاسِ : قَالَ بَعْضُهُمْ : وَهُوَ الْاَ قْوىٰ فَاِنَّ الْمَسْئَلَةَ اِذَا كَانَ فِيْهَا خِلَافٌ لِلْسَلَفَ وَلَمْ يَقُمْ دَلِيْلٌ عَلىٰ التَّرْجِيْحِ وَ اِقْتَرَنَ الْعَمَلُ بِاَحَدِ الْقَوْلَيْنِ اَوِالْاَقْوَالُ وَ تَلَقّٰى بِالْقُبُوْلِ فَاِنَّ ذٰلِكَ مِمَّا يَغْلُبُ عَلىٰ الظَّنِّ كَوْنُهُ رَاجِحًا۔

**(અર્થ)** : ''૨૭ રજબવાળા કૌલ (કથન) પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, આ જ કથન અધિક મજબૂત છે, કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા માટે કોઈ દલીલ કાયમ ન થાય અને કોઈ એક કૌલની સાથે અમલ લાગુ થઈ જાય અને તેને કબૂલિયત હાંસલ

થાય તો અધિક્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.'' *(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૨, પેજ–૭૧)*

એટલે કે ૨૭ રજબવાળા કથન પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, એ જ કૌલ અધિક મજબૂત છે. કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા આપવા માટે કોઈ દલીલ સ્થાપિત ન થાય અને કોઈ એક કૌલ સાથે અમલ લાગુ થઈ જાય અને તેને કૂબૂલિયત હાંસલ હોય તો અધિક્તર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.

અને વહાબીઓ દેવબંદીઓનું એ કહેવું કે, ''હુઝૂરની જિંદગીમાં મેઅરાજની રાત વિવિધ વાર આવી, સહાબીઓની જિંદગીમાં કેટલીયેવાર આવી, પણ તે હઝરાતે કદી શબે મેઅરાજ ન મનાવી અને ન કદી મનાવવાનો હુકમ આપ્યો, એટલા માટે એ બેઅસ્લ છે.''....**પ્રથમ** તો તેને બેઅસ્લ કહેવું વહાબીઓની જેહાલત છે. નીચે અમે અમુક રિવાયતો નકલ કરીએ છીએ જેનાથી સ્પષ્ટ થઈ જશે કે એના માટે અસ્લ (મૌજૂદ) છે.

**બીજુ** કે એ હઝરાતે જશ્ને મેઅરાજુન્નબી મનાવવાથી મના ક્યારે કર્યુ ? વહાબી એને સાબિત કરી આપે ! અને **જ્યારે વસ્તુમાં અસલ અબાહત (મુબાહ હોવું) છે તો અસલના એ'તબારથી જાઈઝ હોવાનો હુકમ થશે.**

**ત્રીજુ** એ કે જો વહાબીઓને દરેક કામ માટે અસલની જરૂરત હોય તો પછી બતાવે કે દારુલ ઉલૂમ દેવબંદનો ''સદ સાલા જશ્ન'' (શતાબ્દીનો જશ્ન) મનાવવામાં આવ્યો તેની શું અસ્લ છે ? શું કુરૂને ષલાષા (રસૂલ, સહાબા, તાબઈના જમાના)માં આ પ્રકારનો કોઈ ''સદ સાલા જશ્ન'' થયો હતો ? હવે અમે એ રિવાયતોને વર્ણવીએ છીએ જેનાથી શબે મેઅરાજના રોજ ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરવાની તથા ૨૭ રજબે નફ્લી રોઝો રાખવાની સાબિતી પૂરી પડે છે.

## ★ ૨૭ રજબે ઈબાદત તથા રોઝાની સાબિતી ★

'બયહકી' તથા 'શોઅબુલ ઈમાન' તથા 'દયલમી' એ 'મુસ્નદુલ ફિરદોસ'માં સલ્માન ફારસી رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત કરી કે :–

فِی رَجَبٍ یَوْمٌ وَلَیْلَۃٌ مَنْ صَامَ ذٰلِکَ الْیَوْمَ وَقَامَ تِلْکَ اللَّیْلَۃَ کَانَ کَمَنْ صَامَ الدَّھْرَ مِأَۃَ سَنَۃٍ وَھُوَ لِثَلٰثٍ بَقِیْنَ مِنْ رَجَبٍ وَفِیْہِ بَعَثَ اللّٰہُ تَعَالٰی مُحَمَّداً صلی اللہ علیہ وسلم قَالَ الْبَیْھَقِی مُنْکِرٌ

**''રજબમાં એક દિવસ અને એક રાત છે, જે એ દિવસનો રોઝો રાખે અને તે રાત નવાફિલ (નફ્લો પઢવામાં) પસાર કરે તે સો (૧૦૦) વરસના રોઝાઓ તથા સો (૧૦૦) વરસની શબ બેદારીના સમાન થશે અને તે ૨૭ રજબ છે.** એ જ તારીખે અલ્લાહ عزوجلએ મુહમ્મદ صلی اللہ علیہ وسلمને મબઊષ કર્યા.

તેમજ એમાં જ અબાન ઈબ્ને અયાશના તરીક઼ાથી હઝરત અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત પામેલ છે :–

فِی رَجَبٍ لَیْلَۃٌ یُکْتَبُ فِیْھَا لِلْعَامِلِ حَسَنَاتِ مِأَۃَ سَنَۃٍ وَذٰلِکَ لِثَلٰثٍ بَقِیْنَ مِنْ رَجَبٍ فَمَنْ صلّٰی فِیْہِ اثْنَتٰی عَشَرَۃَ رَکْعَۃً یَقْرَءُ فِی کُلِّ رَکْعَۃٍ فَاتِحَۃَ الْکِتَابِ وسُوْرَۃً مِنَ الْقُرْآنِ وَیَتَشَھَّدُ فِی کُلِّ رَکْعَۃٍ وَیُسَلِّمُ فِی آخِرِھِنَّ ثُمَّ یَقُوْلُ سُبْحَانَ اللّٰہِ وَالْحَمْدُ لِلّٰہِ وَلَا اِلٰہَ اِلَّا اللّٰہُ وَاللّٰہُ اَکْبَرُ مِأَۃَ مَرَّۃً وَ یَسْتَغْفِرُ مِأَۃَ مَرَّۃً وَیُصَلِّی عَلَی النَّبِی صلی اللہ علیہ وسلم مِأَۃَ مَرَّۃً وَیَدْعُو لِنَفْسِہٖ بِمَا شَاءَ مِنْ دُنْیَاہُ اَوْ آخِرَتِہٖ وَیُصْبِحُ صَائِماً فَاِنَّ اللّٰہَ یَسْتَجِبُ دُعَاءَہٗ کُلَّہٗ اِلَّا اَنْ یَدْعُوْنَ فِی مَعْصِیَۃٍ۔

**''રજબમાં એક રાત છે કે એમાં નેક અમલ કરવાવાળાને સો (૧૦૦) વરસની નેકીઓનો સવાબ છે અને તે રજબની ૨૭મી રાત છે. જે એમાં બાર રકાતો પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા અને એક સૂરત અને દરેક બે રકાત પર અત્તહિય્યાત અને છેવટમાં સલામ બાદ** سُبْحَانَ اللّٰہِ وَالْحَمْدُ لِلّٰہِ وَلَا اِلٰہَ اِلَّا اللّٰہُ وَاللّٰہُ اَکْبَرُ

***સુબ્હાનલ્લાહિ વલ્ હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર*** **સો વાર, ઈસ્તિગફાર સો વાર, દુરૂદ સો વાર. અને પોતાની દુનિયા તથા આખેરતથી જે ચીજની ચાહે દુઆ માંગે અને સવારે રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેની સર્વ દુઆઓ કૃબૂલ ફર્માવે.**

قَالَ الْبَيْهَقِيُّ هُوَا اَضْعَفُ مِنَ الَّذِيْ قَبْلَهٗ قَالَ اِبْنُ هَجَرٍ فِيْهِ مُتَّهِمَانِ

'ફવાઈદુન્નિહાદ'માં અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

بُعِثْتُ نَبِيًّا فِيْ السَّابِعِ وَالْعِشْرِيْنَ مِنْ رَجَبٍ مَنْ صَامَ ذٰلِكَ الْيَوْمَ وَدَعَاعِنْدَ اِفْطَارِهٖ كَانَتْ كَفَّارَةً عَشَرَ سِنِيْنَ

**(અર્થ) : "સત્તાવીસ (૨૭) રજબે મારી બઅષત થઈ, જે એ દિવસનો રોઝો રાખે અને ઈફ્તારના વખતે દુઆ કરે તે દસ વરસના ગુનાહોનો કફ્ફારો બનશે."** اَسْنَادُهٗ مُنْكَرٌ

જુઝએ અબૂ મઆઝ મરૂઝીમાં શહર ઈબ્ને હવશબના તરીકાથી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે :–

مَنْ صَامَ يَوْمَ سَبْعٍ وَعَشْرِيْنَ مِنْ رَجَبٍ كَتَبَ اللّٰهُ لَهٗ صِيَامَ سِتِّيْنَ شَهْراً وَهُوَ الْيَوْمُ الَّذِيْ هَبَطَ فِيْهِ جِبْرَئِيْلُ عَلٰى مُحَمَّدٍ ﷺ بِالرِّسَالَةِ۔

**"જે રજબની ૨૭નો રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેના માટે ૬૦ મહિનાના રોઝાઓનો સવાબ લખે,** અને તે એ દિવસ છે જેમાં જિબ્રઈલ علیہ السلام મુહમ્મદ ﷺના માટે પયગંબરી લઈને નાઝિલ થયા. 'તન્ઝીહુશ્શરીઅહ્'થી 'મા ષબત બિસ્સુન્નહ્'માં છે : وَهٰذَا اَمْثَلُ مَا وَرَدَ فِيْ هٰذَ الْمَعْنٰى "આ તે સર્વ હદીષોથી બેહતર છે જે આ પ્રકરણમાં આવી."

આ સર્વ એના માટે (શબે મેઅરાજ ૨૭ રજબ તથા તેની ઈબાદતો રોઝા માટે) અસ્લ છે. અને અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઉમ્મતના ઈજમાઅ સાથે મક્બૂલ (સ્વીકાર્ય) છે. *(માખૂઝ અઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૬૫૭)*

## ★ એક બાતિલ અક્દીદાનું ખંડન ★

એવું લખવું કે, "મેઅરાજનો બનાવ નબી ﷺને પયગંબરી મળવાના પાંચ વરસો પછી બન્યો." એ વાત દેવબંદીઓના એ બાતિલ અક્દીદાને જાહેર કરે છે કે, "હુઝૂર ﷺને ૪૦મા વરસે નબુવ્વત મળી." જ્યારે કે સહીહ એ છે કે હુઝૂર ﷺ પેદાઈશી નબી છે અને આપે ઉમરના ૪૦મા વરસે નબુવ્વતનું એલાન કર્યું.

એના અનુસંધાનમાં ઘણી બધી હદીષો આવેલી છે, લખાણ ટૂંકાવવા ખાતર કેવળ બે હદીષો વર્ણન કરીએ છીએ :–

عَنْ اَبِيْ هُرَيْرَةَ قَالَ : قَالُوْا يَارَسُوْلَ اللّٰهِ مَتٰى وَجَبَتْ لَكَ النُّبُوَّةُ قَالَ وَ آدَمُ بَيْنَ الرُّوْحِ وَالْجَسَدِ۔

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે, સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ આપના માટે નબુવ્વત ક્યારે જાહેર થઈ ? તો ફર્માવ્યું, જે વખતે આદમ રૂહ તથા શરીરની દરમ્યાન હતા." *(મિશ્કાત, પેજ–૫૧૩)*

عَنِ الْعِرْبَاضِ بْنِ سَارِيَةَ عَنْ رَسُوْلِ اللّٰهِ ﷺ اَنَّهٗ قَالَ اِنِّيْ عِنْدَ اللّٰهِ مَكْتُوْبٌ خَاتِمِ النَّبِيِّنَ وَآدَمَ لَمُنْجَدِلَ فِيْ طِيْنَتِهٖ

"અરબાઝ બિન સારિયાથી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું અલ્લાહની નજીક તે વખતે પણ ખાતિમુન્નબીય્યીન હતો જ્યારે આદમ પૂતળાના સ્વરૂપમાં જમીન પર રાખેલા હતા." *(હવાલો : ઉપર મુજબ)*

ઉપરોક્ત વિગતોની રોશનીમાં ત્રણેવ સવાલોના જવાબો સ્પષ્ટ થઈ ગયા.

**લખનાર : (મુફ્તી) શમ્શાદ અહમદ મિસ્બાહી**
*(ખાદિમુલ ઈફ્તા વ તદરીસ : જામિઆ અમજદિયા રઝવિય્યહ, ઘોસી, જિ. મઊ)*

અંતમાં ગુઝારિશ છે કે, સુન્ની મુસલમાનો ! સમજો અને અદાવતે રસૂલમાં જીવતા આવા બદ્ અક્દીદાઓ સાથે શાદી, વહેવાર, મિત્રતાને ખત્મ કરો નહીં તો તમારો હશ્ર પણ તેમની સાથે જ થશે.

# હઝરત અલ્લામા ગુલામ રસૂલ સઈદી رحمۃ اللہ علیہ ચલ બસે !

**વિલાદત : ઈ.સ.૧૯૩૮, વિસાલ : ૪ ફેબ્રુ. ૨૦૧૬)**

**કાર્યાલય**

અતિશય અફસોસનાક ખબર છે, હઝરત અલ્લામા ગુલામ રસૂલ સઈ દીનો તા. ૨૪, રબીઉલ આખર હિ.સ. ૧૪૩૭ (૪–૨–૨૦૧૬)ના રોજ વિસાલે પુરમલાલ થઈ ગયો اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ આપણે પણ અલ્લાહના જ છીએ અને વિના શંકાએ આપણે એના તરફ પલટીને જવાનું છે. આપનો ઈન્તેકાલ એહલે સુન્નત જગત માટે અતિશય કરૂણ બનાવ છે. આપના ઈસાલે સવાબના માટે અનેક સ્થળોએ ઈસાલે સવાબની વ્યવસ્થા કરવામાં આવી. જામિઆ અશ્રફિયા મુબારકપુર ખાતે (દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે પણ) ઈસાલે સવાબ કરવામાં આવ્યો. ૫–૨–૨૦૧૬ જુમ્આની નમાઝ બાદ ચાર વાગ્યે પાકિસ્તાનના મશહૂર આલિમે દીન હઝરત મુફતી મુનીબુર્રહમાન સાહબે નમાઝે જનાઝાની ઈમામત ફર્માવી અને અતિશય દર્દમય હાલતમાં આ મહાન આલિમે રબ્બાનીને દફન કરી આપ્યા.

હઝરત અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ એક સામાન્ય માણસ હતા. ધીરે ધીરે જિંદગીમાં સાલેહ ઈન્કિલાબ આવ્યો. તાલીમ તથા તર્બિયતની મંઝિલોએથી પસાર થઈને આપે તદરીસ (પઢાવવા)ના ક્ષત્રે કદમ રાખ્યો. આપના શાર્ગિર્દોની સંખ્યા ઘણી જ વિશાળ છે. આપ ઈલ્મો તથા વિદ્યાકલામાં અજોડ હતા. તફસીર તથા હદીષ તારીખ તથા સિયર (ઈતિહાસ) અને તેહકીક તથા તદકીકમાં પોતાના સમયના અજોડ હતા. આપ એક ઉચ્ચ કક્ષાના વાઈઝ હતા. આપના વઅઝના સુકથનો આજે પણ લોકોના દિમાગોમાં સુરક્ષિત છે. આપ ખૂબ મહાન કલમકાર હતા. આપના લખાણોમાં દલીલો તથા સાક્ષીઓનો અંબાર રહેતો. આપે અનેક નવઉપસ્થિત મસાઈલના હલ લખેલા છે. અને જો કદી ફિક્હી નિશ્ચિત કરેલા મસાઈલમાં કોઈ અન્ય તેહકીક સામે આવી તો આપ રૂજૂઅ (પોતાની વાત પરત લેવા)માં પણ સંકોચ અનુભવતા ન હતા. આ પ્રકારના મસાઈલની પણ એક લિસ્ટ છે. આપ મુનાઝરાઓમાં પણ હમેશાં કામયાબ રહેતા અને મુકાબલામાં આવેલાને ભાગી છૂટવાનો માર્ગ શોધવા મજબૂર કરી દેતા. આપની તેહકીક તથા તેહરીર (લખાણ)માં ઉચ્ચ પહોંચ જોવા મળે છે. જયારે આપ કોઈ અર્વાચીન મસ્અલા પર પોતાની ચર્ચા નોંધ કરતા તો તેહકીકાતના દરિયા વહાવી દેતા. આપ ઝોહદો તકવામાં પણ ઉચ્ચ મકામ ધરાવતા હતા. ઈશ્કે રસૂલ અને મહબ્બતે અવલિયામાં પણ ખૂબ જ અનોખી હેસિયતના માલિક હતા. એમનો મકામ વર્તમાનકાળમાં ઘણી જ ખૂબીઓવાળો હતો. ઉચ્ચ કક્ષાના ગુણો તથા વિશિષ્ટતાઓ હોવા છતાં આજીજી તથા નમ્રતાથી ભરપૂર હતા. ઘમંડ તથા ગુરૂરથી દૂર રહેતા હતા. નમ્રતાભર્યા અખ્લાક એમના ચિંતન તથા ખયાલોમાં ઉપસી આવતા હતા. હરતાં ફરતાં બેસતાં સુન્નતે મુસ્તફા ﷺના પાબંદ હતા. સમયને વેડફવાથી હમેશાં પરહેઝ કરતા. તે પોતાની ખૂબીઓના દિલકશ પૂતળા હતા. એમનું વજૂદ વર્તમાનકાળમાં અલ્લાહ તઆલાની મહાન નેઅમત હતું. ફુરૂઈ (શાખાકીય) મસાઈલમાં મતભેદો દરેક દૌરમાં થતા રહ્યા છે, આપે પણ મસાઈલમાં મતભેદો કરેલા છે, પણ આપ દરેક મુહક્કિકના મસાઈલને ધ્યાનપૂર્વક સાંભળતા હતા. હઠ તથા હઠધર્મી એમને ત્યાં ન હતી. અન્ય મુહક્કિકોની વાતોથી આપ સંતુષ્ટ થઈ જતા તો સ્વીકાર કરી લેતા, અને જો ન થતા તો પોતાની દલીલોની રોશનીમાં પોતાના મુદ્દઆ (દાવા) પર કાયમ રહેતા.

★ **જન્મ તથા પ્રારંભિક હાલતો :-** હઝરત અલ્લામા ગુલામ રસૂલ સઈદી رحمۃ اللہ علیہ દિલ્હીના એક મોભાદાર તથા માલદાર ખાનદાનમાં ઈ.સ. ૧૯૩૮માં પેદા થયા. ત્યાં પાંચમી કક્ષા સુધી તાલીમ હાંસલ કરી. ઈ.સ. ૧૯૪૭માં જ્યારે દિલ્હીમાં હંગામાખેઝ સંજોગો ઉપસ્થિત થયા અને દિલ્હીની ભૂમી મુસલમાનો માટે તંગ થવા લાગી તો મોટી સંખ્યામાં દિલ્હી વગેરેના મુસલમાનોએ નવા દેશ પાકિસ્તાન તરફ કૂચ કરવાનું શરૂ કરી આપ્યું. એ જ દિવસોમાં આપનું ખાનદાન કરાચી પહોંચી ગયું. કરાચીમાં આપે નવમી કલાસ સુધી તાલીમ ચાલુ રાખી. ત્યારબાદ એક પ્રેસમાં નોકરી શરૂ કરી આપી. અલ્લામા સઈદી رحمۃ اللہ علیہના પિતા તથા મોટા ભાઈ ગૈર મુક઼લ્લિદ હતા. દીની માલૂમાત ન હોવા છતાં અલ્લામા સઈદીના દિલમાં ઈશ્કે રસૂલ صلی اللہ علیہ وسلمની ચિંગારીઓ હતી, જો ક્યાંકથી સલાતો સલામનો અવાજ આવતો તો આપ હાથ બાંધીને ઉભા રહેતા. નોકરી દરમ્યાન ઈ.સ. ૧૯૫૬માં આપને ક઼ાનૂની રીતે જુમ્આની નમાઝ પઢવાનો સમય મળવા લાગ્યો. આપ જે મસ્જિદમાં નમાઝે જુમ્આ અદા કરવા જતા એમાં સુન્ની ઈમામ હતા. ત્યારબાદ આપ આરામબાગ કરાચીની જામેઅ મસ્જિદમાં જુમ્આ અદા કરવા જવા લાગ્યા. સંજોગોવસાત ત્યાં અહલે સુન્નતના અઝીમ દાઈ તથા મુનાઝિર હઝરત મૌલાના મુહમ્મદ ઉમર અછરવી رضی اللہ عنہનાં બયાનો સાંભળ વાનો મોક઼ો મળવા લાગ્યો. તેમની તક઼રીરોમાં મહબ્બતે ઈલાહી તથા ઈશ્કે મુસ્તફવીનું દર્દ હતું. મતભેદોવાળા મસાઈલ પર દલીલોની ભરમાર હોતી. પહેલાં આપ તિલાવતે કુર્આને મજીદ તથા કુર્આન મજીદના તર્જુમા પ્રતિ આકર્ષિત થયા, પરંતું અફસોસ કે ઘરમાં અશરફઅલી થાનવી દેવબંદીનો તર્જુમા હતો. આપને હઝરત અલ્લામા મુહમ્મદ ઉમર અછરવીના ઈશ્ક઼ અંગેઝ બયાનોમાં જે મજા મળતી હતી તે એ તર્જુમામાં ન હતી. એક બાજુ અઝમતે મુસ્તફા તથા ઈલ્મે ગયબે મુસ્તફા صلی اللہ علیہ وسلمના દિલકશ જલ્વા હતા, જ્યારે કે એ તર્જુમામાં એ સર્વ ચીજો અદ્રશ્ય હતી. આ પ્રકારના વિરોધાભાસે આપને અંદરથી બહાર સુધી હલાવી મૂક્યા. હવે આપે કાયદેસર રીતે ઈલ્મે દીન હાંસલ કરવાનો નિશ્ચય કરી લીધો. એ જ દિવસોમાં જામિઆ મુહમ્મદિયહ રઝવિય્યહ રહીમયારખાંના વાર્ષિક ઈજલાસના પોસ્ટર પર નજર પડી. એમાં ઈલ્મે દીનના તાલિબોને ઈલ્મે દીન હાંસલ કરવાની દાવત પણ આપવામાં આવી હતી. આપ પહેલી ફુરસદમાં જામિઆ પહોંચીને એક તાલિબે ઈલ્મની હૈસિયતથી દાખલ થઈ ગયા.

હઝરત અલ્લામા સઈદી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "મેં દર્સે નિઝામીના તમામ રિવાજ મુજબના ઈલ્મો પઢયા. હદીષ તથા તફસીર અને મહાન ઉલમાની કિતાબોનો બારીક દ્રષ્ટિથી અભ્યાસ કર્યો, પણ નબી કરીમ صلی اللہ علیہ وسلمના ઈલ્મે ગયબ શરીફના ઈન્કારની કોઈ ગુંજાઈશ જોવા ન મળી."

હઝરત અલ્લામા સઈદી رحمۃ اللہ علیہએ દોઢ વરસ સુધી એક તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી)ની હૈસિયતથી એ ઈદારામાં રહ્યા. ખાસ કરીને ફાઝિલે ગિરામી હઝરત મૌલાના હાફિઝ અબ્દુલમજીદ رحمۃ اللہ علیہની ખિદમતમાં રહી ફયઝ હાંસલ કર્યો. એ દરમ્યાન જામિઆ ઈસ્લામિયા બહાવલપુરના શૈખુલ હદીષ ગિઝાલીએ દૌરા હઝરત અલ્લામા અહમદ સઈદ કાઝમી رضی اللہ عنہના દસ્તે હક્ક઼પરસ્ત પર બયઅત થયા. એ જ નિસ્બતથી આપ "સઈદી" લખે છે. ત્યારબાદ આપ જામિઆ નઈમિયા, ગઢીશાહુ–લાહોર તશરીફ લાવ્યા. હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ હુસૈન નઈમી رضی اللہ عنہથી કુત્બી, શરહે જામી અને જલાલૈન શરીફ વગેરે કિતાબો પઢયા. તલ્બીસુલ મુફતાહના અમુક સબક઼ો હઝરત અલ્લામા મુફતી

અઝીઝ અહમદ બદાયૂની رضی اللہ عنہથી પઢયા. એ દરમ્યાન આપે દારૂલ ઉલૂમ ઈમ્દાદિયા મઝહરિય્યહ બંદયાલ શરીફ, જિ. ખુશાબની ઘણી પ્રશંસાઓ સાંભળી. એ ઈદારાના શૈખુલ હદીષ મલિકુલ મુદર્રિસીન હઝરત અલ્લામા અતા મુહમ્મદ ચિશ્તી નૂરુલ્લાહ મર્કદહૂ હતા. તેમની દર્સગાહથી ફયઝ પામવાની ભૂખ જાગી અને પછી આપ ત્યાં પણ પહોંચી ગયા. એ દારુલ ઉલૂમની આર્થિક સ્થિતિ એ સમયે કમજોર હતી, પણ તાલીમી સ્થિતિ હઝરત શયખુલ હદીષના કારણે ખૂબ જ સ્ટ્રોંગ હતી. જ્યારે આપ ત્યાં પહોંચ્યા ત્યારે ત્યાં હઝરત અલ્લામા અબ્દુહકીમ શરફ કાદરી رحمۃ اللہ علیہ પણ તાલીમ હેઠળ હતા. હઝરત અલ્લામા સઈદી رحمۃ اللہ علیہના સંબંધે હઝરત અલ્લામા શરફ કાદરી رحمۃ اللہ علیہ લખે છે :

''એ દિવસોમાં લખનાર (પોતે) પણ બંદયાલ શરીફમાં તાલીમ હેઠળ હતો. એ દિવસોમાં એ તરીકો હતો કે બપોરના સમયે એક એક રોટી ફિક્સ મળતી હતી. (તે રોટી ખાસ્સી મોટી રહેતી) જેને તલબા બપોરના સમયે લસ્સીની સાથે ખાતા હતા. પણ સઈદી સાહબ માટે લસ્સી નુકસાનકારક હતી, એટલા માટે મોટાભાગે કોળિયો મોઢામાં રાખીને ઉપરથી પાણીનો ઘૂંટડો પી લેતા, અને આ રીતે પૂરી રોટલી ખાય લેતા. અને કદી કદી ચાર પૈસાનો ગોળ લઈ લેતા અને એનાથી રોટી ખાય લેતા. (અસલમાં એ સમયે બંદયાલ શરીફની આવક કાંઈ એટલી ન હતી કે તલબાની વ્યવસ્થા બેહતરીન કરવામાં આવી શકે.) *(શરહે સહીહ મુસ્લિમ, ભાગ-૧)*

ત્રણ સાડા ત્રણ વરસો સુધી બંદયાલ શરીફમાં રહ્યા. ત્યાં આપે મઅકૂલો મન્કૂલની અંતિમ કિતાબો દા.તા. કાઝી મુબારક, હમ્દુલ્લાહ, શમ્સ બાઝિગહ, સદરા, ખયાલી, હિદાયહ અખીરૈન, મિશ્કાત શરીફ, તિર્મિઝી વગેરે કિતાબો પઢી. તસ્રીહે અક્લીદસ ઉસ્તાઝુલ ઉલમા હઝરત મૌલાના વલીયુન્નબીથી પઢી અને સિરાજી હઝરત મૌલાના મુખ્તાર એહમદથી જામિઆ કાદરિયા રઝવિય્યહ લાઈલપુરમાં પઢી. આ પ્રમાણે ઘણી મહેનતપૂર્વક રિવાજ પ્રમાણે ચાલતા ઈલ્મો ફઝ્લની પરિપૂર્ણતા કરી.

હઝરત અલ્લામા ગુલામરસૂલ સઈદી رحمۃ اللہ علیہ લખે છે : ''આ લગભગ ૧૯૬૨ની વાત છે જ્યારે હું ઉસ્તાઝુલ અસાતેઝા હઝરત મૌલાના અતા મુહમ્મદ બંદયાલવી رحمۃ اللہ علیہથી પઢવા માટે બંદયાલ શરીફ ગયેલો હતો. ત્યાં હું હઝરત મૌલાના અબ્દુલ હકીમ શરફ કાદરી رضی اللہ عنہથી ઓળખાણ પામ્યો અને તેમનો હમ જમાઅત હોવાનો શરફ હાંસલ થયો. અમારા બંનેના સ્વભાવ તથા દિમાગી ખયાલો ખૂબ જ મળતા જુલતા હતા જેથી ખૂબ જ જલ્દી અમે બંને એકબીજાથી હરી મળી ગયા.'' વધુમાં લખે છે :

''(હઝરત અલ્લામા શરફ કાદરી رضی اللہ عنہ)'' આ નકામા ફકીરને પણ પ્રોત્સાહિત કરતા હતા અને કહેતા હતા, જો તમો આવી રીતે નહીં લખો તો હું તમને રોયલ્ટી આપીને લખાવીશ. તે ન જાણે કેટલાયે ઉલમાએ અહલે સુન્નતની કોશિશોને પ્રકાશિત કરી ગયા. આજે એવા લોકો ક્યાં ?! આજે આવું મસ્લકનું દર્દ રાખનાર અમલોથી સજ્જ ક્યાંથી લાવશો ?'' *(અશ્શરફ, શરફે મિલ્લત નંબર, લાહોર, ઓક્ટો. ૨૦૦૭, પેજ-૧૧૪,૧૧૫)*

**★ તદરીસી તથા તબ્લીગી ખિદમતો :** ફરાગત પછી આપ ઈ.સ. ૧૯૬૬ના પ્રારંભમાં જામિયા લાહોરમાં મુદર્રિસ નિયુક્ત થયા. લાંબા અરસા પછી આપ દારૂલ ઉલૂમ નઈમિયા કરાચી ચાલ્યા ગયા. ત્યાં જિંદગીના અંતિમ શ્વાસ સુધી આપ શયખુલ હદીષ રહ્યા.

હઝરત અલ્લામા સઈદી رحمۃ اللہ علیہ ઉચ્ચ કોટીના મુહદ્દિષ તથા મુફસ્સિર અને સમયના અજોડ ઉસ્તાદ હતા. આપના શાગિર્દોની સંખ્યા પણ વિશાળ છે.

આપ એક મહાન વાઈઝ તથા મુનાઝિર પણ હતા. ઝોહદ તથા પારસાઈ (પાકીઝગી) ઈલ્મ તથા તક્વો આપના જીવનનાં અનિવાર્ય અંગો હતાં. સદાકત (સચ્ચાઈ) તથા દિયાનત (પ્રમાણિકતા) આપના જીવનનાં મહેકતાં ફૂલો હતાં. એ જ ગુણો તથા કલામોએ આપને સામાન્યતઃ અવામ તથા ખાસ લોકોમાં અતિશય મક્બૂલ કરી આપ્યા. આપના બયાનોમાં બજારૂ મુકર્રિરો જેવો રંગ ઢંગ ન હતો, બલ્કે ઈલ્મો તથા વિદ્યાકલાઓનો મોજા મારતો સમુદ્ર જોવા મળતો. તે જે વિષય પર પણ બયાન કરતા હતા તે વિષયનો હક્ક અદા કરી આપતા હતા. આપે કેટલીક વાર કામયાબ મુનાઝરાઓ પણ કર્યા છે. ઈ.સ. ૧૯૬૬માં હલકા ગઢીશાહુમાં એક વહાબીએ મહફિલે મીલાદ ﷺના આયોજન પર સખત શબ્દોમાં ટીકા કરી અને વાત મુનાઝરા સુધી પહોંચી ગઈ. એહલે સુન્નતના મુનાઝિર મોલ્વી અબ્દુલ કાદિર રોપળી નિશ્ચિત થયા. વહાબી મુનાઝિરે કહ્યું કે જો મીલાદ શરીફ સારું કામ હોત તો હુઝૂર ﷺ જરૂરથી કરત. એનો અર્થ એ છે કે મીલાદ શરીફ સારુ કામ નથી. એના બાદ હઝરત અલ્લામા સઈદી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું : "કુર્આને કરીમને નબી ﷺએ એકત્ર કર્યું ન હતું. તમારા કૌલના પ્રમાણે આ કામ સારુ ન થયું. જો કે શૈખૈન કરીમૈન હઝરત અબૂબક્ર સિદ્દીક તથા ઉમર ફારૂક رضی اللہ عنہماએ આ કામ અંજામ આપ્યું હતું. એનો અર્થ એ થયો કે હઝરાત શૈખૈન કરીમૈને સારુ કામ નથી કર્યું, અને આ સહાબાએ કિરામની તૌહીન તથા બેઅદબી છે, જેથી આ વાતને પરત લો. આ સખત પકડ પર રોપળીએ ભર્યા મજમામાં કુર્આન શરીફ ઉઠાવીને ઈન્કાર કરી આપ્યો કે મેં આ વાત કહી નથી. આ રીતે એણે ભરી મહેફિલમાં હારનો સામનો કરવો પડયો.

બીજીવાર ૧૦ નવેમ્બર ઈ.સ. ૧૯૬૯માં મહોલ્લા તૌહીદગંજ લાહોરમાં દેવબંદી મોલ્વી રોપળી સાથે ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ પર મુનાઝરો થયો. આપે وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ હેઠળ મશહૂર ગૈર મુકલ્લિદ નવાબ સિદ્દીક હસન ભોપાલીની ઈબારત (લખાણ) તફસીરુલ બયાનથી પેશ કરી. રોપળી મોલ્વી લાજવાબ થઈને ભાગી છૂટયા. અને આપને આ મહાન કામયાબી હાંસલ થઈ. આ પ્રમાણે આપે અન્ય પણ કામયાબ મુનાઝરા કર્યા :–

★ **તસ્નીફો તહકીકાત (લેખન તથા સંશોધન)** : હઝરત અલ્લામા ગુલામ રસૂલ સઈદી رحمۃ اللہ علیہ અન્ય ઈલ્મો વિદ્યાર્થીઓની સાથે ઉચ્ચ કક્ષાના મુહક્કિક હતા. આપના લખાણોમાં ઈલ્મી ચર્ચાઓની ભરમાર હોય છે આપે જિંદગીમાં હજારો પેજીસો લખ્યા. તેમના લેખનનો અંદાઝ આ પ્રમાણે હતો : પ્રથમ કુર્આન મજીદથી દલીલ રજૂ કરતા, ત્યારબાદ હદીષ, આષાર તથા તાબઈના કથનો રજૂ કરતા. પછી ચારેવ ઈમામોનાં કથનો નકલ કરતા. ત્યારબાદ હનફી ફિકહ પર વિસ્તારપૂર્વક ચર્ચા રજૂ કરતા અને તેની અગ્રતા માટેની દલીલો રજૂ કરતા. અર્વાચીન મસાઈલમાં આપની તેહકીકો મુહક્કિકોના માટે સદીઓ સુધી દીવાદાંડીની હેસિયત ધરાવે છે. નીચેના લખાણમાં અમો અમુક કિતાબોનું વર્ણન કરીએ છીએ.

★ **તવઝીહુલ બયાન લિખઝાઈનુલ ઈર્ફાનઃ** મશહૂર દેવબંદી આલિમ મુહમ્મદ સરફરાઝખાન સફદર ગોખરવીએ સદરુલ અફાઝિલ સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન પર ૧૩ વાંધાઓ રજૂ કર્યા હતા. અલ્લામા સઈદી رحمۃ اللہ علیہએ દરેક વાંધાના જવાબમાં એક વિસ્તારપૂર્વક પ્રકરણ લખ્યું. આ કિતાબ પાકિસ્તાન તથા હિંદુસ્તાનથી વિવિધવાર પ્રકાશિત થઈ ચૂકી છે. એના પ્રસિધ્ધ થવાના ૧૪ વરસો પછી રસફરાઝ ગોખરવીએ એના એક પ્રકરણનો જવાબ "ઈતમામે બુરહાન"ના નામથી લખ્યો. અલ્લામા સાહબે "મકામે વિલાયત વ નબુવ્વત"ના નામથી એનો જવાબ લખ્યો જે અનેકવાર પ્રકાશિત થઈ ચૂક્યો છે.

★ **ઝિક્ર બિજ્જહર** : બુલંદ અવાજથી ઝિક્ર કરવાના જાઈઝ હોવા પર તથા પસંદીદા હોવાના સંબંધે આપે ઝિક્ર બિજ્જહર'' લખી. ગોખળવીએ એના જવાબમાં ''ઈખ્ફાઉઝ્ઝિક્ર'' લખી. આપે એના જવાબમાં ''ઝિક્ર બિજ્જહર''નો બીજો ભાગ લખ્યો. આ બંનેવ હિસ્સા વિવિધ વાર છપાઈ ચૂક્યા છે.

★ **તઝકેરતુલ મુહદ્દિષીન** : આ કિતાબમાં ચારેવ ઈમામો અને સિહાહ સિત્તહના લેખકો અને એમની કિતાબોનું વિગતવાર વર્ણન છે. આ કિતાબ પાકિસ્તાન તથા હિંદુસ્તાનથી સતત છપાતી રહે છે.

★ **તારીખે નજ્દો હિજાઝ** : આ કિતાબમાં મક્કા તથા મદીનામાં મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહહાબ નજદીના વહાબી ધર્મના છવાય જવાનો વિગતવાર ઈતિહાસ છે. અમુક કારણોને લઈને આ કિતાબ અલ્લામા સાહબે મુફતી અબ્દુલ કૈયૂમના નામથી પ્રકાશિત કરાવી હતી. મૌલાના મુહમ્મદ અશરફ સિયાલવી લખે છે : ''વધુ વિગત જાણવા માટે ''તારીખે નજદો હિજાઝ'' લેખક અલ્લામા ગુલામ રસૂલ સઈદી رحمۃ اللہ علیہનો અભ્યાસ કરશો'' *(ગુલશને તૌહીદો રિસાલત, પેજ–૩૯)*

★ **મકાલાતે સઈદી** : આ કિતાબમાં આપના વિવિધ વિષયે લેખો છે.

★ **શરહે મુસ્લિમ શરીફ** : ઈ.સ. ૧૯૮૬માં આપે આ કિતાબની શરૂઆત કરી અને ઈ.સ. ૧૯૯૪માં એને સંપૂર્ણ કરી. આ કિતાબની સાત જાડી જિલ્દો છે અને સંયુક્ત રીતે આ કિતાબ આઠ હજારથી વધુ પેજીસ પર આધારિત છે. અત્યાર સુધી આ કિતાબના ઘણા બધા એડિશન પ્રકાશિત થઈ ચૂકેલ છે. હિંદમાં પણ પ્રથમવાર જામિયા અશરફિયા–મુબારકપુરથી પ્રસિધ્ધ થયેલ છે. અહીં ''શરહે મુસ્લિમ''ની અમુક વિશિષ્ટતાઓ રજૂ કરીએ છીએ :–

**૦૧.** સર્વ હદીષોનો બામુહાવરા સાદી ભાષામાં ઉર્દૂ તર્જુમો.

**૦૨.** હદીષના શબ્દો પર એઅરાબની વ્યવસ્થા. સ્પષ્ટતા પાત્ર શબ્દોની શબ્દકોશ થકી તેહકીક તથા શરઈ સ્પષ્ટતા.

**૦૩.** દરેક પ્રકરણના હેઠળ હદીષોની ટૂંકમાં સ્પષ્ટતા, જેથી પઢવાવાળાના દિમાગમાં સંબંધિત પ્રકરણના વિશે એક સંક્ષિપ્ત નકશો આવી જાય, અને ચર્ચાનો વિષય નિશ્ચિત થઈ જાય.

**૦૪.** ઉસૂલે હદીષની રોશનીમાં હદીષો પર ફન્ની ચર્ચા અને નુકાતની નિશાનદેહી.

**૦૫.** હદીષના મુન્કિરોની શંકાઓના જવાબો પર દલીલોનો અંબાર.

**૦૬.** હનફી ફિકહ થકી દલીલો અને એની અગ્રતાની દલીલો.

**૦૭.** ચારેવ ઈમામોના મઝહબનું બયાન, પછી દરેકની દલીલોનો ઉલ્લેખ, એના પર છાનબીન અને મઝહબે હનફીની અગ્રતા અને એની હિકમતોનું વર્ણન.

**૦૮.** અહલે સુન્નતના વિરોધીઓના ખયાલોનું વર્ણન, તેમની રદ, ઈખ્તેલાફી મસાઈલમાં લખાણનો ઈલ્મી અંદાઝ.

**૦૯.** અનેક ફિકહી મસાઈલની તેહકીક, એના પર ઈલ્મી રિવ્યુ અને નિર્ણયાત્મક ચર્ચાઓ.

**૧૦.** પૂરી કિતાબ ઈલ્મ તથા તેહકીકી મેટર પર આધારિત હોવા છતાં સરળ સાદુ બયાન તથા અદીબાના (સાહિત્યિક) તર્ઝે તહરીર (લેખન શૈલી)થી સજ્જ તથા અતિશય આકર્ષક.

★ **તફસીરે તિબ્યાનુલ કુર્આન** : ઈ.સ. ૧૯૯૪માં આપે આ તફસીરને લખવાની શરૂઆત કરી અને ઈ.સ. ૨૦૦૬માં બાર જાડી જિલ્દોમાં

સંપૂર્ણ કરી. આ તફસીર પણ લગભગ બાર હજાર પેજીસો પર આધારિત છે. એની ઘણી એડિશનો અત્યાર સુધીમાં છપાઈ ચૂકી છે.

**★ નેઅમતુલ બારી ફી શરહે સહીહુલ બુખારીઃ**

એની પ્રથમ સાત જિલ્દો "નેઅમતુલ બારી"ના નામથી ફરીદ બુક સ્ટોર–લાહોરે પ્રસિધ્ધ કરી. ઈ.સ. ૨૦૦૯માં પ્રથમવાર પ્રસિધ્ધ થઈ.

**★ તફસીરે તિબ્યાનુલ ફુર્કાન :–** તિબ્યાનુલ કુર્આન પછી તફસીરે તિબ્યાનુલ ફુર્કાન લખવાનો સબબ એ છે કે તફસીરે તિબ્યાનુલ કુર્આનમાં આપે ઈમામ રાઝીની તફસીરે કબીરથી ફાયદો લીધો અને તિબ્યાનુલ ફુર્કાનમાં ઈમામ અબૂ મન્સૂર માતુરીદીની તફસીર તાવીલાતે અહલે સુન્નત તથા હનફી મુફસ્સિરોથી ફાયદો મેળવેલ છે. તફસીરે તિબ્યાનુલ ફુર્કાનમાં આપે અમુક આઝાદ માનસના લેખકોનો પીછો કર્યો છે, જેમ કે સર સૈયદ અહમદખાન, ગુલામ અહમદ પરવેઝ, અમીન અહસન ઈસ્લાહી, જાવેદ અહમદ ગામડવી, અબુલ આલા મૌદૂદી અને ડો. મુહમ્મદ શકીલ ઓજ વગરે. અને ઈસ્લામના મુસ્લિમ ખયાલોની વિરૂધ્ધ જે એ લોકોના ખયાલો છે તેમનો દલીલો સાથે ભરપુર રદ કર્યો છે. તફસીરે તિબ્યાનુલ ફુર્કાનમાં કુર્આન મજીદનો તર્જુમો તિબ્યાનુલ કર્આનમાં કરેલ તર્જુમાથી ખૂબ જ સરળ તથા સાદો છે. ઈન્શાઅલ્લાહ ! આ તફસીર છ જિલ્દોમાં સંપૂર્ણ થશે. એની પ્રથમ જિલ્દ અત્યારે વાંચકોના હાથોમાં છે.

ખુશીનો મકામ છે કે આપની શખ્શિયત તથા ફિક્ર પર આલમે ઈસ્લામમાં સતત કામ ચાલી રહ્યું છે

અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ છે કે તે પોતાના ફઝ્લો કરમથી આપની દીની તથા ઈલ્મી ખિદમતોને કબૂલિયતનો શરફ અતા ફર્માવે, આપને જન્નતુલ ફિરદૌસમાં બુલંદતરીન મકામ અતા ફર્માવે અને પાછળ રહેલાઓને સબ્ર તથા શુક્રની તૌફીકથી સરફરાઝ ફર્માવે. (આમીન)

*–(અશફિયા–મુબારકપુર, માર્ચ–૨૦૧૬)*


## મદ્રસ–એ–ખદીજતુલ કુબ્રામાં ચોથો જશ્ને રિદાએ કિરાઅત અને ફઝીલત

૨૪ ફેબ્રુઆરી ૨૦૧૬ બુધવારના દિવસે મદ્રસ–એ–ખદીજતુલ કુબ્રામાં ચોથો જશ્ને રિદાએ કિરાઅત તથા ફઝીલત શાનો શૌકતની સાથે યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ઔરતોએ હાજરી આપી. હમ્દ, નઅત, સવાલો જવાબની મેહફિલ અને મુબલ્લિગાતના બયાનાત પછી ૬૬ તાલિબાતને રિદાએ કિરાઅત અને ૩૧ તાલિબાતને રિદાએ ફઝીલતથી નવાઝવામાં આવી હતી.

ઈશાની નમાઝ બાદ મર્દોનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેની સરપરસ્તી પીરે તરીકત હઝરત સૈયદ આલે મુસ્તફા ઉર્ફે દાદબાપુ કાદરી (જાફરાબાદ), સદારત પીરે તરીકત અલ્લામા ગુલ્ઝાર અહમદ સાહેબ નૂરી (જુનાગઢ)એ ફર્માવી હતી. જ્યારે કયાદત મદ્રસાના બાની તથા નાઝિમે આ'લા ખલીલ એહમદ સાહેબ સાબરીએ કરી હતી અને નિઝામતના ફરાઈઝ હઝરત મુફતી મુહમ્મદ અશરફ સાહેબ બુર્હાનીએ અંજામ દીધા હતા.

પ્રોગ્રામની શરૂઆત હાફિઝ મુહમ્મદ રફીક સાહેબની તિલાવતથી થઈ. સાયરે ઈસ્લામ કારી સૈયદ હામિદ રઝા સાહેબએ પોતાની સૂરીલી આવાઝથી નાતિયા ખિરાજે અકીદત પેશ કર્યો. આ મૌકા પર પીરે તરીકત સૈયદ હાશ્મી મિયાં ઉર્ફ પીરબાપુ (ઉના)એ એક ટૂંકી પણ જામેઅ તકરીર ઈસ્લાહે મુઆશરા પર પેશ ફર્માવી. મુકર્રિરે ખુસૂસીના સ્થાને ખતીબે હિંદુસ્તાન મુફતી શહરયાર આલમ સાહબે ઈસ્લામ અને સાયન્સના વિષય પર લાજવાબ અને માહિતિસભર ખિતાબ કર્યો હતો. છેલ્લે આ લખનારે આભાર વિધિ અને મૌલાના શબ્બીર સાહેબએ સલાતો સલામ પેશ કર્યા. પ્રોગ્રામની પૂર્ણાહુતિ મુફતી એહમદ રઝા સાહેબ નિઝામીની પૂરસોઝ દુઆઓથી થઈ હતી.

*ખાદિમ મદ્રસાએ ખદીજતુલ કુબ્રા :* **મુહમ્મદ નૌશાદ આલમ મિસ્બાહી અઝહરી–પ્રભાસપાટણ**




## :: શાદી મુબારક ::

**બારસ્કા :** (તા. હાલોલ) મુકામે મકરાણી હાજી સાદાતઅલી શમ્સુદ્દીન (મુબલ્લિગ સુલ્તાન રઝાના સસરા)ના નેક ફરઝંદ મુહમ્મદઝુબૈરના નિકાહ અબ્દુર્રઝ્ઝાક હુસૈનઅલી મકરાણીની નેક દુખ્તર તન્વીરજહાં સાથે તા. ૨૧–૨–૨૦૧૬ રવિવારે ઝહોર બાદ વચ્છેસર મુકામે થયા. આ મુબારક અવસર નિમિત્તે સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા તા. ૧૯–૨–૨૦૧૬ જુમ્આની ઈશા બાદ યોજાયો જેમાં જનાબ કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ મધુર અવાજમાં કિરાઅત પેશ કર્યા પછી નઅતોના ગુલદસ્તા પેશ કરી મજમાને ફયઝયાબ કર્યો હતો. છેવટમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાને ગૌષે આ'ઝમ رضی اللہ عنہમાં શાનદાર બયાન કર્યું હતું. ઘણા સાદાતે કિરામ, હુફ્ફાઝ, તંત્રી : બરકાતે ખ્વાજા તથા હાફિઝ અ.રહીમ બરકાતી વગેરે સહિત ઘણા મુબલ્લિગોએ હાજરી આપી હતી.

**હલદરવા :** (તા. કરજણ) ખાતે હાજી ઈકબાલ ઈસપ બોરીવાલાના નેક ફરઝંદ અવેસ કરનીની નિકાહખ્વાની તા. ૨૧–૨–૨૦૧૬, ૧૨ રબિઉલ આખર હિ. ૧૪૩૭ રવિવારે ટંકારીઆ મુકામે થઈ.

*ઉપરોક્ત સર્વે દુલ્હા દુલ્હન તથા બંને પક્ષના કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં બંને પક્ષના કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓ નસીબ ફર્માવે.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક (દયાદરા)*

## ઈન્તેકાલ પુરમલાલ

**જામનગર :** ખાતે અમારા મુહિબ્બે ગિરામી બરકાતે ખ્વાજા (માસિક) તેમજ અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)ના નિઃસ્વાર્થ સફીર જનાબ અ. રઝઝાક કાસમાણીના અહલિયા મોહતરમા શેરબાનુનો ૪૦ વરસની વયે ટૂંકી માંદગી બાદ ઈન્તેકાલ તા. ૧–૩–૨૦૧૬ના રોજ મંગળવારે થયો છે, મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૫૦૧/– મળ્યા છે. જઝાકલ્લાહ !

**ચિકાગો (અમેરિકા) :** દારુલ ઉલૂમ થામના જોઈન્ટ સેક્રેટરી અલ્હાજ ઈબ્રાહીમ ઉમરજી પટેલ (નમાજી) તા. ૧૬–૧–૨૦૧૬ શનિવારના રોજ ટૂંકી માંદગી બાદ અમેરિકા ખાતે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ હાજી ઈબ્રાહીમભાઈ દારુલ ઉલૂમની સ્થાપ્નાકાળ ઈ.સ. ૧૯૬૮થી લઈને છેવટ સુધી જોઈન્ટ સેક્રેટરીનું પદ સંભાળી દારુલ ઉલૂમ માટે સલાહ સૂચનો, સ્કૂલ માટે મશવેરો આપતા હતા અને સાથે જ પોતાની શક્તિ પ્રમાણે દારુલ ઉલૂમને મદદ કરતા, કરાવતા હતા. મર્હૂમ હાજી ઈબ્રાહીમભાઈ મિલનસાર સ્વભાવ સાથે સોમો સલાતના પાબંદ નરમ મિજાઝ હતા. મર્હૂમ હાજી વલીભાઈ ગોરજીની સાથે રહી દારુલ ઉલૂમ થામને વેગવંત બનાવવા માટે મર્હૂમ ઈબ્રાહીમભાઈનો સારો સાથ સહકાર મળતો હતો.

**ઉધના :** ખાતે તા. ૮/૩/૨૦૧૬ મંગળવારના રોજ "બરકાતે ખ્વાજા"ના સભ્ય વડોદરાના સામાજિક કાર્યકર જનાબ મુહમ્મદ હુસૈન મલેક (મોન્ટુ મલેક)ના સાસુ અમ્મા મર્હૂમા મહેરૂન્નિસા સિકંદરમિયાં મલેક ઉધના સૂરત ખાતે ટૂંકી માંદગી બાદ ઈન્તેકાલ ફર્માવી ગયા. મર્હૂમાના ઈસાલે સવાબ માટે "બરકાતે ખ્વાજા" (માસિક)ને મુહમ્મદહુસૈન મોન્ટુ મલેક તરફથી રૂા. ૨૦૦/– લિલ્લાહ ઈમ્દાદ મળેલ છે. સાથે સાથે "બરકાતે ખ્વાજા" (માસિક)ના દરેક વાંચક મિત્રોને મર્હૂમાની બખ્શિશ માટે દુઆની ગુઝારિશ કરેલ છે.

**દયાદરા :** ખાતે અમીના ઈબ્રાહીમશા દિવાનનો તા. ૧–૩–૨૦૧૬ મંગળવારે ઈન્તેકાલ થયો છે તેમજ તા. ૧૭–૩–૨૦૧૬ જુમેરાતના રોજ આઈશા મૂસા સાલેહનો ૯૦ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

**ભરૂચ :** (સકર તળાવ) મુકામે તારીકભાઈ શેખ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)ના દાદા ગુલામમુહમ્મદ અ. કરીમ શેખનો ૯૧ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)*

## જુનાગઢમાં જશ્ને ગૌષુલવરા رضی اللہ عنہ

જુનાગઢ સુન્ની બોરવાડ યંગ ગૃપ દ્વારા સુન્ની બોરવાડ મસ્જિદ પાસે હુઝૂર પીરાને પીર رضی اللہ عنہની યાદમાં તા. ૩૧–૧–૨૦૧૬, રવિવારે રાત્રે પીરે તરીકત, ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યા, નૂરીયા–જુનાગઢ)ની ઝેરે સદારત શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં રાત્રે ઈશાની નમાઝ બાદ રાજસ્થાનના પ્રખર વક્તા હઝરત અલ્લામા કારી મુહમ્મદ શાકિરુલ કાદરી–ઉદયપુર તથા હઝરત મુફતી હઝરત હસીબુર્રહમાન સાહબ (જુનાગઢ)એ શાનદાર તકરીર ફર્માવી હતી. અંતમાં સલાતો સલામ–દુઆ પર જલ્સો ખત્મ થયા બાદ ન્યાઝ જમાડવામાં આવી.

## કુરચણમાં સુન્ની ઈજતેમા

**કુરચણ** : તા. ૧૫–૩–૨૦૧૬ મંગળવાર ઈશાબાદ વિશાળ મેદાનમાં **"શાને મુસ્તફા** صلی اللہ علیہ وسلم **કોન્ફ્રન્સ"**ના બેનર હેઠળ **'સુન્ની દા'વતે ઈસ્લામી'**નો શાનદાર ઈજતેમા સાદાતે કિરામ તથા ઉલમાની સદારતમાં મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ભરૂચ શહેર)ની નિઝામત હેઠળ યોજાયો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબે નબી પાક صلی اللہ علیہ وسلمની મુબારક આંખોના કમાલનું કુર્આન હદીષની રોશનીમાં વર્ણન કરી અઝમતે મુસ્તફા صلی اللہ علیہ وسلم પર ઈમાન અફરોઝ વર્ણન કરીને, "હુઝૂર صلی اللہ علیہ وسلمને દીવાલ પાછળની ખબર નથી" કહેનારા વહાબી દેવબંદી વગેરે બદ્અકીદાઓની સચોટ રદ કરી હતી. મોકાસર ખ્વાજા ગરીબ رحمۃ اللہ علیہની શાન વર્ણવીને આજકાલના ફાઈવ સ્ટાર જૂઠા સૂફીઓની પણ રદ કરી હતી. તેમજ આંખને હુઝૂર صلی اللہ علیہ وسلمના આશિકો બુરાં દશ્યો, નામેહરમ ઔરતોને તાકવાથી બચાવે એવી તાકીદ ફર્માવી અસરકારક ઈસ્લાહ કરી હતી. શરૂઆતમાં જનાબ કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કિરાઅત, નઅત, પેશ કરી મજમાને ફયઝયાબ કર્યો હતો તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પણ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. અંતમાં સલાતો સલામ તથા દુઆ પર ઈજતેમા ખત્મ થયો હતો.


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ** **સ્પે. કાશ્મીર પ્રવાસ**

આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લકઝરી બસ દ્વારા

**:: બસ ઉપડશે ::**
**તા ૧૪/૦૫/૨૦૧૬, શનિવારે સાંજે ૪.૦૦ કલાકે**

**પ્રવાસના સ્થળો** : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, આગ્રા, ફતેપુરસિક્રી, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, કલીયર શરીફ, દિલ્હી, જયપુર મીરાંદાતાર પરત ધોળકા

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૧૦,૦૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૭ |

(૧) આદર્શ હોટલ પાસે, સામરખા ચોકડી, આણંદ (૨) તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ)

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૨૭૧૭૪૦૦૨

LTC પ્રવાસ | **Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)** | LTC પ્રવાસ

**નોંધ** : **૧.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવી શકાશે. **૨.** રૂા. ૧૫૦/– ગાઈડ ફી તથા યાત્રીવેરો વિગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૩.** એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગ આપવાના રહેશે. **૫.** તા. ૨૦–૦૫–૨૦૧૬ અને તા. ૨૫–૫–૨૦૧૬ ના રોજ સવારની ચા સ્વખર્ચે રહેશે. **૬.** ૩૧–૫–૨૦૧૬ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે.